GJSR010037552015

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૨૩/૦૨/૨૦૧૫ |
| દાખલ તારીખ | : | ૨૩/૦૨/૨૦૧૫ |
| ફેંસલ તારીખ | : | ૦૬/૦૬/૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ ૧૧, માસ ૦૩, દિવસ ૧૪ |
| આંક | : | |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A અન્વયેના નોટિફિકેશન નં.સી-૨૦૦૧-૯૩, તારીખ ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પફોર્મા મુજબ.**

**સેશન્સ કેસ નંબર-૨૮/૨૦૧૫.**

**ફોર્મ- "એ"**

**મે. સુરતના અધિક સત્ર ન્યાયાધીશ (વિનોદ વી. પરમાર) શ્રીની કોર્ટ સમક્ષ, સુરત.**

**ચુકાદા તારીખઃ૦૬/૦૬/૨૦૨૬**

**સેશન્સ કેસ નંબર-૨૮/૨૦૧૫.**
[સલાબતપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ.નં.૨૩૯/૨૦૧૩]

| | | |
|---|---|---|
| **ફરિયાદી.** | | **શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)** ફરિયાદી-તસ્લીમબેન તે અબ્બાસભાઈ હુસેનભાઈ વોરાની પત્ની. |
| ફરિયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટર. | | **શ્રી એમ.કે.બ્રહ્મભટ્ટ.** |
| **આરોપીઓ** | ૧. | **હોજેફા ઝાકીરભાઈ વોરા,** ઉં. ૩૧ વર્ષ, ધંધોઃ નોકરી, રહેવાસીઃ ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદર મીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત. |
| | ૨ | **શકીનાબેન તે ઝાકીરભાઈ વોરાની પત્ની,** |

| | | |
|---|---|---|
| | | ઉં. ૫૫ વર્ષ, ધંધોઃ ઘરકામ, રહેવાસીઃ ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદર મીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત. |
| | ૩ | **બતુલ તે સૈફુદ્દીન કાસીદની પત્ની,** ઉં. ૨૭ વર્ષ, ધંધોઃ ઘરકામ, રહેવાસીઃ ઘર નં.૭, પ્લોટ નં.૫૩, દાઉદનગર, ઉધના, સુરત. |
| આરોપીઓ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિ.વકીલ | | **શ્રી પી.ટી.રાણા** |

**<u>ફોર્મ– “બી"</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | સદર ગુનાની ફરિયાદ આપ્યા તારીખ ૨૨/૧૨/૨૦૧૩ ના બે વર્ષ પહેલાંથી. |
| એફ.આઈ.આર.ની તારીખ | ૨૨/૧૨/૨૦૧૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૬/૦૩/૨૦૧૪ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૦૯/૦૬/૨૦૧૬ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૬/૦૧/૨૦૧૭ |
| જે તારીખે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે, તે તારીખ | ૧૮/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૬/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઈ હોય તો | – |

**આરોપીઓની વિગત**

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુનાનો આરોપ મૂકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | ફો.કા.સં. કલમ– ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હોજેફા ઝાકીરભાઈ વોરા | ૨૨/૧૨/૧૩ | ૦૩/૦૩/૧૪ | ભારતીય દંડ સંહિતાની કલમ– | નિર્દોષ | આખરી હુકમ મુજબ | ૦૦ વર્ષ ૦૨ માસ ૦૯ દિવસ |
| ૨ | શકીનાબેન | ૨૩/૧૨/૧૩ | ૦૬/૦૧/૧૪ | | નિર્દોષ | આખરી | ૦૦ વર્ષ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | તે ઝાકીરભાઈ વોરાની પત્ની | | | ૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબ. | | હુકમ મુજબ | ૦૦ માસ ૧૪ દિવસ |
| ૩ | બતુલ સૈફુદ્દીન કાસીદની પત્ની | ૨૩/૧૨/૧૩ | ૦૧/૦૧/૧૪ | | નિર્દોષ | આખરી હુકમ મુજબ | ૦૦ વર્ષ ૦૦ માસ ૦૯ દિવસ |

## <u>ફોર્મ–સી</u>

## (એ) <u>ફરિયાદપક્ષ તરફે મૌખિક પુરાવા</u>

| **સાહેદ નંબર** | **આંક** | **સાહેદનું નામ** | **વિગત** |
|---|---|---|---|
| ૧ | ૧૫ | રામુભાઈ મગનભાઈ ખત્રી | મરણ જનારના કપડા કબજે કર્યાનું પંચનામું (આંક–૧૬) ના પંચ સાહેદ **(વિમુખ)** |
| ૨ | ૧૭ | ઐયુબ યુસુફ પટેલ | મરણ જનારના કપડા કબજે કર્યાનું પંચનામું (આંક–૧૬) ના પંચ સાહેદ **(વિમુખ)** |
| ૩ | ૧૯ | મુસ્તુફાભાઈ મોઈજીભાઈ | બનાવવાળી જગ્યાનું પંચનામું (આંક–૨૦) ના પંચ સાહેદ **(વિમુખ)** |
| ૪ | ૨૧ | યુનુશભાઈ ફીદાહુસેન | બનાવવાળી જગ્યાનું પંચનામું (આંક–૨૦) ના પંચ સાહેદ |
| ૫ | ૨૨ | ડૉ.ઉમેશભાઈ બળદેવભાઈ ચૌધરી | શબ પરીક્ષણ કરનાર તબીબ |
| ૬ | ૨૬ | તસ્લીમ અબ્બાસભાઈ વોરા | ફરિયાદી/મરણ |

| | | | |
|---|---|---|---|
| | | | જનારના માતા |
| ૧૦ | ૩૩ | શબ્બીરભાઈ સાદીકઅલી બદાણી | ફરિયાદીના બનેવી |
| ૧૧ | ૩૫ | અબ્બાસ હુશેનભાઈ વોરા | મરણ જનારના પિતા |
| ૧૨ | ૩૭ | ફાતેમા અબ્બાસ વોરા | મરણ જનારના બહેન |
| ૧૩ | ૪૦ | નરેશકુમાર મનસુખભાઈ કણઝરીયા | ફરિયાદીની ફરિયાદ લખનાર પોલીસ સાહેદ |
| ૧૪ | ૪૫ | PSI રાજેન્દ્રભાઈ દિનેશભાઈ ચૌહાણ | અકસ્માત મોતના ગુનાની પ્રાથમિક તપાસ કરનાર પોલીસ સાહેદ |
| ૧૫ | ૫૫ | PSI વિશાલ ક્રિષ્ણાકાંત ગોલવેલકર | ત.ક.અમલદાર/ ચાર્જશીટ કરનાર પોલીસ સાહેદ |

**(નોંધઃ–** આ કેસનું રેકર્ડ તથા પ્રોસીડીંગ્સ ધ્યાને લઈ એવી સ્પષ્ટતા કરવામાં આવે છે, મારા પુરોગામી ન્યાયધીશશ્રી સમક્ષ સાહેદ નં. ૬ થી તસ્લીમ અબ્બાસભાઈ વોરાને તપાસ્યા બાદ સાહેદ નં. ૭ થી ૯ સુધીથી કોઈને તપાસવામાં આવેલ નથી અને સાહેદ નં. ૬ બાદ જે સાહેદ ને તપાસવામાં આવેલા તેને સાહેદ નંબર ૭ આપવાના બદલે સાહેદ નં.૧૦ આપી સાહેદ નં. ૧૦થી શબ્બીરભાઈ સાદીકઅલી બદાણીને તપાસવામાં આવેલ છે. આમ સાહેદ નં. ૦૭ થી ૦૯ સુધીમાં કોઈપણ સાહેદોને તપાસવામાં આવેલા નથી,આ અંગે વિધ્વાન એપીપીશ્રી દ્વારા આંક ૭૧થી પુરશીશ પણ રજુ કરેલ છે અને બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીએ જરૂરી શેરો કરેલ છે.)

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.

## (એ) <u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવા</u>

| **અનુક્રમ નંબર** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧ | ૧૬ | મરણ જનારના કપડા કબજે કર્યાનું પંચનામું. |

| | | |
|---|---|---|
| ૨ | ૧૮ | ઈન્કવેસ્ટ પંચનામું. |
| ૩ | ૨૦ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૪ | ૨૩ | લાશનું શબ પરીક્ષણ કરવા બાબતની પોલીસ યાદી |
| ૫ | ૨૪ | પી.એમ.નોટ |
| ૬ | ૨૫ | કોઝ ઓફ ડેથ સર્ટિફિકેટ |
| ૭ | ૨૭ | ગુનાની ફરિયાદ |
| ૮ | ૨૮ થી ૩૧ | મરણ જનાર જૈનબના હસ્તાક્ષરવાળા કાર્ડ અને કાગળો. |
| ૯ | ૩૬ | મરણ જનાર જૈનબના હસ્તાક્ષરવાળી છ અલગ અલગ કાગળની કાપલીઓ. |
| ૧૦ | ૪૧ | સુચિપત્ર. |
| ૧૧ | ૪૬ | એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પરીક્ષણ કરી અભિપ્રાય આપવા બાબતે લખેલ યાદી. |
| ૧૨ | ૪૭ | એફ.એસ.એલ. અધિકારીએ આપેલ સ્થળ પરીક્ષણ અહેવાલ. |

બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલ નથી.

## મુદ્દામાલ પાવતી, તારીખ ૨૨/૧૨/૨૦૧૩ ની વિગત

| અનુક્રમ નંબર | આર્ટિકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | એક સાત ફૂટનો બાંધણી ડીઝાઈનવાળો છીંકણી કલરનો દુપટ્ટો જે મરણ જનારનો છે અને મરણ જનારે તેના વડે પંખા સાથે લટકી ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ છે. |

## મુદ્દામાલ પાવતી, તારીખ ૨૨/૧૨/૨૦૧૩ ની વિગત

| અનુક્રમ નંબર | આર્ટિકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૨ | મરણ જનારની લાશ ઉપરથી કબજે કરેલ આસમાની કલરનું ડીઝાઈનવાળું ટોપ જે કાપેલી હાલતમાં છે. |
| ૨. | ૩ | મરણ જનારની લાશ ઉપરથી કબજે કરેલ સફેદ ડીઝાઈનવાળો કોટનનો દુપટ્ટો જે કાપેલી હાલતમાં છે. |
| ૩. | ૪ | મરણ જનારની લાશ ઉપરથી કબજે કરેલ એક સફેદ કોટનની પેન્ટી કાપેલ હાલતમાં છે. |
| ૪. | ૫ | મરણ જનારની લાશ ઉપરથી કબજે કરેલ એક વ્હાઈટ કલરની બ્રા જે કાપેલી હાલતમાં છે. |
| ૫. | ૬ | મરણ જનારની લાશ ઉપરથી કબજે કરેલ એક ઈનર સફેદ કલરનો પટ્ટાવાળો ફાટેલ છે. |

**ગુનો:** **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબનો.**

## –// ચુ કા દો //–

**૧)** આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ છે.

**૨)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદીએ તારીખ ૨૩/૧૨/૨૦૧૩ ના રોજ સદર ગુનાની ફરિયાદ આપેલી છે. આ કામના ફરિયાદી ફરિયાદમાં જણાવેલ સરનામે તેમના પરિવાર સાથે રહે છે અને ઘરકામ કરે છે તથા તેમના પતિ સુરેન્દ્રનગર ખાતે "હુસેની પ્રોવિઝન સ્ટોર્સ" નામની કરિયાણાની દુકાન ચલાવી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં બે દીકરીઓ તથા એક દીકરો છે, જેમાં સૌથી મોટી દીકરી જૈનબ, ઉં.વ. ૨૨ ની છે, જેણે ધોરણ બાર પાસ કરેલ છે, તે પછી દીકરી ફાતિમા, ઉં.વ. ૨૦ ની જે કોલેજમાં અભ્યાસ કરે છે અને તે પછી એક દીકરો શોએબ, ઉં.વ. ૧૫ નો જે નવમાં ધોરણમાં અભ્યાસ કરે છે. તેમની મોટી દીકરી જૈનબના લગ્ન તા.૧૧/૦૪/૨૦૧૦ ના રોજ તેમના

સમાજના રીત–રિવાજ મુજબ તેમની બહેન ફરીદાબેનના સાસરીવાળા સંબંધી ઝાકીરભાઈ ના દીકરા હોઝેફા સાથે સુરત મુકામે થયેલ હતા અને તેમની દીકરી તેના પતિ અને સાસુ–સસરા સાથે સુરત ખાતે રેશમવાડ ખાતે બાબાભાઈ ગાદલાવાળાની સામે ઝટપટ મીઠાઈવાલાની ગલીમાં અલઅમન એપાર્ટમેન્ટ ખાતે રહેતા હતા અને તેમની દીકરી જૈનબની નણંદ નામે બતુલ અવાર–નવાર અઠવાડીયામાં તેમની દીકરી જૈનબના ઘરે આવ–જા કરતી હતી અને તેમની દીકરીને કોઈને કોઈ બહાને ધમકાવતી હતી તથા ઝઘડો કરતી હતી અને આ બાબતે જૈનબના સાસુ પણ સાથ આપતા હતા જે બાબતે તેમને ટેલિફોનથી જાણ કરેલ હતી તથા તેમની નણંદ જેનું નામ પણ જૈનબ છે, જે ઉધના ખાતે રહે છે, તેને પણ તેમની દીકરીએ ઉપરોકત આ ત્રાસ અંગે વાત કરેલ હતી. ઓગસ્ટ–૨૦૧૩ માં તેમની દીકરી તેમના ઘરે આવેલ અને સાતેક દિવસ રહેલ તે વખતે તેમના જમાઈનો તેમની દીકરી ઉપર ફોન આવેલ અને જણાવેલ કે, "તુ જલદીથી સુરત આવી જા નહિ તો હું મરી જઈશ." વિગેરે મતલબની ધમકી આપેલ, જેથી તેમણે તેમની દીકરીને પૂછતા તેમની દીકરીએ તેમને જણાવેલ કે ''મારા પતિ મારા ઉપર શક વહેમ રાખે છે અને મને કયાંય એકલી બહાર જવા દેતા નથી અને મારા સાસુ તથા નણંદ પણ મને ઘરકામ બાબતે મહેંણા ટોણા મારે છે અને બધુ કામ મારી એકલી પાસે જ કરાવે છે." વિગેરે વાત કરેલ પરંતુ તેનો સંસાર ન તૂટે તેથી તેમણે તેને સમજાવેલ હતી અને ત્યારબાદ તેમની દીકરી પાછી સુરત જતી રહેલ. તારીખ ૨૧/૧૨/૨૦૧૩ ના રોજ સવારના આશરે દસેક વાગેના સમયે તેમની દીકરી ફાતિમા ના મો. નં. ૭૪૦૫૩ ૫૬૬૧૩ ઉપર તેમની દીકરી જૈનબ નો મોબાઈલ ફોન આવેલ અને તેણીએ રોતા–રોતા જણાવેલ કે, "મારી સાસુ અને નણંદ મને ખૂબ જ હેરાન કરે છે અને હવે હું બહુ જ કંટાળી ગયેલ છું અને મારી પતિને પણ આ અંગે મેં વાત કરતા તેઓ પણ તેમને સાથ આપે છે અને મને એકલી બહાર ક્યાંય જવા દેતા નથી અને ઘરકામ બાબતે કચકચ કર્યા કરે છે. વિગેરે વાતો કરી મમ્મીને જણાવજે કે, હોઝેફા સાથે ટેલિફોન ઉપર વાત કરે." વિગેરે વાત કરેલ પરંતુ તેમની દીકરી ફાતિમા તેમને આ બાબતની

જાણ કરવાનું ભૂલી ગયેલ અને સાંજના આશરે સાતેક વાગે દરમ્યાન આ ઉપરોક્ત વાત મને જણાવેલ હતી. આ વાત તેઓએ તેમના પતિ અબ્બાસભાઈને કરવાની હતી તેટલામાં તેઓ દુકાનેથી ઘરે આવી જતાં જેમણે તેમને દીકરી જૈનબ સુરતમાં સિરીયસ છે અને આપણે તાત્કાલિક સુરત જવું પડશે તેમ જણાવતાં તેઓ તથા તેમના પતિ અને બહેન નફીસાબેન અને તેમના ઘરવાળા મોઈઝભાઈ નાઓ તાત્કાલિક ખાનગી વાહન કરી સુરત જવા નિકળેલા અને સવારે સુરત આવી જતા તેમના પતિએ તેમને દીકરી જૈનબે ઘરમાં દુપટ્ટા વડે પંખા સાથે લટકી ગળે ફાંસો ખાઈ લેતાં મરી ગયેલ હોવાનું જણાવેલ હતું અને તેની લાશ નવી સિવિલ હોસ્પિટલમાં છે, તેવું કહેલ. જેથી તેમની દીકરી જૈનબને છેલ્લા બે વર્ષથી તેની નણંદ બતુલ અને તેની સાસુ શકીનાબેન નાઓએ ભેગા મળી ઘરકામ બાબતે મ્હેણાટોણાં મારી માનસિક ત્રાસ આપી તેમજ તેના પતિ હોઝેફાએ તેમની દીકરી જૈનબને અવારનવાર શક–વહેમ રાખતા આવેલ હોય અને ઘરની બહાર ક્યાંય એકલી જવા દેતા ના હોય જેથી તેમની દીકરીથી આ માનસિક ત્રાસ સહન ના થતાં તેને કારણે તેમની દીકરી જૈનબે ગઈકાલે કંટાળીને તેના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધેલ હોય, જે ગુના બાબતે ફરિયાદીએ ફરિયાદ આપતા સલાબતપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ.નં. ૨૩૯/૨૦૧૩ થી ગુનો નોંધવામાં આવેલ.

આમ, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, મરણ જનારને સદર ગુનાની ફરિયાદ આપ્યા તારીખ ૨૨/૧૨/૨૦૧૩ નાં છેલ્લાં બે વર્ષથી ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદરમીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત ખાતે ઘરકામ બાબતે મ્હેણાટોણાં મારી, માનસિક ત્રાસ આપી તેમજ મરણ જનારના પતિ અવારનવાર શક–વહેમ રાખતા આવેલ હોય અને ઘરની બહાર એકલી ન જવા દઈ માનસિક ત્રાસ આપેલ, જેથી મરણ જનારથી માનસિક ત્રાસ સહન ન થતાં પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હોય, આ કામના આરોપીઓએ મરણ જનારને માનસિક ત્રાસ આપી શક–વહેમ રાખી મરવા

તરફ દુષ્પ્રેરિત કરી, મરવા માટે મજબૂર કરી, ગળે ફાંસો ખાઈ મરણ જઈ, **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલા છે.

**૨.૧)** આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોય, આરોપીઓ વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે સુરતના વિ.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (પ્રથમ) કોર્ટ ખાતે ચાર્જશીટ રજૂ કરેલ. જે ફોજદારી કેસ નંબર–૧૮૭૯૬/૨૦૧૪ થી રજિસ્ટરે લીધા બાદ આરોપીઓને તેમની વિરુદ્ધના કેસ કાગળોની નકલો પૂરી પાડવામાં આવેલ; ત્યાર બાદ આરોપીઓએ ખાનગી વકીલ રોકી પોતાનો કાનૂની બચાવ કરવા માંગતા હોવાનું જાહેર કરેલ. આરોપીઓ વિરુદ્ધના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ફક્ત સત્ર ન્યાયાલયને હોઈ, સુરતના વિ.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ (પ્રથમ) કોર્ટે આરોપીઓ સામેનો કેસ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે તારીખઃ ૨૧/૦૯/૨૦૧૪ ના રોજ સેશન્સ કમિટ કરતાં, તે અત્રેની અદાલતમાં **સેશન્સ કેસ નં.૨૮/૨૦૧૫** થી નોંધવામાં આવેલ અને ત્યાર બાદ મે.પ્રિન્સિપાલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબ, સુરતના હુકમ અન્વયે આ કેસની ઈન્સાફી કાર્યવાહી અત્રેની અદાલતમાં ચલાવવામાં આવેલ છે.

**૩)** સદરહુ કામે આરોપીઓ વિરુદ્ધ તત્કાલિન વિ.બીજા અધિક સેશન્સ જજશ્રીની કોર્ટ દ્વારા તારીખ ૦૯/૦૬/૨૦૧૬ ના રોજ આંક–૬ થી **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના આક્ષેપિત ગુના સંબંધેનું નીચે મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલું.

"તમો આરોપીઓએ છેલ્લાં બે વર્ષથી તા.૨૨/૧૨/૧૩ સુધીમાં ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદરમીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત ખાતે ભેગા મળીને મરણ જનારને છેલ્લા બે વર્ષથી ઘરકામ બાબતે મ્હેણાટોણાં મારી, માનસિક ત્રાસ આપી તેમજ મરણ જનારના પતિ અવારનવાર શક–વહેમ રાખતા આવેલ હોય અને ઘરની બહાર એકલી ન જવા દઈ માનસિક ત્રાસ આપી અને મરણ જનારથી માનસિક ત્રાસ સહન ન થતાં પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ અને તમો આરોપીઓએ મરણ જનારને માનસિક ત્રાસ આપી શક–વહેમ રાખી મરવા તરફ દુષ્પ્રેરિણ આપી ઈ.પી.કો. ક. ૩૦૬, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય તમો આરોપી વિરુદ્ધ સદર ગુના વિરુદ્ધની કાર્યવાહી ચલાવવાનો આ અદાલત આદેશ આપે છે."

તત્કાલિન વિ.બીજા અધિક સેશન્સ જજશ્રીની કોર્ટે ઉપરોકત વિગતેનું તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવી ફરમાવતા આરોપીઓ દ્વારા સદરહુ ગુનો કબૂલ કરવાનો ઈન્કાર કરવામાં આવેલ છે. આરોપીઓને પોતાના બચાવ માટે સ્વખર્ચે વકીલ રોકવા છે કે સરકારી ખર્ચે વકીલ રોકવા માંગે છે તે અંગે પૃચ્છા કર્યા બાદ આરોપીઓ દ્વારા સ્વખર્ચે વકીલશ્રી રોકવાનું જણાવતા તેમની અનુક્રમે આંક–૭, ૮, ૯ થી પ્લી રેકર્ડ કરેલ. જેથી તેઓની સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

આ કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતાં આ કેસમાં ફરિયાદ પક્ષના તમામ સાહેદોનો પુરાવો પૂર્ણ થયા બાદ આરોપીઓનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ હેઠળ નિવેદન નોંધાય ગયા બાદ પક્ષકારોના વિ.વ.શ્રીની દલીલો સાંભળવાના તબક્કે હાલનો સેશન્સ કેસ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈને આવેલ છે. આ કેસના ચાર્જશીટના પેપર્સ ધ્યાને લેતાં તપાસ કરનાર અધિકારી દ્વારા આઈ.પી.સી. કલમ–૪૯૮(એ) મુજબના ગુનાનો કોઈ ચાર્જ, ચાર્જશીટમાં દર્શાવેલ નથી. તે જ રીતે, આ કામમાં આંક–૬ થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તા.૦૯/૦૬/૨૦૧૬ ના રોજ જે તહોમતનામું ફરમાવેલ તેમાં પણ આઈ.પી.સી. કલમ–૪૯૮(એ) નું કોઈ તહોમત મૂકેલ ન હતું. આ અદાલતે આઈ.પી.સી. કલમ–૪૯૮(એ) ના ગુનાની વિગતવાર ચર્ચા કરેલ છે. વધુમાં, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–

૨૨૨ મુજબ આરોપી વિરુદ્ધ કોઈ ગુનાનું તહોમત મૂકેલ હોય પરંતુ અમુક હકીકતોના આધારે તે ગુનાને નાનો ગુનો બનાવતો હોય તો તેવા નાના ગુનાનું તહોમત મૂકેલ ન હોય તો પણ તે ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય છે. આ કેસમાં આઈ.પી.સી. કલમ–૩૦૬ ના ગુનાનું તહોમત ફરમાવેલ છે. જેમાં મહત્તમ સજાની જોગવાઈ ૧૦ વર્ષ સુધીની છે. પરંતુ આ કેસમાં આઈ.પી.સી. કલમ–૪૯૮(એ) ના ગુનાનું કોઈ તહોમત ફરમાવેલ નથી અને કાયદા મુજબ આ ગુના માટે મહત્તમ સજાની જોગવાઈ ૩ વર્ષ સુધીની છે. આ સંજોગોમાં સમગ્ર ટ્રાયલ પૂરી થયા બાદ દલીલના તબક્કે ફરીથી નાના ગુના માટેનું તહોમત ફરમાવવું જરૂરી જણાતું ન હોય, તેથી દલીલના આખરી તબક્કે આઈ.પી.સી. કલમ–૪૯૮(એ) નું તહોમત ફરમાવેલ નથી પરંતુ આઈ.પી.સી. કલમ–૪૯૮(એ) મુજબનો ગુનો કયા સંજોગોમાં બની શકે અને કયા સંજોગોમાં તે પુરવાર થાય તે અંગે આ અદાલતે હવે પછી નીચે તેની વિગતે ચર્ચા કરેલ છે.

**૪)** ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફેના ઉપરોકત ફોર્મ–"સી" મુજબના સાક્ષીઓનો મૌખિક પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. ત્યાર બાદ ફરિયાદ પક્ષ તરફે પુરાવો પૂરો થયાની **આંક–૫૬** થી પુરસીસ રજૂ થતાં ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

**૫)** આમ, ફરિયાદ પક્ષનો લેખિત તેમજ મૌખિક પુરાવો પૂરો થતાં આરોપીઓની વિરુદ્ધ જે પુરાવો પડેલ છે તે અંગે આરોપીઓને બચાવ તથા ખુલાસાની યોગ્ય અને વ્યાજબી તક મળી રહે તે માટે આરોપીઓનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, તેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષના મૌખિક પુરાવાને નકારી કાઢેલ છે. આ કામના આરોપીઓને બચાવના સાહેદ તપાસવા છે કે સોગંદ ઉપર પુરાવો આપવો છે, તેવું પૂછતાં તેઓએ ઈન્કાર કરેલ છે અને વિશેષમાં આરોપીઓએ જણાવેલ છે કે, "અમો નિર્દોષ છીએ. અમોએ કહેવાતો કોઈ ગુનો કરેલ ન

હોવા છતાં પોલીસે અમોને આ ગુનામાં ખોટી રીતે સંડોવી દીધેલ છે."

૬) પુરાવાના અંતે ફરિયાદપક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસીક્યૂટરશ્રી એમ.કે.બ્રહ્મભટ્ટે તેવી દલીલો કરેલી કે, આ કામે આરોપીઓ સામે આંક–૦૬ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને તે મુજબ આ કામના હાલના આરોપીઓએ ગુજરનારને અસહ્ય માનસિક ત્રાસ આપી, આત્મહત્યા કરવામાં મદદગારી કરેલ છે, તેવો આક્ષેપ છે. જે ગુનો પ્રસ્થાપિત કરવા માટે ફરિયાદ પક્ષ તરફથી ૧૨ સાહેદો તપાસવામાં આવેલા છે તેમજ જુદા–જુદા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે. આ કામે ગુજરનારનું મૃત્યુ એ આત્મહત્યા હોવાનું પી.એમ. કરનાર તબીબ–ડૉ.ઉમેશભાઈ બળદેવભાઈ ચૌધરીના આંક–૨૨ વાળા પુરાવાથી પુરવાર થાય છે અને ગુજરનારનું મૃત્યુનું કારણ ગળું દબાવવાથી શ્વાસ રૂંધાવાના કારણે થયેલ હોવાની હકીકત પુરવાર થાય છે. આ કેસમાં ફરિયાદી તથા પરિવારના અન્ય સભ્યોએ કેસને સમર્થનકારી પુરાવો પૂરો પાડેલ છે. એટલું જ નહીં, આરોપીઓના ત્રાસના કારણે ગુજરનારે આત્મહત્યા કરી છે, તેવું તપાસ કરનાર અને અન્ય પોલીસ સાહેદોના પુરાવા ઉપરથી પણ ફરિયાદ પક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ છે. આમ, રેકર્ડ પરના પુરાવાઓથી ફરિયાદ પક્ષનો હાલના આરોપીઓની વિરુદ્ધમાં કેસ પુરવાર થાય છે, તેથી આરોપીઓને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવા માંગણી કરેલ છે.

૭) બચાવ પક્ષ તરફેના વિ.વ.શ્રીએ પોતાની રજૂઆતમાં જણાવેલ છે કે, આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના આક્ષેપો પૂરતું આંક–૬ નું તહોમતનામું ફરમાવવામાં આવેલું છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના મરણ જનારને આરોપીઓ દ્વારા માનસિક ત્રાસ આપી, મરણ જનારને મરવા માટે દુષ્પ્રેરણ કરેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

મેડીકલ પુરાવો જોતાં આ કામના મરણ જનાર ગળે ફાંસો ખાઈને મરણ ગયેલ છે. પરંતુ કયા કારણસર તેણી મરણ ગયેલ છે, તેવી કોઈ હકીકત ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. ફરિયાદ પક્ષે રજૂ થયેલ પંચનામાના પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો રજૂ કરેલ નથી અને વિમુખ જાહેર થયેલ છે. તેવા સંજોગોમાં હાલના આરોપીઓ દ્વારા કોઈ પણ જાતનો ગુનો કરેલ હોવાનું ફરિયાદ પક્ષ દ્વારા શંકાથી પર રહીને સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય, જેથી આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા જણાવેલ છે. વધુમાં બચાવ પક્ષના વિ.વ.શ્રીએ તેમની દલીલના સમર્થનમાં જુદા–જુદા ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

૮) ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ મૌખિક તેમજ લેખિત પુરાવા ધ્યાનમાં લેતાં તથા ઉભય પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની દલીલો ધ્યાનમાં લેતાં તથા કેસની હકીકત અને સંજોગો ધ્યાને લેતાં સદર કેસના આખરી નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–/ <u>મુદ્દા</u> /–**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામે મરણ જનારનું મૃત્યુએ અકુદરતી મૃત્યું હતુ?

૨. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, મરણ જનારને સદર ગુનાની ફરિયાદ આપ્યા તારીખ ૨૨/૧૨/૨૦૧૩ નાં છેલ્લાં બે વર્ષથી ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદરમીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત ખાતે ઘરકામ બાબતે મ્હેણાટોણાં મારી, માનસિક ત્રાસ આપી તેમજ મરણ જનારના પતિ અવારનવાર શક–વહેમ રાખતા આવેલ હોય અને ઘરની બહાર એકલી ન જવા દઈ માનસિક ત્રાસ આપેલ, જેથી મરણ જનારથી માનસિક ત્રાસ સહન ન થતાં પોતાના ઘરમાં પંખા

સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હોય, આ કામના આરોપીઓએ મરણ જનારને માનસિક ત્રાસ આપી શક–વહેમ રાખી મરવા તરફ દુષ્પ્રેરિત કરી, મરવા માટે મજબૂર કરી, ગળે ફાંસો ખાઈ મરણ જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના કરેલા છે?

૩. શું હુકમ?

૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારાત્મક.

૨. નકારાત્મક.

૩. આખરી હુકમ મુજબ.

**–/ <u>કા ર ણો</u> /–**

**<u>મુદ્દા નંબર–૧.</u>**

**૧૦)** સદર કામે ગુજરનાર જૈનબ તે હોઝેફા વોરાની પત્નીનું જે મોત નિપજેલ છે તે આકસ્મિક છે કે આત્મહત્યા કરેલ છે તે પડેલ પુરાવાનું મૂલ્યાંકનના આધારિત પ્રથમ નકકી કરવું જરૂરી બની રહે છે. કારણ કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ ના ગુના માટે મરનારે આત્મહત્યા કરેલ હોય અને તે આત્મહત્યા કરવા માટે તેઓને કોઈએ દુષ્પ્રેરણ કરેલ હોય તે હકીકત ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરવાની રહે છે. આ કામે મુદ્દા નંબર–૧ ના નિર્ણય માટે ફરિયાદ પક્ષે સાહેદ નં.૫ તરીકે શબ પરીક્ષણ કરનાર તબીબ–ડૉ. ઉમેશભાઈ બળદેવભાઈ ચૌધરીને આંક–૨૨ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લાં સાડા ત્રણ વર્ષથી સિવિલ હોસ્પિટલમાં મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તારીખ ૨૨/૧૨/૨૦૧૩ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે મદદનીશ પો.કમિશનર, 'સી' ડિવિઝનનાઓની યાદી લઈ કીરીટભાઈ બકલ નં ૧૧૬ સલાબતપુરા પો.સ્ટે.નાઓ શબ પરીક્ષણ માટે એક સ્ત્રીનું શબ લઈને

આવેલ હતા. તેઓ પોલીસ યાદી તેમજ ઈન્કવેસ્ટ પંચનામું પણ સાથે લાવેલા હતા. વધુમાં સદર સાહેદ આંક–૨૩ થી રજૂ પી.એમ.માટેની પોલીસ યાદી જોઈને તેમાં રીસીવ્ડ કર્યા બાબતની માર્જીન વિભાગમાં પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, સદર શબ એક સ્ત્રી જૈનમ હોજેફા વોરા, ઉં.આ. ૨૧ વર્ષ, રહે. ૧૦૪, બદરીપેલેસ, સલાબતપુરા, સુરતનું હતું. તેણીનું પી.એમ. તેમણે તથા તેમની સાથેના પેનલ ડૉ.ભરત પટેલનાઓએ કરેલું. સદર શબ પરીક્ષણ તા.૨૨/૧૨/૧૩ ના રોજ બપોરે ૧૨–૪૦ કલાકે શરુ કરી બપોરે ૧–૪૦ કલાકે પૂર્ણ કરેલું. તે લાશનું બાહ્ય પરીક્ષણ કરતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી.

બાહ્ય પરીક્ષણ :

તે લાશ એક મુસ્લિમ સ્ત્રીની હતી, તેની ઉંમર આશરે ૨૧ વર્ષ હતી, તેણે ગ્રે સલવાર તથા વ્હાઈટ પેટીકોટ પહેરેલા હતા તથા તેણીએ સમીઝ પહેરેલ હતું, નીકર એમ્બ્રોડરીવાળી પહેરેલી હતી, તેણીના કપડાની ડાબી બાજુએ ઉપરની સાઈડમાં લાળની હાજરી હતી, શરીર ઉપર ઓળખના ચિન્હોમાં નાભિના જમણી સાઈડમાં એક તલ હતો અને બીજો તલ જમણા પગના ઘુટણના ભાગે હતો. તેણીની શારીરિક રચના સામાન્ય હતી. તે શબ ઠંડુ પડી ગયેલ હતું અને શરીર ઉપર રાઈગર મોટીશની હાજરી હતી તેમજ પી.એમ. લીવીડીટી ચહેરા ઉપર, છાતીની દિવાલ ઉપર અને બન્ને હાથ–પગના પ્રેશરના એરિયા સિવાયના વિસ્તારમાં હતી. લાશનું મોં બંધ હતું. આંખો બંધ હતી. બન્ને આંખમાં ટેકીનોઈડ હતું. બાહ્ય જનેન્દ્રીય ઉપર કોઈ ઈજા ન હતી તેમજ કોઈ મળ બહાર આવેલ ન હતું. ગળાના આગળના ભાગે લીગેચર માર્ક હતું, જેના ઉપર આછા પસરકા હતા, જે ત્રાંસો લીગેચર માર્ક હતો, જે ગળાના આગળના ભાગે જતો હતો. તે લીગેચર માર્ક ૩.૫ x ૧૮ સે.મી. સાઈઝનો હતો તેમજ દાઢીથી ૪ સે.મી. નીચે કાનની બૂટની નીચે, કાનની બૂટથી આગળ જઈને ૧.૫ સે.મી. સુધી હતો. વાળના પાછળના ભાગે ન હતો. સદર ઈજા મરણ પહેલાંની હતી.

આંતરિક તપાસ :

તે શબની આંતરિક તપાસ કરતાં માથામાં અને ખોપરીમાં કોઈ ઈજા કે ફ્રેકચર ન હતું. મગજના અવયવો અને મગજ કન્જસ્ટેડ હતા, છાતીની પાંસળીઓ ફેફસાં ઈન્ટેક હતા અને કોઈ ઈજા ન હતી. શ્વાસનળી ઉપર લોહીના રક્તકણ બહાર આવી ગયેલ હતા. ડાબું અને જમણું ફેફસું લાલાશ પડતું અને ફૂલી ગયેલું હતું. હૃદયનું આવરણ ઈન્ટેક હતું અને હૃદયનો અર્ધો ભાગ અંશતઃ લોહીથી ભરાયેલ હતું તેમજ લોહી લીકવીફાઈ થઈ ગયેલું હતું. પેટ અને પેટની દિવાલ ઉપર કોઈ ઈજા ન હતી અને કોઈ અસામાન્ય લોહી ન હતું. અન્નનળી, હોજરીમાં કોઈ ઈજા ન હતી તથા કન્જસ્ટેડ હતા. હોજરીમાં પચેલો ખોરાક હતો. નાના આંતરડામાં પચેલ ખોરાક હતો તેમજ મોટા આંતરડામાં ગેસ અને ફ્યુટન મેટર હતું. યકૃત, બરોળ અને મૂત્રપિંડ કન્જેસ્ટેડ હતા. મૂત્રાશયમાં ૫૦ એમ.એમ. જેટલો પેશાબ હતો. જનેન્દ્રીય ઉપર કોઈ ઈજા ન હતી તેમજ ગર્ભાશયમાં કોઈ ગર્ભ ન હતો, મરણનો સમય ખોરાક લીધાના બે થી ત્રણ કલાક પછીનો હતો. કરોડરજ્જુમાં કોઈ ઈજા ન હતી કે કોઈ અસ્થિભંગ ન હતો. અને તેઓ બન્ને પેનલ ડૉકટરના અભિપ્રાય મુજબ મૃત્યુનું કારણ હેંગીંગના કારણે શ્વાસ રુંધાવાથી થયેલું હતુ. સદર પી.એમ. નોટ તેમણે તેમના હસ્તાક્ષરમાં તૈયાર કરેલ હતી, જે આંક–૨૪ વાળી પી.એમ. નોટ જોઈને સદર સાહેદ તેમાં તેમની સહી તેમજ તેમની હોસ્પિટલના સહી–સિકકા હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ પી.એમ. કર્યા બાદ ફાઈનલ કોઝ ઓફ ડેથ સર્ટિ. તેઓ બન્ને ડૉકટરોએ તૈયાર કરેલું. જે આંક–૨૫ વાળું કોઝ ઓફ ડેથ સર્ટિ. જોઈને તેમાંના હસ્તાક્ષર તેમના હોવાનું અને તેમાં તેમની તેમજ ડૉ.ભરત પટેલની સહી તેમજ તેમની હોસ્પિટલના સહી–સિકકા હોવાનું જણાવી ઓળખી બતાવે છે. તેઓ બન્ને ડૉકટરોના સંયુક્ત અભિપ્રાય મુજબ મરણનું કારણ હેંગીંગના કારણે શ્વાસ રુંધાવાથી થયેલું હતું.

વધુમાં સદર સાહેદની આરોપીઓ તરફેના વિ.વ.શ્રીએ ઊલટ તપાસ કરેલ છે, તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેમની પાસે શબ સાથે ઈન્કવેસ્ટ પંચનામુ તથા પોલીસ યાદી રજૂ થયેલ. તેમણે પી.એમ. કરતાં પહેલાં યાદી તથા ઈન્કવેસ્ટ પંચનામું વાંચેલું. એ વાત ખરી છે કે, ઈન્કવેસ્ટ

પંચનામામાં તે સ્ત્રીનું મૃત્યુ કેવી રીતે થયેલું તે જણાવવામાં આવેલું હતું. એ વાત ખરી નથી કે, ઈન્કવેસ્ટ પંચનામા મુજબ પી.એમ. નોટ તૈયાર કરેલી.

આમ, લાશનું શબ પરીક્ષણ કરનાર ડૉકટર સાહેદની સમગ્ર જુબાની વંચાણે લેતાં મરણ જનારને થયેલ ઈજાઓ કોલમ નં.૧૭ ધ્યાને લેતાં મૃત્યુ પહેલાંની ઈજાઓ હતી. જે ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નિપજાવવા માટે પૂરતી હતી. આ સંજોગોમાં ઈન્કવેસ્ટ પંચનામું, પી.એમ.નોટમાં દર્શાવ્યા મુજબ મરણ જનારનું મૃત્યુ ગળું દબાવાથી શ્વાસ રૂંધાવાના કારણે થયેલ હોવાનું જણાવેલ છે. આ કામમાં આત્મહત્યાના કારણોસર મૃત્યુ થયેલ હોવાનું ડૉકટરશ્રી તથા પી.એમ.રિપોર્ટ તથા ઈન્કવેસ્ટ પંચનામાથી પુરવાર થાય છે. બચાવ પક્ષ ગુજરનારનું મૃત્યુ આત્મહત્યા નહીં પરંતુ ગુજરનારનું મૃત્યુ કુદરતી થયેલ હોય અથવા અન્ય રીતે થયેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલા નથી. જેથી **મુદ્દા નંબર–૧** નો જવાબ "**હકારાત્મક**" આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૨ –**

**મુખ્ય સાહેદોનો પુરાવોઃ–**

**૧૧)** આ કામે ફરિયાદ પક્ષના મહત્વના સાહેદ ફરિયાદી/મરણ જનારના માતા–તસ્લીમ અબ્બાસભાઈ વોરાને સાહેદ નં.૬ તરીકે આંક–૨૬ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના પરિવારમાં તેમના પતિ, બે દીકરી અને એક દીકરો છે. તેમની મોટી દીકરીનું નામ જૈનબ અબ્બાસભાઈ હતું. તેના લગ્ન તારીખ ૧૧/૪/૧૧ ના રોજ સુરત મુકામે ઝાકીરભાઈના દીકરા હોજેફા સાથે થયેલા. લગ્ન બાદ તે રેશમવાડ, ઝટપટ મીઠાઈવાલાની ગલીમાં, તેણી તેના સાસરામાં રહેતી હતી, તેણીને સાસરામાં તેના પતિ, સાસુ–સસરા સાથે રહેતા હતા અને તેણીની નણંદ નામે બટુલ ઉધના ખાતે રહે છે, તે અવરનવર તેમની દીકરીના સાસરે આવતી જતી હતી. તેમની દીકરી જૈનબ તા. ૨૧/૧૨/૧૩ ના રોજ ગુજરી ગયેલ છે. તેમની દીકરી જૈનબને લગ્ન બાદ તેણીના સાસુ શકીનાબેન અને નણંદ કામકાજ બાબતે હેરાન કરતા હતા અને મહેણાટોણાં મારતા હતા. જૈનબના પતિ હોજેફા તેની ઉપર શક રાખતા હતા અને તેણીને કોઈ જગ્યાએ

એકલી જવા દેતા ન હતા, આ હકીકત તેમની દીકરી તેઓને અવરનવર ફોન ઉપર કહેતી હતી પરંતુ તેઓ તેને સમજાવતા હતા કે સંસારમાં આવું નાનું મોટું થયા કરે. તેમની દીકરી પોણા બે વર્ષમાં તેમના ઘરે ચાર–પાંચ વખત જ આવેલ હતી. ઓગસ્ટ–૨૦૧૩ માં તેમની દીકરી ફાતીમાં ઉપર જૈનબનો ફોન આવેલ કે, "મારી સાસુ અને નણંદ મને અવરનવર મહેણાંટોણાં મારી હેરાન કરે છે." અને તે વાત તેમની દીકરીએ જમાઈ હોજેફાને કરેલ હતી. પરંતુ હોજેફા તેની બહેન અને માતાને સાથે આપતા હતા. ઓગસ્ટ–૨૦૧૩ માં તેમની દીકરી તેમના ઘરે પંદરેક દિવસની રજા લઈને એટલે કે સાસરે સુરાવ ખાતેથી પંદરેક દિવસ રહેવા માટે રહેવા આવેલી હતી અને સાત દિવસમાં તેમની દીકરી તેમના ઘરે હતી ત્યારે જમાઈ હોજેફાનો ફોન આવી ગયેલો કે, "તુ ઘરે આવી જા, નહીં તો હું મરી જઈશ." જેથી તેમની દીકરીને તેમણે સમજાવીને મોકલી દીધેલી. ત્યારબાદ તા.૨૧/૧૨/૧૩ ના રોજ સવારે દશ વાગે તેમની દીકરી ફાતેમા ઉપર તેમની દીકરી જૈનબનો ફોન આવેલો કે, "મમ્મી કયાં છે" ત્યારે ફાતીમાએ જણાવેલ કે, નમમ્મી બહાર ગયા છે." ત્યારે જૈનબે જણાવેલ કે, "મારા સાસુ અને નણંદ મને મ્હેણાટોણા મારે છે અને હેરાન કરે છે તો તુ આ વાત મમ્મીને કહેજે કે હોજેફાને ફોન કરી વાત કરે." ફાતીમાં આ ફોન બાબતે તેમને વાત કરવાનું ભૂલી ગયેલી. ત્યારબાદ તે દિવસે સાંજે આશરે સાતેક વાગે તેઓ દુકાનેથી પરત ઘરે આવી ત્યારે ફાતીમાં તેમને વાત કરેલ હતી અને પાંચેક મિનિટમાં તેમના પતિ પણ દુકાનેથી ત્યાં આવી ગયેલા અને તેમણે જણાવેલ કે, "જૈનબ સીરીયસ છે, આપણે તાત્કાલિક સુરત જવું પડશે." ત્યારબાદ તેઓ, તેમની બહેન નફીસા અને બનેવી મોહીશભાઈને ફોન કરેલો અને તેઓ સૌ ખાનગી વાહન કરીને સુરત જવા નીકળી ગયેલા, ત્યારબાદ તેઓ સુરત પહોંચ્યા ત્યારે તેમના પતિએ તેમને જણાવેલ કે, "જૈનબે ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરેલ છે અને તેની લાશ સિવિલ હોસ્પિટલમાં છે." તે સમયે તેમની દીકરી જૈનબને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ હતા અને તેણીનું પી.એમ. થયા બાદ તેમણે પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. તેમણે તેમની દીકરીની સાસુ અને નણંદના ત્રાસને કારણે તેમની દીકરીએ આત્મહત્યા કરી દીધેલ તેની

ફરિયાદ આપેલી, જે આંક–૨૭ થી રજૂ ફરિયાદ જોઈને તેમાં પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને જણાવેલ છે કે, પોલીસે તેમના લખાવ્યા મુજબની ફરિયાદ લખી લીધેલી. આરોપીઓને ઓળખી બતાવેલ છે.

વધુમાં સદર સાહેદની આરોપીઓ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ચુડા મુકામે છેલ્લા અઢાર વર્ષથી રહે છે. ચુડા મુકામે તેમની "હુશેની પ્રોવિઝન સ્ટોર" નામની કરિયાણાની દુકાન આવેલી છે. એ વાત ખરી છે કે, સુરત મુકામે તેમની જ્ઞાતિનો મોટો સમાજ વસવાટ કરે છે. એ વાત ખરી છે કે, તેમના ધર્મ ગુરુ સુરત આવતા હોય તેમને અવરનવર સુરત આવવાનું થતું અને થાય છે. એ વાત ખરી છે કે, સુરત મુકામે તેમની એક બહેન અને બે નણંદો ઉપરાંત ઘણા સગાવ્હાલા રહે છે. એ વાત ખરી છે કે, તેમના સગા સંબંધીઓને મળવા માટે તેમને કોઈક–કોઈક વખતે સુરત મુકામે આવવાનું થતું. એ વાત ખરી છે કે, આરોપીઓ તેમની બહેન ફરીદાના સગા સંબંધી થાય છે. હોજેફા સાથે લગ્નની વાત ફરીદાબેને ચલાવેલી. એ વાત ખરી નથી કે, હોજેફા સાથે જૈનબના લગ્ન કરાવતા પહેલાં તેમના સગા સંબંધીઓ મારફતે તપાસ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેમની બહેન ફરીદાએ જણાવેલ હોવાથી તેઓએ તપાસ કરેલ નહીં. તેઓને ફરીદાએ લગ્ન પહેલા હોજેફા સારો છોકરો છે તથા નોકરી કરે છે તેવી હકીકત જણાવેલી. એ વાત ખરી છે કે, તેમને તથા તેમના પરિવારને યોગ્ય લાગતા તેઓએ હોજેફા સાથે સગપણ કરાવેલ, હોજેફા સાથેનું સગપણ ચુડા મુકામે કરવામાં આવેલ, એ વાત ખરી છે કે, સગપણમાં આરોપીઓ તેમજ તેમની બહેન ફરીદાબેન તેમજ અન્ય તેમના સુરતના સગાવ્હાલાઓ આવેલા. એ વાત ખરી છે કે, સગપણ રાજીખુશીથી કરવામાં આવેલું. જૈનબના લગ્ન હોજેફા સાથે સગપણના એક વર્ષ અને બે માસ બાદ થયેલા, એ વાત ખરી છે કે, સગપણ બાદ જૈનબ બે થી ત્રણ વખત સુરત આવતી તથા તે દરમ્યાન આરોપીઓના ઘરે જતી. એ વાત ખરી છે કે, તે જ રીતે આરોપી હોજેફા તેમના ગામે ચુડા મુકામે બે થી ત્રણ વખત આવેલા. એ વાત ખરી છે કે, તેમની પુત્રી જૈનબ ખુશીથી સુરત આવતી અને ખુશીથી પરત ઘરે આવતી હતી. એ વાત ખરી છે કે, આરોપી હોજેકા પણ

તેમને ત્યાં રાજીખુશીથી આવતા અને જતા હતા. એ વાત ખરી નથી કે, સગપણ તથા લગ્ન દરમ્યાન તેમની પુત્રી જૈનબે આરોપી સામે કોઈ ફરિયાદ કરેલી નહીં. તેઓ કહે છે કે, એક વખત કરેલી, જૈનબે જે આરોપીઓ સામે ફરિયાદ કરેલી તે વિશે તેમણે તેમની બહેન ફરીદાને જણાવેલ નહીં. એ વાત ખરી છે કે, જૈનબે એક વખત સગપણ દરમ્યાન ફરિયાદ કરેલ હોવા છતાં તેઓએ તેણીના લગ્ન રાજીખુશીથી કરાવેલા. એ વાત ખરી નથી કે, તેમના સમાજમાં સમાજના બે વ્યક્તિઓ વચ્ચે કોઈ તકરાર થાય તો તે માટે સમાજની મધ્યસ્થી કરી તેવા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવતું હોય છે. એ વાત ખરી છે કે, સગપણ દરમ્યાન જૈનબે કરેલ ફરિયાદ અંગે પોલીસમાં કે સમાજમાં કે અન્ય કોઈને પણ તે અંગે તેઓએ ફરિયાદ કરેલી નહીં. જૈનબે સગપણ દરમ્યાન કરેલી વાત તેમના સિવાય અન્ય કોઈને કરેલી નહીં. એ વાત ખરી છે કે, જૈનબની તેવી ફરિયાદની જાણ ઘરના સભ્યોને કે કુટુંબને કરેલી નહીં. એ વાત ખરી છે કે, જૈનબના લગ્ન હોજેફા સાથે સુરત મુકામે થયેલા. તેઓના લગ્ન સમાજની હાજરીમાં તથા રીતરિવાજ મુજબ થયેલા. તે લગ્ન રાજીખુશીથી થયેલા. એ વાત ખરી છે કે, લગ્નમાં હોજેફાના કાકાના દીકરા દ્વારા જૈનબની કાકીને ધક્કો લાગેલો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તે ધક્કો લાગેલો નહીં પરંતુ ઈરાદાપૂર્વક મારેલો. હોજેફાના કાકાના દીકરા તથા જૈનબની કાકી વચ્ચે દુશ્મની હતી તેવા પ્રશ્નના જવાબમાં જણાવે છે કે, એક દિવસ પૂરતી હતી. એ વાત ખરી છે કે, લગ્નના દિવસે સવારે અણબનાવ બનેલ, જેમાં વડીલો વચ્ચે પડી સમાધાન કરાવેલું. એ વાત ખરી છે કે, ધક્કાના પ્રસંગ બાદ હોજેફાના કાકાના દીકરાને જૈનબના કાકાએ તમાચો મારેલો. એ વાત ખરી છે કે, તે બનાવ બાદ હોજેફાના કાકાના દીકરા તથા તેમના જેઠ–જેઠાણી સાથે તેઓનો બોલચાલનો કોઈ સંબંધ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓ મુંબઈ રહે છે. એ વાત ખરી છે કે, લગ્ન બાદ બે વખત જૈનબ તથા હોજેકા ચુડા મુકામે સારી રીતે આવેલા અને સારી રીતે ગયેલા પરંતુ ત્રીજી વખત તેઓ બંને વચ્ચે બતુલ બેનના બાબતે તકરાર થયેલી. ત્યારબાદ તેમણે તેઓ બંનેને સમજાવતા તેઓ બંને સમજી ગયેલા અને ત્યારબાદ તેઓ રાજીખુશીથી પરત સુરત ગયેલા.

એ વાત ખરી નથી કે, ત્યારબાદ પણ તેઓ તેમને ત્યાં ભેગા આવેલા. તેઓ તેમના ઘરે માળા બનાવે છે તથા તેનો કાચો માલ તેઓ સુરતથી જૈનબ તથા હોજેફા મારફતે મંગાવતી હતી તથા જે લેવા તેઓ બન્ને સાથે ચૌટાબજારમાં જતા હતા. તે રીતે ખરીદી કરેલ માલ જૈનબ તેમને મોકલતી હતી. તે માલ કોઈના સંગાથે મોકલતી હતી, કુરિયર મારફત મોકલતી નથી. હાલ તેમને યાદ નથી કે, કયારેક કુરિયર મારફતે પણ મોકલતી હતી. જૈનબ ધોરણ-૧૨ સુધી ભણેલી હતી. જૈનબને માલ કેવી રીતે કુરિયર મારફતે મોકલવો તેની જાણકારી હતી. જૈનબ દ્વારા માલ મળ્યા બાદ તેઓ તૈયાર માલ પરત જૈનબને સુરત મોકલતા હતા તથા તેમની સૂચના પ્રમાણે તેઓ તે માળા સુરતમાં તે દુકાનદારને આપવા જતા હતા. દુકાનદાર જે રૂપિયા આપતા તે જૈનબ પાસે જમા રહેતા. તે રકમ તેણી તેમને રૂબરૂ આપતી હતી તથા તેઓ જે માલ મંગાવે તેમાં સરભર કરતી હતી. એ વાત ખરી નથી કે, તેમને તથા તેમના પતિને સુરત આવવાનું થતું ન હતું. એ વાત ખરી છે કે, તેમની દીકરી ફાતેમાં તથા પુત્ર શોયેબ જૈનબથી નાના છે. એ વાત ખરી છે કે, તેઓ જૈનબના ઘરે એકાદ-બે વાર રોકાયેલ છે. તેમની પુત્રી ફાતીમા જૈનબના ઘરે આઠ દિવસ રોકાયેલ તથા તેમનો પુત્ર શોયેબ જૈનબના ઘરે ત્રણ દિવસ રોકાયેલ. એ વાત ખરી છે કે, તેમની બહેન ફરીદા ઝાંપાબજાર તથા નણંદ કુબરાબેન સલાબતપુરા તથા બીજી નણંદ જૈનબ ઉધના મુકામે રહે છે. એ વાત ખરી છે કે, તેમની નણંદ જૈનબ બેનની દીકરીનું નામ મલેકા છે. એ વાત ખરી છે કે, તેમની દીકરી જૈનબ તેણીના સાસરે બુરખામાં લગાવવામાં આવતા કોસીયોના ફૂલ બનાવવાનું કામ કરતી. એ વાત ખરી છે કે, મલેકા પણ એ જ કામ કરતી હતી. એ વાત ખરી છે કે, મલેકાબેન તેમની દીકરી જૈનબને ત્યાં ઘરે કામ લેવા જતી હતી. એ વાત ખરી નથી કે, તેમની દીકરી જૈનબ મલેકાને ત્યાં તૈયાર માલ લેવા જતી હતી. એ વાત ખરી નથી કે, મલેકા તથા જૈનબ તેના ઘરે તેઓ સાથે કામ કરતા હતા. એ વાત ખરી છે કે, તેમની દીકરીને વાત-વાતમાં ખોટું લાગી જતું. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેમની દીકરી ખોટું સહન ન કરતી. એ વાત હાલ તેમને યાદ નથી કે, તેમની દીકરી જૈનબે આરોપી હોજેફાને મરી જવાની ધમકી આપેલ તે અંગેની

જાણ હોજેફાએ તેમને કરેલી. એ વાત ખરી છે કે, તેઓ જૈનબને હોજેફા સારો છોકરો હોવાનું જણાવી સમજાવતી હતી. એ વાત ખરી છે કે, બનાવના પંદર દિવસ પહેલાં તેમની દીકરી જૈનબ તથા તેમની બહેનની દીકરી મલેકા તથા તેમની દીકરી ફાતેમા તથા તેઓના અન્ય મિત્રો સાથે છ દિવસ માટે મધ્યપ્રદેશ મુકામે આવેલ બુરહાનપુર દરગાહે ગયેલા. એ વાત ખરી છે કે, બુરહાનપુર દરગાહે તમામ સ્ત્રીઓ જ ગયેલી. એ વાત ખરી છે કે, હોજેફા પારલે કંપનીમાં નોકરી કરતો હતો. એ વાત ખરી છે કે, હોજેફાના પિતા ઈલેક્ટ્રીશીયનનું કામ કરતા હતા. એ વાત ખરી છે કે, આરોપી હોજેફાની બહેન બતુલ પરિણીત છે. એ વાત ખરી છે કે, તેણીનું સાસરું ઉધના મુકામે છે. એ વાત ખરી છે કે, તેણીને સંતાનમાં એક બાબો છે. એ વાત ખરી છે કે, તેમણે બતુલબેન અને જૈનબને સાસરે આવતા જતા જોયેલ નથી પરંતુ જૈનબ તેમને ફોન મારફતે જણાવતી હતી. એ વાત ખરી છે કે, તેઓ જયારે સુરત જૈનબને ઘરે આવતા ત્યારે બતુલબેનની હાજરી જૈનબના સાસરે હતી. એ વાત ખરી છે કે, તે સમયે બતુલ સાથે જૈનબનો ઝઘડો હતો તેની જાણ તેમને હતી. તેઓ જૈનબના સાસરે સુલેહ કરવા માટે ગયેલા નહીં. તેઓએ જૈનબના સાસરે ગયેલ ત્યારે બતુલબેનના ઝઘડા અંગે આરોપીઓ સાથે કોઈ ચર્ચા કરેલી ન હતી. તેઓ બે વખત જૈનબના સાસરે રાત્રિ રોકાયેલ છે, તે વખતે તેણી એકલી જ હતી. તેમના પતિ તેમની સાથે ન હતા. બતુલ અને સાસુ સાથેના જૈનબના ઝઘડા અંગેની વાત તેમની બહેન ફરીદાબેનને કરેલી. તેઓ ફરીદાબેનને સાથે લઈને આરોપીઓને ત્યાં સમજાવવા માટે ગયેલ ન હતા. તેઓને જૈનબ સીરીયસ છે તેની જાણ સાંજે સાત વાગે થયેલી. તેઓ સુરત મુકામે મળસ્કે પાંચ વાગે પહોંચેલા. તેઓ સુરત આવીને સીધા નવી સિવિલ હોસ્પિટલ ગયેલા. પોલીસ દ્વારા તેઓ રસ્તામાં હતા તે દરમ્યાન જૈનબ હોસ્પિટલમાં દાખલ હોવાની જાણ તેમના પતિને કરેલી, તેઓ હોસ્પિટલ પહોંચેલા ત્યારે પોલીસ ત્યાં હાજર ન હતી. એ વાત ખરી છે કે, હોસ્પિટલ પહોંચેલા ત્યારે આરોપી તથા તેના પિતા હાજર હતા. પોલીસે તેઓને સવારે સાડા સાત વાગે સલાબતપુરા પો.સ્ટે.માં બોલાવેલા. તેમની સાથે પો. સ્ટે. તેમના પતિ, તેમના બનેવી મોહીનભાઈ તથા

બીજા બનેવી છબ્બીરભાઈ તથા તેમની બહેન ફરીદા હતા. ત્યાં તેમના બધાની પોલીસે પૂછપરછ કરેલી. એ વાત ખરી છે કે, પોલીસ સ્ટેશનમાં તેઓએ સવારે સાડા સાત વાગે ફરિયાદ આપેલી અને તેમની સહી લીધેલી. તેમની સાથે આવેલા અન્યોની તમામની પોલીસે પૂછપરછ કરેલી. તેઓ ધોરણ–૧૧ સુધી ભણેલા છે. એ વાત ખરી છે કે, ફરિયાદ તેમણે વાંચેલી નહીં. એ વાત અરી નથી કે, પોલીસે ફરિયાદ તેમને વાંચીને સંભળાવેલી નહીં. હાલ તેમને યાદ નથી કે, પોલીસ ફરિયાદ પોલીસે સંભળાવ્યા બાદ તેમણે સહી કરેલી કે સંભળાવ્યા પહેલાં તેમણે સહી કરેલી. તેઓ પો.સ્ટે. એકાદ કલાક રોકાયેલા, ત્યારબાદ બપોરે બે વાગે પોલીસે તેઓને પો.સ્ટે. બોલાવેલા. તે સમયે તેઓ દોઢ કલાક જેટલો સમય પો.સ્ટે.માં રોકાયેલા. તે સમયે તેમની પૂછપરછ કરવામાં આવેલી. ત્યારબાદ તેમને પોલીસ સાથે મળવાનો પ્રસંગ બનેલ નહીં. એ વાત ખરી છે કે, તેમની દીકરી જૈનબને ઘરકામ તથા રસોઈ બનાવવાનું સારી રીતે આવડતું હતું. એ વાત ખરી છે કે, જૈનમના સાસરે સમાજ તરફથી જમવાનું આવતું હતું. એ વાત ખરી છે કે, લગ્ન અને બનાવના સમયગાળા દરમ્યાન તેમની દીકરી જૈનબને આરોપીઓ દ્વારા હેરાન પરેશાન તથા મહેણાટોણાં મારવામાં આવતા તે બાબતની તેમણે કોઈ ફરિયાદ પો.સ્ટે. કે સમાજમાં કરેલી નહીં. તેમની દીકરી જૈનબનો પોણા બે વર્ષનો લગ્નગાળો હતો. એ વાત ખરી છે કે, તેમની દીકરી જૈનબને કોઈ સંતાન અવતરેલ નહીં. એ વાતની તેમને ખબર નથી કે, સંતાન પ્રાપ્તિ અંગે એક વર્ષથી સારવાર કરતા હતા પરંતુ તે ડૉકટરને બતાવવા ગયેલા તેની તેમને ખબર છે, તે ઉપરાંત તેમની દીકરીને આરોપીઓ દ્વારા તેમની સંસ્થાના કલીનીકમાં પણ સંતાન પ્રાપ્તિના સારવાર માટે બતાવવા લઈ ગયેલા. એ વાત ખરી નથી કે, તેમની દીકરી સંતાન ન હોવાને કારણે અપસેટ હતી તથા એ બાબતની જાણ તેમની દીકરી જૈનબ તેમને વારંવાર કરતી હતી. તેઓ તેમની દીકરીના હસ્તાક્ષર ઓળખી શકે છે. તેમને તમો તમારી પાસેથી એક કાર્ડ તથા કવર બતાવો છો તથા તેમાં ગુજરનાર જૈનબબેનના હસ્તાક્ષર છે કે નહીં તેવું પૂછતા તે કાર્ડ તથા કવર જોઈને કહે છે કે, તેમાં હસ્તાક્ષર જૈનબબેનના છે. જે તમારા કહેવાથી રજૂ કરું છું, જે કામમાં

કાર્ડ રજૂ દાખલ આંક–૨૮ તથા કવર આંક–૨૯. તે જ રીતે, બીજા બે કાગળો બતાવી તેના હસ્તાક્ષરો વિશે પૂછતા તે કાગળો જોઈ જણાવે છે કે, તેના હસ્તાક્ષરો પણ જૈનબબેનના છે, તે પ્રમોટ કંપનીના પેડ પરનું લખાણ તમારા કહેવાથી પુરાવામાં રજૂ કરું છું, જે કામમાં રજુ દાખલ આંક–૩૦ તથા આંક–૩૧. તમો તેમને તમારા કબજામાંથી બે નાનકડા પૂંઠા ઉપર લખેલ હસ્તાક્ષર તરફ તેમનું ધ્યાન દોરી તે હસ્તાક્ષરો જૈનબના છે કે કેમ? તેવું પૂછતા જણાવે છે કે, તેઓ ઓળખી શકતા નથી, જે કાર્ડ કામમાં માર્ક–એ તથા માર્ક–બી આપવામાં આવે છે. એ વાત ખરી છે કે, લગ્ન બાદ હોજેફા તથા તેમની દીકરી જૈનબ એક બીજાને પ્રેમ કરતા હતા. એ વાત ખરી નથી કે, તેમણે તેમની પોલીસ રૂબરૂની ફરિયાદમાં એ હકીકત લખાવેલ નથી કે, "મારી દીકરી જૈનબને લગ્ન બાદ તેણીના સાસુ શકીનાબેન અને નણંદ કામકાજ બાબતે હેરાન કરતા હતા અને મ્હેણાટોણાં મારતા હતા." એ વાત ખરી છે કે, તેમણે તેમની પોલીસ રૂબરૂની ફરિયાદમાં એ હકીકત લખાવેલ નથી કે, "આ હકીકત મારી દીકરી અમોને અવરનવર ફોન ઉપર કહેતી હતી પરંતુ અમો તેને સમજાવતા હતા કે સંસારમાં આવું નાનુ મોટું થયા કરે. મારી દીકરી પોણા બે વર્ષમાં ચાર–પાંચ વખત આવેલી હતી." એ વાત ખરી છે કે, તેમણે તેમની પોલીસ રૂબરૂની ફરિયાદમાં એ હકીકત લખાવેલ નથી કે, ”ઓગસ્ટ–૨૦૧૩ માં મારી દીકરી ઉપર જૈનબનો મારી દીકરી ફાતીમા ઉપર ફોન આવેલ કે, મારી સાસુ અને નણંદ મને અવરનવર મહેણા ટોણા મારી હેરાન કરે છે અને તે વાત મારી દીકરીએ જમાઈ હોજેફાને કરેલ હતી. પરંતુ હોજેફા તેની બહેન અને માતાને જ સાથ આપતા હતા, ઓગસ્ટ–૧૩ માં મારી દીકરી મારા ઘરે પંદરેક દિવસની રજા લઈને એટલે કે સાસરે સુરત ખાતેથી પંદરેક દિવસ રહેવા માટે રહેવા આવેલી હતી." એ વાત ખરી નથી કે, તેમની દીકરી જૈનબને આરોપીઓ દ્વારા કોઈ પણ જાતની હેરાનગતિ કે પરેશાની કે કોઈપણ બાબતે આરોપીઓ દ્વારા મ્હેણાટોણાં મારવામાં આવતા ન હતા. એ વાત ખરી નથી કે, તેમની દીકરી જૈનબ ફોન દ્વારા તથા રૂબરૂ આ બાબતે કોઈપણ માહિતી તેમને આપેલ ન હતી. એ વાત ખરી નથી કે, તેમ છતાં તેમણે આરોપીઓને સદર કહેવાતા

કેસમાં ખોટી રીતે સંડોવવા માટે તેઓ વિરુદ્ધ ખોટી ફરિયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે, તેઓ આજરોજ નામદાર કોર્ટમાં આરોપીઓ વિરુદ્ધ ખોટી જુબાની આપે છે.

૧૨) આ કામે ફરિયાદ પક્ષના મહત્વના સાહેદ **મરણ જનારના પિતા–અબ્બાસ હુશેનભાઈ વોરા**ને સાહેદ નં.૧૧ તરીકે આંક–૩૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તેમના ઉપર જણાવેલ ઠેકાણે કુટુંબ પરિવાર સાથે રહે છે. બનાવ તા.૨૧/૨/૧૩ ના રોજ સાંજના સાડા સાત થી આઠના ગાળામાં સમયે બનેલો. બનાવની જાણ તેમને તેમના સાઢુભાઈએ ફોનથી કરેલી. તેઓ તેમની દુકાને ગયેલા હતા અને દુકાનથી ઘરે આવતા હતા તે વખતે રસ્તામાં હતા ત્યારે તેમના સાઢુભાઈ શબ્બીરભાઈનો ફોન આવેલો. ફોન ઉપર તેમને શબ્બીરભાઈએ કહેલું કે, "તમારી દીકરીના ઘરે કંઈ બનેલું છે, તમને કંઈ જાણ છે" તો તેમણે ફોન ઉપર તેમને જવાબ આપેલો કે, "મને કંઈ જાણ નથી." અને ત્યારબાદ તેઓ ઘરે પહોંચતા તેમણે તેમની પત્ની તસ્લીમબેનને આ બાબતે પૂછતાં તેણીએ તેમને કહેલું કે, "આપણી દીકરી ઝૈનબના સાસરેથી કોઈ ફોન આવેલો નથી અને મને કંઈ ખબર નથી." આથી તેઓએ તેમના ત્રણેક નંબર હતા તેની ઉપર ફોન કરી હકીકત જાણવાની કોશિશ કરેલી પરંતુ તેઓએ તેમના ફોન લીધેલા નહીં. ત્યારબાદ તેમણે તેમના ભાઈ શબ્બીરભાઈ હુશેનભાઈ જેઓ સુરત રહે છે તેમને ફોન કરેલો તથા તેમની બહેનના દીકરા મૃતુઝાને ફોન કરેલો. ત્યારબાદ અર્ધો કલાક બાદ તેમના સાઢુભાઈ શબ્બીરભાઈ જેઓ સુરત, ઈંદરપરા પોસ્ટ ઓફિસની સામે રહે છે તેમનો ફરીથી તેમની ઉપર ફોન આવેલો. આ ફોન બનાવના દિવસે રાત્રે આશરે ૮–૧૫ કલાકથી ૮–૩૦ કલાક દરમ્યાન આવેલો. તેમાં તેમને તેમના સાઢુભાઈએ કહેલું કે, "હું અત્યારે ઝેનબના સાસરે પહોંચેલો છું અને ત્યાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલી છે અને એમ્બ્યુલન્સના ડૉકટરશ્રીએ ઝેનબને મરણ ગયેલ જાહેર કરેલ છે." તેમને ત્રણ સંતાનો છે. જેમાં સૌથી મોટી દીકરી જૈનબ હતી અને ત્યારબાદ બીજી દીકરી ફાતેમા અને

ત્યાર બાદ ત્રીજા નંબરે દીકરો સોયેબ કરીને છે. બનાવ વખતે ફક્ત તેમની દીકરી જૈનબના લગ્ન થયેલા હતા. તેમની દીકરી ઝૈનબના લગ્ન સુરત મુકામે સને ૨૦૧૦ ની સાલમાં હોજેફા જાકીર વ્હૌરા સાથે તેમના સમાજના રીતરિવાજ મુજબ થયેલા અને લગ્ન બાદ આ તેમની દીકરી ઝૈનબ તેમના ઘરેથી તેના સાસરે સુરત મુકામે તેના પતિ તથા તેના સાસુ–સસરા સાથે સુરત મુકામે રેશમવાડ, ઝટપટ મીઠાઈની ગલીમાં, અલઅમન એપાર્ટમેન્ટમાં રહેવા આવેલી. આ તેમની દીકરીના લગ્ન સુરત મુકામે કરેલા. બનાવના છ માસ અગાઉ તેમની દીકરી તથા તેના સાસરાવાળા બદરમીંયા સ્ટીટ, બદર પેલેસ ખાતે રહેવા આવેલા. આ મકાન ભાડાનું મકાન રાખેલું. તેમના વેવાઈની કોઈ માલિકીની મિલકત આવેલ ન હતી. તેમની દીકરી લગ્ન બાદ તેણીના સાસરે આશરે પોણા ત્રણ થી ત્રણ વર્ષ રહેલી. આ દરમ્યાન તેમની દીકરી જૈનબ તેમના ઘરે ચુડા ગામે પાંચ થી છ વખત પિયર આવેલી અને જયારે આવતી ત્યારે આઠ થી દશ દિવસ રોકાતી હતી. આ લગ્ન ગાળા દરમ્યાન તેમની દીકરીને કોઈ સંતાન પ્રાપ્તિ થયેલી નહીં. આ લગ્નના ત્રણ વર્ષ દરમ્યાન તેઓ તથા તેમની પત્ની તેમની દીકરી જૈનબના સાસરે મળવા જતા હતા. પરંતુ તેમના ઘરે તેઓ એક જ વખત રોકાયેલા તેમજ તેઓ તેમની દીકરીને તથા વેવાઈને ફોન પણ કરતા હતા અને એકબીજાના ખબર અંતર પૂછતા હતા. તેમની દીકરી જૈનબ શાંત અને શરમાળ સ્વભાવની હતી. તેમની દીકરીના તેમના ઉપર અવરનવર ફોન આવતા હતા અને તે વખતે તેમની દીકરી ઝૈનબ તેઓને ફરિયાદ કરતી હતી કે, "મારા સાસુ તથા નણંદ મને માનસિક ત્રાસ આપે છે તેમજ મારા પતિ મને બહાર ક્યાંય જવું હોય તો જવા દેતા નથી અને અમારા કોઈ સગાને ત્યાં પણ જવા દેતા નથી અને જઈએ તો પણ અમો સાથે જઈએ છીએ અને નાની–મોટી બાબતે ઝઘડો કરી ત્રાસ આપી મ્હેણાંટોણા મારે છે." તેમની દીકરી ઘરકામ ઉપરાંત સિલાઈ કામ, ભરતગુંથણનું કામ તેમજ ઓર્ડરથી ફલાવર્સ બનાવવાનું કામ કરતી હતી અને મહિને ચાર થી પાંચ હજાર કમાતી હતી. બનાવના આઠ–દશ દિવસ પહેલાં ઉધના ખાતે તેમની બહેન ઝૈનબ રહે છે તેમના ઘરે તેમની દીકરી ઝૈનબ તથા તેના પતિ હોજેફા મળવા માટે ગયેલા અને તે વખતે ઉધના રહેતા હોજેફાના

બહેન બટુલના ઘરે જવા બાબતે તેમની દીકરી તથા તેના પતિ વચ્ચે તેમની બહેન ઝૈનબના ઘરે ઝઘડો થયેલો. ત્યારબાદ તેમની દીકરી ઝૈનબ તથા તેના પતિ હોજેફા તેમના ઘરે આવી ગયેલા અને આ આઠ દિવસ દરમ્યાન તેઓ બન્ને વચ્ચે ઝઘડો ચાલતો હતો અને ત્યારબાદ બાદ શનિવારના દિવસે બનાવ બનેલો. આથી તેઓ તેમના વતનથી સુરત આવી ગયેલા. તેઓ સુરત આવ્યા તે દરમ્યાન તેમની દીકરી ઝૈનબની લાશને સુરત સિવિલ હોસ્પિટલમાં લઈ ગયેલા અને તેઓ સીધા સિવિલ હોસ્પિટલમાં પહોંચતા તેમની દીકરી પી.એમ. રૂમમાં હતી આથી તેઓને જોવા મળેલી નહીં. તેઓ સુરત આવતા હતા તે વખતે રસ્તામાં હતા તે દરમ્યાન સલાબતપુરા પો.સ્ટે.થી તેમની ઉપર ફોન આવેલો અને પોલીસે તેમને જણાવેલું કે, "તમારી દીકરીનો સુસાઈટ કેસ બનેલો છે અને તમો સલાબતપુરા પો.સ્ટે. આવી જજો." અને તેઓ પહેલાં સિવિલ હોસ્પિટલ પહોંચેલા અને ત્યારપછી સલાબતપુરા પો.સ્ટે. ગયેલા. તે વખતે સવારના આશરે સાડા સાતેક વાગ્યાનો સમય થયેલો હતો અને પોલીસે તે વખતે તેમનું તથા તેમની પત્નીનું નિવેદન લીધેલું અને ત્યારબાદ પોલીસે તેઓને જણાવેલું કે, "તમે નવ વાગે સિવિલ હોસ્પિટલ પહોંચી જજો, તમને તમારી દીકરીના શબનો કબજો સુપરત કરવામાં આવશે." તેઓ સિવિલ હોસ્પિટલ નવ વાગે પહોંચી ગયેલા પરંતુ ત્યાં અધિકારી રવિવાર હોય આવેલા ન હતા અને દશેક વાગે આવતા તેઓ શબ પરીક્ષણ કરેલું અને વધુ શબપરીક્ષણ કરવાનું તેઓને જણાવેલું અને તેઓએ શબના ફોટા પણ લેવડાવેલા. ત્યારબાદ અન્ય ડૉકટરોએ પી.એમ. કરેલું. તેઓ તે વખતે પી.એમ રૂમની બહાર શબનો કબજો મળે તે માટે ઉભેલા હતા. ત્યારબાદ બપોરના અઢી વાગ્યાના અરસામાં તેમને લાશ સુપરત કરેલી અને ત્યારબાદ તેઓએ લાશને બેગમપુરા મસ્જીદમાં અંતિમવિધિ કરેલી અને ત્યારબાદ અકબર શહિદના ટેકરા કબ્રસ્તાન મુકામે દફનવિધિ કરેલી. ત્યારબાદ ફરીથી તેઓને પો.સ્ટે. બોલાવેલા અને ત્યાં જરૂરી કાર્યવાહી કરી તેઓ સુરત મુકામે રહેતા તેમના ભાઈના ઘરે આવી ગયેલા. પી.એમ. રૂમમાં તેઓએ તેમની દીકરીનું શબ જોયેલું તો માથાના ભાગે, હાથના ભાગે વાગેલાના નિશાનો હતા. બનાવ બાદ તેમની સાળી ફરીદાબેન તેમની

છોકરીના સાસરે વેવાઈ પક્ષનાઓએ બોલાવતા ગયેલા તે વખતે તેમની દીકરીનું શબ જમીન ઉપર સૂતેલી હાલતમાં હતું તથા તેમના સાઢુભાઈ તેમની દીકરીના સાસરે બનાવ બાદ ગયેલા. તેઓએ તેમને ઈજા બાબતે કંઈ જણાવેલું નહીં.

વધુમાં, સદર સાહેદની આરોપીઓ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, "મને બનાવની જાણ બનાવના દિવસે સાંજે સાડાસાત વાગે થયેલી. ત્યારે હું મારા વતન ચુડા ગામે હતો. આ બનાવની જાણ મારા સાઢુભાઈએ કરેલી. અમો સુરતમાં બીજા દિવસે સવારે સાડા પાંચ થી છ ના ગાળામાં આવેલા. અમો હોસ્પિટલમાં પહોંચેલા ત્યારે અમારા સુરત ખાતેના સમાજના પુરુષ વર્ગના લોકો હાજર હતા. અમે સુરેન્દ્રનગરથી આવતા હતા ત્યારે મારા અન્ય સાઢુભાઈ મોહીશભાઈ, સાળી નફીશા તથા મારી પત્ની તથા હું આવેલા તથા અમો બધા સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલા. એ વાત ખરી છે કે, અમો હોસ્પિટલ પહોંચેલા ત્યારે આરોપી હોજેફા, તેના પિતા તથા તેઓના સગાસંબંધીઓ હાજર હતા. એ વાત ખરી છે કે, અમોને હોસ્પિટલમાં જાણ થયેલી કે, બનાવ બન્યા બાદ આરોપી હોજેફાએ ૧૦૮ ને ફોન કરીને બોલાવેલી. એ વાત ખરી છે કે, અમો જયારે હોસ્પિટલ પહોંચ્યા ત્યારે જૈનબ પી.એમ. રૂમમાં હતી. અમો ત્યાં હોસ્પિટલમાં આશરે અર્ધો કલાક રોકાયેલા. એ વાત ખરી છે કે, અમો સવારે સાત વાગે હું, મારી પત્ની, મારા મોટાભાઈ શબ્બીરભાઈ, મારા સાઢુભાઈ શબ્બીરભાઈ અને બીજા સંબંધીઓ સલાબતપુરા પો.સ્ટે. ગયેલા. અમો બધા પો.સ્ટે.માં એક કલાક રોકાયેલા. એ વાત ખરી છે કે, આ એક કલાક દરમ્યાન પોલીસે અમો તમામની પૂછપરછ કરેલી. સદર કામની ફરિયાદ મારા પત્નીએ આપેલી. સદર કામની ફરિયાદ આપતાં પહેલાં અમારા બધાના નિવદનો લેવામાં આવેલા અને તે નિવેદનો લીધા બધા તે નિવેદનમાં પોલીસે સહીઓ કરાવેલ. ત્યારબાદ મારી પત્ની સિવાય અમો બધા સિવિલ હોસ્પિટલમાં ગયેલા. સિવિલ હોસ્પિટલમાં અમો બધા નવેક વાગ્યે પહોંચેલા. અમોને ડૉકટરને મળવાનો પ્રસંગ બનેલો નહીં. મારી દીકરીનું પી.એમ. સિવિલ હોસ્પિટલમાં એક વખત થયેલું. પી.એમ. વખતે હું હોસ્પિટલમાં હાજર હતો. પી.એમ. બપોરે બાર વાગ્યા પછી થયેલું. એ

વાત ખરી નથી કે, પી.એમ. પહેલાં મેં મારી દીકરીને જોયેલા પોલીસ સવારે નવ થી દશના ગાળામાં હોસ્પિટલમાં આવેલી. એ વાત ખરી છે કે, અમો હોસ્પિટલ ગયેલ અને મારી દીકરીની લાશ સોંપેલ ત્યાં સુધી હોસ્પિટલમાં રોકાયેલ. પોલીસ હોસ્પિટલમાં એક કલાક રોકાયા બાદ ચાલી ગયેલ. મારો પોલીસ સાથે હોસ્પિટલમાં વાતચીત કરવાનો પ્રસંગ બનેલ નહીં. મારી દીકરીની લાશ બપોરે ૨–૦૦ થી ૨–૩૦ કલાકના સુમારે આપેલી. ત્યાંથી અમો લાશ બેગમપુરા મસ્જીદમાં લઈ ગયેલા અને ત્યાં વિધિ કરવામાં આવેલી. મારી દીકરીની લાશ લઈને અમો મસ્જીદમાં ત્રણેક વાગે પહોંચેલા ત્યારે મારી પત્ની, મારી બહેનો અને સમાજના સગાસંબંધીઓ અને આરોપીઓ મસ્જીદમાં આવેલા, અમો હોસ્પિટલમાં સવારે નવથી અઢી વાગે રોકાયેલા તે સમય દરમ્યાન આરોપીઓ પણ અમારી સાથે રોકાયેલા અને ત્યાંથી અમો સાથે મસ્જીદમાં ગયેલા. એ વાત ખરી છે કે, મસ્જીદમાં ઝૈનબની અંતિમક્રિયામાં ઝૈનબના સાસુ શકીનાબેન તથા નણંદ બટુલનાઓ તેથા તેઓના અન્ય સગા સંબંધીઓ આવી હાજર રહેલા. અમો સવારે સાત વાગે પો.સ્ટે. પહોંચેલા ત્યારે પી.આઈ. શ્રી ચૌધરી સાહેબ હાજર હતા અને તેઓએ અમો બધાના નિવેદનો લઈ સહી કરાવેલી. એ વાત ખરી નથી કે, આ સાહેબ હોસ્પિટલમાં આવેલ ન હતા. હું જન્મથી ચુડા ગામે રહું છું. હું વચ્ચે સુરત મુકામે આંબાવાડી કાલીપુલ પરિવાર સાથે રહેવા માટે આવેલો. એ વાત ખરી છે કે, હું સુરતમાં ટેમ્પો ચલાવતો હતો. એ વાત ખરી છે કે, જેને કારણે મારી કમ્મરમાં દુઃખાવો ઉપડેલો. એ વાત ખરી છે કે, તેને કારણે ડૉકટરે મને ભારે કામ કરવાની ના પાડેલી. જેથી અમો બધા પરત ચુડા ગામ પરિવાર સાથે ચાલી ગયેલા અને ત્યાં કરિયાણાની દુકાન ચાલુ કરેલી. એ વાત ખરી છે કે, આ મારી કરિયાણાની દુકાનમાં મારી પત્ની તથા મારી દીકરી જૈનબ પણ કામકાજ કરતી હતી. મારી દીકરી જૈનબની સગાઈ આરોપી હોજેફા સાથે મારી સાળી ફરીદાએ કરાવેલી. એ વાત ખરી છે કે, સગાઈ પહેલાં અમોએ આરોપીઓના ઘર વિશેની સમાજના વ્યક્તિઓ મારફતે તપાસ કરાવેલી, આ તપાસ દરમ્યાન આરોપી હોજેફા નોકરી કરતા અને તેમના પિતા ઈલેકટ્રિકનું કામ કરતા. તપાસ દરમ્યાન આરોપીઓનો પરિવાર સારો અને યોગ્ય લાગતા

અમોએ અમારી દીકરી જૈનબની સગાઈ હોજેફા સાથે કરાવેલી. એ વાત ખરી છે કે અમે બન્નેના પરિવારોએ પોતાની રાજીખુશીથી અમારા સમાજના રીતરિવાજ મુજબ હોજેફા અને જૈનબના લગ્ન કરાવેલા. એ વાત ખરી છે કે આ બન્નેના લગ્ન સમય અમો બન્નેના સગાસંબંધીઓ હાજર હતા.

૧૭. એ વાત ખરી છે કે આ લગ્નમાં હોજેફાના કાકાના દીકરાનો જૈનબની કાકીને ધક્કા બાબતે ઝઘડો થયેલો. જેને કારણે તેઓ બન્ને વચ્ચે ઝઘડો થયેલો. એ વાત ખરી છે કે જેના કારણે હોજેફાના કાકાના દીકરા તથા મારા ભાઈભાભીનો તેઓ વચ્ચે સંબંધ નથી. એ વાત ખરી છે કે, મારી પત્ની અમારા ઘરે માળા બનાવવાનું કામ કરે છે અને આ માળાનો કાચો માલ લેવા માટે મારી પત્ની મારી દીકરી ઝૈનબને જણાવતી. આ માળાનો કાચો માલ મારી દીકરી ઝૈનબ ચૌટાબજારમાંથી વેપારીઓ પાસેથી ખરીદી પાર્સલ અમોને મોકલી આપતી હતી અને આ માળા તૈયાર થયા બાદ મારી પત્ની મારી દીકરી જૈનબને સુરત મુકામે મોકલતી અને મારી દીકરી ઝૈનબ આ માલ પાર્સલ છોડાવીને વેપારીઓને જાતે આપવા જતી. એ વાત ખરી છે કે, તૈયાર માળા & વેપારીએ ઝૈનબ આપતી તે વેપારી પાસેથી પૈસા લેતી અને પોતાની પાસે રાખતી અને અમો જયારે સુરત આવીએ ત્યારે અમોને આપી દેતી. એ વાત ખરી છે કે આ માળાઓના માલ બાબતે અમોએ તથા અમારી પત્નીએ વારંવાર સુરત મુકામે આવવું જવું પડતું હતું. એ વાત ખરી છે કે સુરત આવ્યા બાદ અમો ઝૈનબના સાસરે જઈ માલના પૈસાનો હિસાબ કરી ઝૈનબ અમોને પૈસા આપી દેતી હતી. એ વાત ખરી છે કે જયારે અમો મારી દીકરી જૈનબને મળવા તેણીના સાસરે જતા હતા ત્યારે કોઈક વખત જમીને પરત આવતા હતા. એ વાત ખરી છે કે, મારી દીકરી ઝૈનબ તેણીના સાસરે બુરખામા લગાવવામાં આવતા કોશીયોના ફુલ બનાવવાનું કામ કરતી હતી અને આ જે કામ કરતી હતી તે જૈનબ પોતે એકલી જ કામ કરતી હતી અને તેનો કાચો માલ લાવવાનું તેમજ તૈયાર થઈ ગયેલ માલ પોતે જ આપવા લેવા માટે જતી હતી. મલેકાબેન મારી બહેનની દીકરી (ભાણેજ) થાય છે. એ વાત ખરી છે કે મલેકાબેન પણ બુરખામાં લગાવવાના કોશીયાના ફુલ

બનાવવાનું કામ કરે છે. એ વાત ખરી છે કે, આ કામ બાબતે મલેકાબેન અને મારી દીકરી ઝેનબને વારવાર મળવાનો પ્રસંગ બનતો હતો. એ વાત ખરી છે કે, મલેકાબેન પણ કામ લેવા માટે ઘણી વખતે જૈનબના ઘરે કાચો માલ લેવા જતી અને માલ તૈયાર થાય ત્યારે પરત આપવા જતી હતી. એ વાત ખરી નથી કે, મારી દીકરી ઝૈનબે પોતે આત્મહત્યા કરી લેશે તેવી ધમકી આપતા તેની જાણ તેણીના પતિ હોજેફાએ અમોને કરેલી. એ વાત ખરી છે કે, બનાવના પંદર દિવસ પહેલા મારી દીકરી ઝૈનબ તથા મારી ભાણેજ મલેકા તથા મારી બીજી દીકરી ફાતેમા તથા તેણીઓની અન્ય બહેનપણીઓ મધ્યપ્રદેશ મુકામે આવેલ બહારાનપુર મુકામે આવેલ દરગાહે ગયેલા. એ વાત ખરી છે કે, હોજેફા પારલે કંપનીમાં નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે, તે સવારે નોકરી ઉપર જઈ નોકરી પૂરી થયા બાદ સાંજે ઘરે આવતા. એ વાત ખરી છે કે, હોજેફાની બહેન બટુલ પરણીત છે અને તે ઉધના મુકામે તેમના સાસરે રહે છે. એ વાત ખરી છે કે, તેણીને સંતાનમાં એક બાબો છે. એ વાત ખરી છે કે, અગાઉ મારી દીકરી અને તેણીના સાસરીઓ વચ્ચે કહેવાતા જે ઝઘડાઓ થતા હતા તે બાબતે મે કે મારા પરિવારજનોએ પો.સ્ટે.માં કે અમારા સમાજમાં આરોપીઓ વિરુધ્ધ કોઈ ફરિયાદ કરેલ ન હતી. એ વાત ખરી છે કે, જૈનબને રસોઈ બનાવવાનું કામ સારી રીતે આવડતું હતું. એ વાત ખરી છે કે, જૈનબના સાસરે સમાજ તરફથી રોજ જમવાનું જતું હતું. મારી દીકરીએ ધોરણ–૧૨ સુધી અભ્યાસ કરેલો છે. એ વાત ખરી છે કે જયારે મારા કરીયાણાની દુકાનમાં કામ કરતી ત્યારે કરીયાણાની દુકાનનો હિસાબ–કિતાબ રાખતી. એ વાત ખરી છે કે મારી દીકરીના હસ્તાક્ષરો હું ઓળખું છું. મને તમો તમારી પાસેથી છ અલગ–અલગ કાગળની કાપલીઓ બતાવી પુછો છો કે તેમના હસ્તાક્ષર તમે ઓળખો છો. જેના જવાબમાં જણાવું છું કે તે પૈકી એક કાપલીમાં ઝૈનબના હસ્તાક્ષરો છે તે ઓળખી બતાવું છું જે કામમાં દાખલ આંક–૩૬ આપવામાં આવે છે. બાકીના કાપલીઓમાના હસ્તાક્ષરો ઝૈનબના ન હોવાનું જણાવું છું. જે કાપલીઓ કામમાં રજુ છે જેને માર્ક એ, બી, સી. ડી, ઈ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે અમારા સમાજના રીતરીવાજ મુજબ અમો વેવાઈ સાથે એકબીજાના સારા નરસા પ્રસંગની

વાતચિત કરતા હતા. મારી દીકરી અને મારા જમાઈ ત્રણેક વખત સાથે અમારા ઘરે આવેલા. એ વાત ખરી છે કે તેઓ બન્ને રાજીખુશીથી ઘરે આવતા તથા તેઓ જમીને રાજીખુશીથી પરત જતા અને કયારેક રાત પણ રોકાતા પણ હતા. એ વાત ખરી છે કે મારી દીકરીને લગ્ન જીવન દરમ્યાન કોઈ સંતાન ન હતું. એ વાતની મને ખબર નથી કે હોજેફા મારી દીકરી ઝૈનબને સંતાન પ્રાપ્તી બાબતે બાફસ હોસ્પિટલ તેમજ મુગલીસરામાં આવેલ ડૉ.આયસાબેનને ત્યાં સારવાર કરાવતા હતા. એ વાતની મને ખબર નથી કે, આ બાબતની કોઈ સારવાર કરાવતા હોય. મારી દીકરી જૈનબ ફોન દ્વારા જે ત્રાસ બાબતની હકીકત જણાવેલ તે કઈ તારીખ, કયા મહિનો અને કયા વર્ષમાં કહેલ તે કહી શકુ નહીં. એ વાત ખરી છે કે મારી દીકરી ઝૈનબની મેં લાશ હોસ્પિટલમાં જોયેલ ત્યારે તેણીને માથાનાભાગે, હાથના ભાગે તથા ગળાના ભાગે ઈજા જોયેલ તેના કારણે લાશ લોહીથી ખરડાયેલી હતી. કપડા લોહીવાળા ન હતા. મેં પોલીસમાં જે નિવેદન આપેલ તે મેં વાંચેલ નહી પરંતુ પોલીસે વાંચી સંભળાવેલ અને તે નિવેદન બરાબર હોવાથી તેના ઉપર મે સહી કરેલી એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલું કે " તેણે શા કારણે આત્મહતયનું પગલું ભરેલ તેની મને ખબરનથી." એ વાત ખરી નથી કે, મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ કે, " મારી દીકરી જૈનબનો પતિ શરમાળ અને વ્યવસ્થિત રહેતા આવેલ અને મારા જમાઈની આજદિન સુધી મારી દીકરીને ફરીયાદ ન હતી." સદર હકીકતો જો મારા પોલીસ રુબરુના નિવેદનમાં હોય તો એ વાત ખોટી છે. એ વાત ખરી છે કે મલેકાના લગ્ન મારી દીકરી ઝૈનબના લગ્ન બાદ થયેલા. એ વાતની મને ખબર નથી કે બનાવ વખતે મલેકા પેગ્નેટ હતી. એ વાત ખરી નથી કે મારી દીકરીને સંતાન ન હોવાથી તેણી અપસેટ હતી. એ વાત ખરી છે કે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એ હકીકત લખાવેલ નથી કે, "મે મારી પત્ની તસ્લીમબેનને આ બાબતે પુછતા તેણીએ મને કહેલું કે આપણી દીકરી ઝૈનબના સાસરેથી કોઈ ફોન આવેલો નથી અને મને કંઈ ખબર નથી. આથી અમોએ તેઓને ત્રણેક નંબર હતા તેની ઉપર ફોન કરી હકીકત જાણવાની કોશિષ કરેલી પરંતુ તેઓએ અમારા ફોન લીધેલા નહીં."

તથા "આ ફોન બનાવના દિવસે રાત્રે આશરે ૮–૧૫ કલાકથી ૮–૩૦ કલાક દરમ્યાન આવેલો. તેમાં મને મારા સાઢુભાઈએ કહેલુ કે હુ અત્યારે ઝૈનબના સાસરે પહોચેલો છું." તથા મારી દીકરી ઝૈનબ અમોને ફરીયાદ કરતી હતી કે મારા સાસુ તથા નણંદ મને માનસિક ત્રાસ આપે છે તેમજ મારા પતિ મને બહાર ક્યાંય જવું હોય તો જવા દેતા નથી અને અમારા કોઈ સગાને ત્યાં પણ જવા દેતા નથી અને જઈએ તો પણ અમો સાથે જઈએ છીએ. અને નાની મોટી બાબતે ઝઘડો કરી ત્રાસ આપી મહેણાટોણા મારે છે." એ વાત ખરી છે કે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એ હકીકત લખાવેલ નથી કે," બનાવના આઠ દશ દિવસ પહેલા ઉધના ખાતે મારી બહેન ઝૈનબ રહે છે તેમના ઘરે મારી દીકરી ઝૈનબ તથા તેના પતિ હોજેફા મળવા માટે ગયેલા અને તે વખતે ઉધના રહેતા હોજેફાના બહેન બટુલના ઘરે જવા બાબતે મારી દીકરી તથા તેના પતિ વચ્ચે મારી બહેન ઝૈનબના ઘરે ઝઘડો થયેલો. ત્યારબાદ મારી દીકરી જૈનબ તથા તેના પતિ હોજેફા તેમના ઘરે આવી ગયેલા. અને આ આઠ દિવસ દરમ્યાન તેઓ બન્ને વચ્ચે ઝઘડો ચાલતો હતો અને ત્યારબાદ બાદ શનિવારના દિવસે બનાવ બનેલો." એ વાત ખરી છે કે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એ હકીકત લખાવેલ નથી કે, "બનાવ બાદ મારી સાળી ફરીદાબેન મારી છોકરીના સાસરે વેવાઈ પક્ષનાઓએ બોલાવતા ગયેલા તે વખતે મારી દીકરીનું શબ જમીન ઉપર સુતેલી હાલતમાં હતું. તથા મારા સાઢુભાઈ મારી દીકરીના સાસરે બનાવ બાદ ગયેલા. તેઓએ મને ઈજા બાબતે કઈ જણાવેલું નહી." એ વાત ખરી નથી કે, મારી દીકરીને આરોપીઓ તરફથી કોઈ ત્રાસ ન હતો પરંતુ મારી દીકરીને સંતાન ન થવાને કારણે તેણી દુઃખી રહેતી હોય જેથી તેણે આપઘાતનું પગલું ભરેલું. એ વાત ખરી છે કે મે પોલીસ રુબરુ એ હકીકત જણાવેલી કે મારી દીકરીને મારી નાંખવામાં આવેલ છે તેવો શક હતો તેવું જણાવેલ. એ વાત ખરી નથી કે મારી દીકરી જૈનબે ફોન ઉપર તથા રુબરુમાં ફકત તેણી પોતે સુખી હોય તેવી જ હકીકત જણાવેલ પરંતુ તેણીને આરોપીઓ ધ્વારા ત્રાસ આપવામાં આવતો હોય કે ઝઘડો કરવામાં આવતો હોય તેવી કોઈ હકીકત જણાવેલ ન હતી. એ વાત ખરી નથી કે, હું આરોપીઓને સદર કેસમાં ખોટી રીતે

સંડોવવા આજરોજ નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપું છું."

૧૩) આ કામે ફરિયાદ પક્ષના મહત્વના સાહેદ **મરણ જનારના બહેન–ફાતેમા અબ્બાસ વોરા**ને સાહેદ નં.૧૨ તરીકે આંક–૩૭ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૧૩ ની સાલમાં તેઓ, તેમના માતા–પિતા તથા ભાઈ–બહેન સાથે વ્હોરવાડ મહોલ્લામાં રહેતી હતી અને કોલેજમાં અભ્યાસ કરતી હતી. તેમના પિતાજીની સુરેન્દ્રનગર ખાતે "હુશેની પ્રોવિઝન સ્ટોર" નામની કરિયાણાની દુકાન આવેલી છે. તેમની માતા તસ્લીમબેન ઘરકામ કરે છે. તેમને એક ભાઈ નામે શોયેબ કરીને છે, જે હાલ અભ્યાસ કરે છે અને તેમનાથી મોટી બહેન જૈનબના લગ્ન સને ૨૦૧૦ ની સાલમાં તેમના સમાજના રીતરિવાજ મુજબ ધામધૂમથી થયેલા અને ત્યારથી તે તેના સાસરે સુરત રહેવા આવેલી. તેમની બહેન જૈનબ તા.૨૧/૧૧/૨૦૧૩ ના રોજ સુરત મુકામે તેણીના સાસરે હતી તે દરમ્યાન ગુજરી ગયેલી. આ તેમની બહેન ગળે ફાંસો ખાઈને તેમના સાસરે ગુજરી ગયેલી. તેમનું પોલીસે આ બનાવ સંબંધી નિવેદન લીધેલું. તારીખ ૨૧/૧૧/૨૦૧૩ ના રોજ એટલે કે, તેમની બહેન ગુજરી ગયેલ તે જ દિવસે ફોન આવેલો. ફોન ઉપર તેમને ખબર–અંતર પૂછેલા અને મમ્મી કયાં છે તેવું પૂછેલું તે વખતે તેમની મમ્મી ઘરમાં ન હતી તેથી તેમણે જણાવેલ કે, મમ્મી બહાર છે. તેમને ફોન ઉપર તેમની બહેને એવું જણાવેલું કે, "અમારા ઘરે અમારી નણંદ આવે છે અને મારી સાસુને ચઢાવે છે અને તેથી મારા પતિ, મારા સાસુ સાથે મારે ઝઘડો થાય છે અને મારી સાસુ ઘરકામ બાબતે મહેણાંટોણાં મારે છે" અને એવું પણ ફોન ઉપર જણાવેલ કે, "ગઈ રાત્રે અમારા ઘરમાં ઝઘડો થયેલો અને મારા સસરા ખૂબ જ ખરાબ બોલેલા અને લાગી આવેલું અને દુઃખી છું." તે વાત મમ્મીને કહેશે અને મમ્મીને એવું પણ કહેજે કે, "હોજેફાને ફોન કરે અને તે બાબતે વાત કરે." હોજેફા મારા બનેવી થાય છે અને આટલી વાત કરી તેમની બહેને ફોન મૂકી દીધેલો. ત્યારબાદ તેમના મમ્મી બપોરે ઘરે પરત આવેલા પરંતુ બહેનનો ફોન આવેલો તે વાત હું કરવાનું ટયુશન ગયેલી જેથી ભૂલી ગયેલી અને

સાંજે ટ્યુશનથી આવીને બહેનનો ફોન આવેલો તે બાબતે તેમની મમ્મીને વાત કરતી હતી એટલામાં તેમના પપ્પા ઘરે આવી ગયેલા તેવામાં સુરતથી તેમના પપ્પા ઉપર તેમના માસા શબ્બીરભાઈનો ફોન આવેલો અને ફોન ઉપર તેમના માસા શબ્બીરભાઈએ તેમના પપ્પાને કહેલું કે, જૈનબના ઘરે કંઈ બનાવ બનેલો છે, તમે ફોન કરીને તપાસ કરો. એટલે તેમના પપ્પાએ, તેમની મમ્મીએ તથા તેમણે વારાફરતી તેમની બહેન, તેની સાસુ–સસરા, તેના પતિ બધા ઉપર ફોન કરેલો પરંતુ કોઈએ ફોન ઉપાડેલો નહીં આથી તેમના પપ્પાએ સુરતમાં રહેતા તેમના બીજા સગા તેમના કાકા તથા તેમના માસા શબ્બીરભાઈને ફોન કરેલો અને તે વખતે ફોન ઉપર તેમના માસા શબ્બીરભાઈએ ફોન ઉપર જણાવેલું કે, "જૈનબે ગળે ફાંસો ખાધો છે અને તે સીરીયસ છે અને તમો લોકો સુરત આવી જાવ" અને તેથી તરત તેમના મમ્મી, પપ્પા સુરત આવવા નીકળી ગયેલા અને સુરેન્દ્રનગરમાં રહેતા તેમના માસા–માસી પણ સુરત આવવા નીકળી ગયેલા અને ત્યાર પછી થોડીવારમાં તેમના પપ્પાનો તેમની ઉપર ફોન આવેલો. "તમે તૈયાર થઈ રહો ગાડી લેવા આવશે." જેથી અમોને ગાડી લેવા આવતા સુરત આવવા નીકળેલા અને જે ગાડી આવેલી તેમાં તેઓ લીમડી પહોંચેલા અને ત્યાંથી સુરત આવેલા તેઓ સુરત ૨૨મી તારીખે આવેલા. તેઓ સુરત આવીને સીધા તેમના કાકા શબ્બીરભાઈના ઘરે ગયેલા તે વખતે તેમના પપ્પા–મમ્મી, તેમના કાકા શબ્બીરભાઈના ઘરે હાજર હતા અને સુરત પહોંચ્યા બાદ તેમના કાકાના ઘરે તેમને ખબર પડેલી કે, તેમની બહેન જૈનબ ગુજરી ગયેલી છે. તેમની બહેન તેણીના સાસરે છેલ્લા રુમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાયને મરી ગયેલ. તેમની બહેન ગુજરી ગયા બાદ તેણીની ડેડબોડી પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ લઈ ગયેલા. તેમને તેમની બહેને એવું પણ જણાવેલું કે, તેમના પતિ તું કયા ગયેલી અને કેમ ગયેલી તે બાબતે વહેમ રાખતા હતા અને એકલી બહાર જવા દેતા ન હતા અને બધે તેમના બનેવી તેમની બહેન સાથે જ જતા હતા. તેઓ આરોપીઓને ઓળખે છે.

વધુમાં સદર સાહેદની આરોપીઓ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, “મેં એમ.કોમ સુધીનો અભ્યાસ કરેલો

છે. મારી બહેન જૈનબ બાર ધોરણ સુધી ભણેલ હતી. અમો બન્નેએ ધોરણ–૧૨ સુધી ચુડામાં અભ્યાસ કરેલો. હું તથા મારી બહેન તેણી કુવારી હતી ત્યારે અમો સાથે અભ્યાસ કરતા હતા. એ વાત ખરી છે કે મારી બહેન જૈનબ અમારા પિતાની કરીયાણાની દુકાનમાં પણ અભ્યાસ કરવા સાથે બેસતી હતી. એ વાત ખરી નથી કે મારી તથા જૈનબના મિત્રો કોમન હતા. એ વાત ખરી છે કે જૈનબના લગ્ન હોજેફા સાથે મારી માસી ફરીદાબેને કરાવેલા. એ વાત ખરી છે કે ફરીદાબેન સુરત મુકામે રહે છે. એ વાત ખરી છે કે આ ફરીદાબેન અમારા તથા આરોપીઓના પણ સગા થાય છે. એ વાત ખરી છે કે જૈનબ તથા હોજેફાના લગ્ન પહેલા એક વર્ષ સુધી સગાઈ રહેલી એ વાત ખરી છે કે સગાઈ દરમ્યાન મારી બહેન જૈનબ તેના સાસરે જતી તથા મારા બનેવી હોજેફા અમારા ઘરે આવતા. એ વાત ખરી છે કે સગાઈ દરમ્યાન મારી બહેન જૈનબ તથા હોજેફા એક બીજાના ઘરે રાજીખુશીથી આવતા જતા હતા. એ વાત ખરી છે કે તેઓના લગ્ન રાજીખુશી અને ધામધુમથી થયેલા. એ વાત ખરી છે કે લગ્નમાં હું પણ હાજર હતી. એ વાત ખરી છે કે લગ્નમા હોજેફાના કાકાના છોકરા તથા મારા કાકી વચ્ચે ધક્કા બાબતે ઝઘડો થયેલો. મારી બહેન જૈનબ સુરત મુકામે બુરખા ઉપર ભરત ગુંથણનું કામ કરતી હતી. એ વાત ખરી છે કે મારી ફોઈની છોકરી મલેકા સાથે તે કામ કરતી હતી. એ વાત ખરી છે કે મલિકા કાંઈ આપવા લેવા માટે જૈનબના સાસરે આવતી હતી. એ વાત ખરી છે કે જૈનબ મલેકાને વારંવાર મળતી હતી. એ વાત ખરી છે કે મલેકાબેન સાથે મારા સારા સંબંધ છે. એ વાત ખરી નથી કે જૈનબના લગ્ન બાદ મારી મલેકા સાથે પણ કોઈક વાર વાત થતી. એ વાત ખરી છે કે મલેકા શુભ અશુભ પ્રસંગ મળવાનું થાય ત્યારે વાતચિત કરવાનો પ્રસંગ બનતો. એ વાત ખરી છે કે જૈનબ પોતાના સાસરામાં ગુંથણનું કામ એકલી કરતી હતી. ભરતગુંથણનું સામાન લેવા તથા આપવા માટે મારી બહેન જૈનબ તથા તેના પતિ હોજેફા સાથે જતા હતા. મારા બનેવી હોજેફા કંપનીમાં જોબ કરતા હતા. એ વાત ખરી છે કે જૈનબના સસરા વાયરમેન તરીકે કામ કરતા હતા. એ વાત ખરી છે કે મારા બનેવી હોજેફા સવારે નોકરી ઉપર નીકળી જતા અને સાંજે પરત ઘરે આવતા. એ વાત ખરી છે કે મારા માતા માળા બનાવવાનું

કામ કરે છે. એ વાત ખરી છે કે મારા માતા માળા બનાવવાનો કાચો માલ જૈનબ પાસે સુરતથી મંગાવતા હતા. એ વાત ખરી છે કે જૈનબ ચૌટાબજારની દુકાનમાંથી માળાનો કાચો સામાન લઈ મારી માતાને મોકલતી તથા મારી માતા તૈયાર માલ જૈનબને મોકલતા તથા જૈનબ જે તે વેપારીને પહોંચતો કરતી. એ વાત ખરી છે કે વેપારીઓ પાસેથી માલની રકમ મારી માતા વતી જૈનબ લઈ લેતી અને તે રકમ મારી માતાને મોકલતી. એ વાત ખરી છે કે મારા માતાપિતા માળાના કામ માટે ઘણી વખત સુરત આવતા હતા. એ વાત ખરી છે કે મારા માતાપિતા સુરત આવતા ત્યારે જૈનબને મળતા અને ત્યારે ઘણી વખતે જૈનબ મારી માતાને રુપિયા આપી દેતી. એ વાત ખરી નથી કે મારા માતાપિતા કોઈક કોઈક વાર જૈનબના ઘરે જમતા તેમજ રાત્રી રોકાણ પણ કરતા હતા. એ વાત ખરી નથી કે મારી માતાનો કાચો માલ લેવા માટે જૈનબ એકલી જતી હતી, મારું કહેવું છે કે તે હોજેફા સાથે જતી હતી. મારુ એવું કહેવું નથી કે મારી બહેન લગ્ન બાદ ઘરમાંથી કયારેય એકલી બહાર જતી જ નહી કયારેક જતી પરંતુ મોટેભાગે એકલી જવા દેતા ન હતા. મારુ એવું કહેવું છે કે જૈનબ સાથે લગ્ન બાદ સતત ઝઘડો થતો. એ વાત ખરી છે કે બનાવના પંદર દિવસ પહેલા હું સુરત આવેલી તથા સુરતથી એમ.પી. મુકામે હું તથા જૈનબ તથા બહેનપણીઓ સાથે બુરહાનપુર દરગાહે ગયેલા. અમો બુરહાનપુર ત્રણ દિવસ રોકાયેલા. એ વાત ખરી છે કે બુરહાનપુરથી પાછા આવીને હું જૈનબના સાસરે બે ત્રણ દિવસ રોકાયેલી, એ વાત ખરી છે કે મે જણાવેલ કે લગ્નબાદ સતત જૈનબ સાથે ઝપડો થતો હતો તે અંગેની કોઈ ફરીયાદ મે કે મારા પિતાએ અમારા સમાજ કે પો.સ્ટે. આપેલી નહી. બનાવના દિવસે મારી બહેનનો કયા નંબર ઉપરથી ફોન આવેલો તે ફોન નબર હાલ મને યાદ નથી. એ વાત ખરી નથી કે હું જણાવું છું તેવો કોઈ ફોન મને તે દિવસે આવેલ ન હોવાને કારણે હું ફોન નંબર યાદ ન હોવાનું જણાવું છું. એ વાત હાલ મને યાદ નથી કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ કે કેમ કે, "અમારા ઘરે અમારી નણંદ આવે છે અને મારી સાસુને ચઢાવે છે અને તેથી મારા પતિ, મારા સાસુ સાથે મારે ઝઘડો થાય છે." એ વાત હાલ મને યાદ નથી કે મે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું

લખાવેલ કે કેમ કે, "એવું પણ ફોન ઉપર જણાવેલ કે ગઈ રાત્રે અમારા ઘરમાં ઝઘડો થયેલો અને મારા સસરા ખુબ જ ખરાબ બોલેલા અને લાગી આવેલું અને દુખી છું." એ વાત ખરી છે કે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે હું ટયુશન ગયેલી જેથી ભુલી ગયેલી." એ વાત ખરી છે કે મારા પોલીસ રુબરુના નિવેદનમાં એવું લખાવેલ નથી કે, "એટલે મારા પપ્પાએ, મારી મમ્મીએ તથા મે વારાફરતી મારી બહેન, તેની સાસુ–સસરા, તેના પતિ બધા ઉપર ફોન કરેલો પરંતુ કોઈએ ફોન ઉપાડેલો નહી." જૈનબના અવસાનના બીજા દિવસે અમો સવારે સવા આઠ સાડા આઠ વાગે સુરત પહોંચેલા. અમો સુરત મુકામે કાકા–કાકીના ઘરે સીધા ગયેલા. હું જયારે મારા કાકા કાકીના ઘરે પહોંચેલ ત્યારે મારા માતાપિતા ત્યાં જ હતા. હું ત્યારબાદ કર્યાય ગયેલી નહીં મારા મમ્મી પપ્પા ગયેલા, કેટલો સમય પછી ગયેલા તે મને ખબર નથી અને મારા મમ્મી પપ્પા પરત કયારે આવેલા તે પણ હું કહી શકું નહીં. અમો ત્યારબાદ વીધી કરવા માટે સુરત રોકાયેલા અને વિધી કરીને પરત જતા રહેલા સુરત કેટલા દિવસ રોકાયેલા તે હાલ યાદ નથી. પોલીસને મારે મળવાનો પ્રસંગ બનેલો. પોલીસ મારે ત્યાં આવેલી નહી પરંતુ હું મારા મમ્મી પપ્પા સાથે પો સ્ટે. ગયેલી એ વાત ખરી નથી કે અમારી બધાની સાથે પુછપરછ થયેલી. એ વાત ખરી છે કે જૈનબના લગ્ન બાદ મારી ફોઈની છોકરી મલેકાના લગ્ન થયેલા. એ વાત ખરી છે કે બનાવ અને લગ્ન વચ્ચે ત્રણ વર્ષનો સમયગાળો હતો. એ વાત ખરી છે કે આ સમયગાળા દરમ્યાન મારી બહેન પેગ્નેટ થયેલ નહી. એ વાતની મને ખબર નથી કે આ બાબતની ટ્રીટમેન્ટ સુરત મુકામે ચાલતી હતી. ટ્રીટમેન્ટ બાબતે મારી બહેને મને કોઈ માહિતી આપેલી નહી. એ વાતની મને ખબર નથી કે બનાવ સમયે મારી ફોઈની દીકરી મલેકા પેગ્નેટ હતી. એ વાત ખરી નથી કે મારી બહેનને પેગ્નેન્સી ન હોવાને કારણે તે ઘણી ડીસ્ટબ રહેતી હતી. એ વાત ખરી નથી કે મારી બહેનના લગ્નબાદ મલેકાના લગ્ન થયેલ અને તેણી પેગ્નેટ હોય જેથી મારી બહેનને પેગ્નેન્સી ન આવતા તેણી ઘણી દુઃખી હતી. એ વાત ખરી નથી કે મારી બહેને આરોપીઓ વિરુધ્ધ ઝઘડા બાબતે મને ફોન ધ્વારા કે રુબરુ કોઈ જાણ કરેલ નથી. એ વાત ખરી નથી કે મારી બહેને બનાવ સમયે

કોઈ ફોનથી આરોપીઓ વિરુધ્ધ માહિતી આપેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને ખોટી રીતે આ કેસમાં સંડોવવા હું નામદાર કોર્ટને ખોટી જુબાની આપું છું."

૧૪) આ કામે ફરિયાદ પક્ષ તરફે **ફરિયાદીના બનેવી–શબ્બીરભાઈ સાદીકઅલી બદાણી**ને સાહેદ નં.૧૦ તરીકે આંક–૩૩ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૨૦ વર્ષથી રિક્ષા ચલાવી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ તા.૨૧/૧૨/૨૦૧૩ ના રોજ સાંજના સમયે લીંબાયત વિસ્તારમાં રિક્ષા લઈને ગયેલો હતો. તે વખતે તેમની પત્ની ફરીદાનો તેમના ઉપર ફોન આવેલ અને જણાવેલ કે, "જેનબને કંઇક થઇ ગયેલ છે, તમો તાત્કાલિક ઘરે આવો." જેથી તેઓ તરત જ રિટર્ન થયેલ અને તેઓ વાડીફળિયાથી આવતા હતા તે વખતે રસ્તામાં એમ્બ્યુલન્સ–૧૦૮ મળેલ. જેથી તેઓ ૧૦૮ એમ્બ્યુલન્સની પાછળ ગયેલા અને સદર એમ્બ્યુલન્સ–૧૦૮ હોજેફાના ઘરે ગયેલ અને તેઓ પણ ત્યાં ગયેલ અને તેઓ ડૉક્ટરની સાથે ઉપર ઘરમાં ગયેલ અને ડૉક્ટરે તપાસી કેસ ફેલ છે, તેવું જણાવેલ, ત્યાં તેમની પત્ની હોજેફા જાકીરભાઈ હાજર હતા અને બીજા ઘરના સભ્યો પણ હાજર હતા. જાકીર તેમના માસીનો દીકરો થાય છે. જે જાકીરભાઈ જે મરનારના સસરા થાય છે અને ત્યારબાદ તેમને જાણવા મળેલ કે, મરનારે ગળે ફાંસો ખાઈ લીધેલ છે અને તેને મરનારના પતિ થકી તકલીફ હતી તેવું જાણવા મળેલ. આ સિવાય તેઓ બીજું કંઈ જાણતા નથી. પોલીસે તેમનું તા.૨૨/૧૨/૧૩ નું નિવેદન લીધેલું. આરોપીઓને તેઓ ઓળખી શકે છે.

વધુમાં સદર સાહેદની આરોપીઓ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, "ગુજરનાર જેનબ મારી સાળીની છોકરી થતી હતી. મારી પત્નીનું નામ ફરીદા છે. એ વાત ખરી છે કે, મારી પત્ની ગુજરનાર તથા આરોપીઓ હોજેફાના લગ્ન કરાવવામાં મધ્યસ્થ રહેલા. એ વાત ખરી છે કે, લગ્ન કરાવતા પહેલા એકબીજાના ખાનદાન અંગે તપાસ કરાવવામાં

આવેલી. એ વાત ખરી છે કે, મારી પત્ની ફરિયાદ પક્ષના તથા આરોપીઓના ખાનદાનથી સારી રીતે પરિચિત છે. એ વાત ખરી છે કે, આરોપી હોજેફા સારી નોકરી કરતા હોઇ તેમજ સારૂ કુટુંબ હોઇ મારી પત્નીએ મધ્યસ્થી થઇને લગ્ન કરાવેલા. એ વાત ખરી છે કે, જેનબ મારે ત્યાં અવાર–નવાર આવતી હતી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે તેના પતિ સાથે આવતી હતી. એ વાત ખરી છે કે, મારી પત્ની કોઇક કોઇક વાર તેઓને જમાડીને મોકલતી. એ વાત ખરી છે કે, કોઇક વખત હું તથા મારી પત્ની જેનબને મળવા તેના સાસરે જતા હતા. એ વાત ખરી નથી કે, ગુજરનાર જેનબે તેને આપવામાં આવતા ત્રાસ વિશે અમારા સમાજમાં કે કોઇ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલ નહીં. હવે કહું છું કે, તે વાત ખરી છે કે, જેનબે અમારા સમાજમાં કે પોલીસમાં કોઈ ફરિયાદ કરેલ નથી. એ વાત ખરી છે કે, મને એ વાતની જાણકારી છે કે, આરોપી હોજેફા નોકરી કરે છે તથા તેના પિતા પણ બહાર કામ કરવા જાય છે. એ વાત ખરી છે કે, જેનબ પણ બુરખામાં ફૂલ ગૂંથવાનું કામ કરતી હતી. તે વાતની મને જાણ નથી કે, જેનબ ક્યારેક પોતાનો કાચો સામાન લેવા બજારે જતી હતી. એ વાત ખરી છે કે, જેનબના લગ્ન રાજીખુશીથી તથા અમારા સમાજના રીતરિવાજ પ્રમાણે કરવામાં આવેલા. હું જેનબની અંતિમક્રિયામાં ગયેલો હતો તે સમયે બંને તરફના સગા સંબંધીઓ, આરોપીઓ બધા હાજર હતા. મને પોલીસે બનાવ બનેલો ત્યારથી આજદિન સુધી બોલાવેલ નથી. પોલીસવાળા મારી પાસે આવેલ હોય, તેવું કોઈ બનેલ નથી. તે વાત ખરી નથી કે, મરનાર જેનબ મારી સાળીની દીકરી થતી હોય તથા ફરિયાદી મારી સાળી થતી હોય તેને મદદરૂપ થવા ખોટી જુબાની આપું છું."

**<u>પંચ સાહેદોનો પુરાવોઃ–</u>**

**૧૫)** ફરિયાદ પક્ષે મરણ જનારના કપડાં કબજે કર્યાનું પંચનામું આંક–૨૬ થી રજૂ થયેલ છે, સદર પંચનામાના પંચ સાહેદ–રામુભાઈ મગનભાઈ ખત્રીને સાહેદ નં.૧ તરીકે આંક–૧૫ થી તેમજ સદર પંચનામાના અન્ય પંચ સાહેદ–ઐયુબ યુસુફ પટેલને સાહેદ નં.૨ તરીકે આંક–૧૭ થી

તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ નથી, જેથી સદર સાહેદોને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં ઉપરોકત પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી સદર પંચનામાની હકીકતો ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થતી નથી.

**૧૬)** ફરિયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું આંક–૨૦ થી રજૂ થયેલ છે, સદર પંચનામાના પંચ સાહેદ–મુસ્તુફાભાઈ મોજીભાઈને સાહેદ નં.૩ તરીકે આંક–૧૯ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામાની હકીકતોને સમર્થનકારી જુબાની આપેલ નથી, જેથી સદર સાહેદને ફરિયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરેલ છે અને વિ.એ.પી.પી.શ્રીએ ઊલટતપાસમાં પૂછી શકાય તેવા વિસ્તૃત પ્રશ્નો પૂછેલ છે, તેમ છતાં આંક–૨૯ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. જેથી સદર પંચનામાની હકીકતો ફરિયાદ પક્ષના કેસને મદદરૂપ થતી નથી.

**૧૭)** ફરિયાદ પક્ષે બનાવવાળી જગ્યાનું પંચનામું આંક–૨૦ થી રજૂ થયેલ છે, સદર પંચનામાના પંચ સાહેદ–યુનુશભાઈ ફીદાહુસેનને સાહેદ નં.૪ તરીકે આંક–૨૧ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, આજથી ત્રણ વર્ષ પહેલા તેમના ફલેટની સામે બનાવ બનેલો ત્યારે પોલીસે તેમને કાગળોમાં સહી કરવા કહેતા સહી કરેલી. બનાવ તેમની સામેના ફલેટ નં.૧૦૪ માં બનેલ. બનાવવાળા દિવસે તેઓ તેમની પત્નીના કીડની સારવાર માટે હોસ્પિટલ અમદાવાદ ગયેલ હતા અને ત્યાંથી પરત આવેલ હતા તે સમયે તેમની બિલ્ડિંગમાં ભીડ જામેલી હતી. જેથી તેઓ ભાગીને તેમના ફલેટ નં.૧૦૨ પાસે પહોંચેલા. તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે ફલેટ નં.૧૦૪ માં જૈનમને કોઈ કાંદો સુંઘાડતું હતું. જૈનમ તે સમયે જમીન ઉપર ગોદડા ઉપર પડેલી હતી. તે સમયે બેભાન હતી. જેથી તેઓ

ડૉકટરને લેવા માટે નીચે ભાગીને ગયેલા. તેમના ફેમીલી ડૉકટર તેમના એપાર્ટમેન્ટની સામે તેઓનું કલીનીક છે તેમને લેવા ગયેલા અને ત્યારે એપાર્ટમેન્ટની નીચે જૈનમના પતિ હોજેફાભાઈ નીચે ઉભા હતા. ત્યારબાદ હોજેફાભાઈ ડૉકટરને લઈને તેમની સાથે ફલેટ ઉપર આવેલા. ડૉકટરે જૈનમબેનને તપાસેલા અને ડૉકટરે તેમને જણાવેલું કે, જૈનમબેન ગુજરી ગયેલ છે. ત્યારબાદ ૧૦૮ એમ્બ્યુલન્સ આવેલી અને લઈ ગયેલા. જૈનમબેન કેવી રીતે ગુજરી ગયેલ તેની માહિતી નથી પરંતુ લોકો એવું કહેતા હતા કે, તેણીએ ગળે ફાંસો ખાઈ લીધેલ હતો. પોલીસે તેમનું નિવેદન લીધેલું અને પોલીસે પંચનામું બનાવેલ હતું, તેમાં તેમની સહી લીધેલી. જે આંક–૨૦ નું પંચનામું જોઈને સદર સાહેદ તેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. બનાવ બન્યા બાદ તેઓ તે ફલેટમાં ગયેલ નથી અને તેમણે ત્યાંનો મુખ્ય રુમ, રસોડું જોયેલ ન હતા. પોલીસે બેડરુમમાં ઉંચાઈ વગેરેની માપણી કરતા હતા પરંતુ તેમને ચોકકસ ખ્યાલ નથી. તેઓ મુખ્ય રુમમાં હતા. ત્યાં પોલીસવાળાને એક દુપટ્ટો આપેલો તે પોલીસવાળા લઈ ગયેલા. તે દુપટ્ટો કયા રંગનો હતો તે હાલમાં તેમને ખ્યાલ નથી. તે દુપટ્ટો પોલીસે જાતે લીધેલો. આ તમામ કાર્યવાહી કરી ત્યારે ઝાકીરભાઈ હાજર હતા.

વધુમાં સદર સાહેદની આરોપીઓ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ અમદાવાદથી સાંજે સાત સવા સાતેક વાગે આવેલા. એ વાત ખરી છે કે, તે સમયે બનાવવાળી જગ્યાએ ઘણી વ્યક્તિઓ ભેગી થઈ ગયેલી. એ વાત ખરી છે કે, આરોપીઓ જે તે સમયે ઝાકીરભાઈ સાથે તેમના ઘરમાં જ હતા. એ વાત ખરી છે કે, આરોપી હોજેફાભાઈ એમ્બ્યુલન્સ બોલાવવા નીચે ગયેલા. એ વાત ખરી છે કે, તેઓ ડૉકટરને લઈને આવેલા. ત્યારબાદ પોલીસ આવેલી નહીં. પોલીસ સાથે તેમની મુલાકાત તે જ દિવસે સાડા આઠ વાગે થયેલી. તેમને ત્યારબાદ પોલીસ સાથે કોઈ જગ્યા ઉપર જવાનું થયેલું નહીં. એ વાત ખરી છે કે, પોલીસે તેમની બનાવ બાબતે પૂછપરછ કરેલી. ત્યારબાદ તેમની સહી લીધેલી તથા તે સિવાય તેમની રૂબરૂમાં કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવોઃ</u>–**

૧૮) ત્યાર બાદ આ કામે ફરિયાદીની ફરિયાદ લખનાર પોલીસ સાહેદ–નરેશકુમાર મનસુખભાઈ કણઝરીયાને સાહેદ નં.૧૩ તરીકે આંક–૪૦ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, સને ૨૦૧૩ ની સાલમાં તેઓ મદદનીશ પોલીસ કમિશ્નર "સી" ડિવીઝન સુરત શહેર તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન તારીખ–૨૩/૧૨/૨૦૧૩ ના રોજ ફરિયાદી નામે તસલીમ અબ્બાસભાઈ હુસૈનભાઈ વોરાનાએ તેમની રૂબરૂ ફરિયાદ લખાવતા તેમણે તેમના લખાવ્યા મુજબ ફરિયાદ લખી દિધેલી. જે ફરિયાદ આંક–૨૭ થી રજૂ છે, તે જોઈને તે, તે જ હોવાનું અને તેમાં લખેલી હકીકત ફરિયાદીના લખાવ્યા મુજબની સાચી હોવાનું તેમજ તેમાં ફરિયાદીએ તેમની રૂબરૂ સહી કરેલી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તેમજ રૂબરૂ તરીકે પોતાની સહી કરેલી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદે આંક–૪૧ થી રજૂ સુચિપત્ર જોઈને તેમણે પી.એસ.ઓ. સલાબતપુરા પોલીસ સ્ટેશન સુરતનાને ફરિયાદીની તેમની રૂબરૂની ફરિયાદ મોકલી આપેલ જે અંગે ગુના રજિસ્ટર કરી આગળની તપાસ પો.સ.ઈ. આર.ડી.ચૌહાણનાઓને સોંપવાનો રીપોર્ટ કરેલો. આ કામે તેમણે મરનારનું ઈન્કવેસ્ટ પંચનામુ કરેલું, જે પંચનામું વધારાના એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ, સુરત શહેરના શ્રી જે.આર.કાપડીયા દ્વારા કરવામાં આવેલું. જેમાં તેઓની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે તેમજ તેમણે ઈન્કવેસ્ટ સાથે લાશનું પોસ્ટમોર્ટમ કરાવવા માટે રિપોર્ટ કરેલો તે રજૂ છે, જેમાં તેમની મદદનીશ પોલીસ કમિશ્નર "સી" ડિવીઝન સુરતના શહેર તરીકે સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે, જે ઈન્કવેસ્ટ પંચનામુ તથા તેમનો રિપોર્ટ આંક–૧૮ થી રજૂ છે.

વધુમાં સદર સાહેદની આરોપીઓ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, “એ વાત ખરી છે કે, આત્મહત્યા અંગેનો બનાવ બને તો તે વિસ્તારના પોલીસ અધિકારી બનાવ અંગેની મને

જાણ કરે. બનાવ અંગેની જાણ મને તારીખ ૨૨/૧૨/૧૩ ના રોજ બપોરના ૨-૦૦ વાગ્યાના અરસામાં થયેલી. એ વાત ખરી નથી કે, મેં ફરિયાદ કરી તે પહેલાં એ.ડી. દાખલ કરવામાં આવેલી. મેં જ્યારે ફરિયાદ લીધેલી ત્યારે આ કેસના કોઈ પેપર્સ ન હતા. એ વાત ખરી છે કે, ગુજરનારના અન્ય સંબંધીઓ સુરતમાં રહેતા હોવાની મને જાણકારી મળેલી. એ વાતની મને ખબર નથી કે, બનાવ બન્યો તે વખતે મરનારના સગાઓ ત્યાં ભેગા થઈ ગયેલા હતા. મેં લાશ જોયેલી. મેં લાશ સિવિલ હોસ્પિટલમાં તારીખ ૨૨/૧૨/૨૦૧૩ ના રોજ બપોરે ૨-૦૦ વાગ્યે જોયેલી. એ વાતની મને ખબર નથી કે, સિવિલ હોસ્પિટલમાં મેં લાશ જોયેલી ત્યાં તેમના સગા સંબંધીઓ ભેગા થઈ ગયેલા કે કેમ. એ વાત ખરી છે કે, મેં તે બાબતે કોઇ પૂછપરછ કરેલી નહીં. મને ફરિયાદીને મળવાનો પ્રસંગ સૌ પ્રથમ તારીખ ૨૨/૧૨/૨૦૧૩ ના રોજ બનેલો. મેં ફરિયાદીને બોલાવેલા નહીં પરંતુ તેઓ મારી પાસે આવેલા. મેં લાશ જોઈ તે વખતે ફરિયાદી ત્યાં હાજર હતા કે કેમ તે હાલ યાદ નથી. ફરિયાદી મને સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં મળેલા. એ વાત ખરી છે કે, ફરિયાદી સાથે તેના પતિ, દીકરી તથા બીજા સગાવાળા આવેલા. હવે કહું છું કે, દીકરી આવેલી કે કેમ? તે મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે, ફરિયાદ મેં સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં લીધેલી. મેં જ્યારે ફરિયાદ લીધેલી ત્યારે મને ખબર પડેલી કે, આપઘાત કેટલા વાગ્યે કરેલો. મારી રૂબરૂ ગુજરનારે અગાઉ આરોપી વિરુદ્ધ કોઈ ફરિયાદ આપેલી હોય તેવું બનવા પામેલ નહીં. તે વાત ખરી છે કે, ફરિયાદ લીધા બાદ મેં પી.એસ.ઓ.ને મોકલેલી. તે વાત ખરી છે કે, આંક-૨૭ ની ફરિયાદમાં ગુનાનો સમયગાળો જણાવેલો નથી. મેં ફરિયાદ ૨૨ તારીખના લીધેલી. તે વાત ખરી છે કે, ફરિયાદ ૨૩/૧૨/૨૦૧૩ ના નોંધાયેલ હોવાનું આંક-૨૭ માં લખવામાં આવેલ છે. તે વાત ખરી નથી કે, ફરિયાદી તસ્લીમબેનએ મારી રૂબરૂની ફરિયાદમાં "મારી દીકરી જૈનબને લગ્ન બાદ તેણીના સાસુ શકીનાબેન અને નણંદ કામકાજ બાબતે હેરાન કરતા હતા અને મેણા/ટોણા મારતા હતા." તેવું લખાવેલ નથી. તે વાત ખરી છે કે, ફરિયાદી તસ્લીમબેનએ મારી રૂબરૂની ફરિયાદમાં "આ હકીકત મારી દીકરી અમોને અવર

નવર ફોન ઉપર કહેતી હતી પરંતુ અમો તેને સજાવતા હતા કે સંસારમાં આવું નાનુ–મોટું થયા કરે, મારી દીકરી પોણા બે વર્ષમાં ચાર–પાંચ વખત આવેલી હતી." તેવું લખાવેલ નથી. તે વાત ખરી નથી કે, ફરિયાદણબાઈને મેં સામેથી મારી ઓફિસમા બોલાવી આરોપી વિરુદ્ધ ફરિયાદ આપવા માંગતા ન હોવા તેમ છતાં મેં તેઓના નામ–ઠામ લઈ મેં મારી જાતે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ ઉભી કરી તૈયાર ફરિયાદ ઉપર ફરિયાદીની સહી લઈ લીધેલી, એ વાત ખરી નથી કે, હું આજરોજ નામદાર કોર્ટમાં આરોપીઓ વિરુદ્ધ ખોટી જુબાની આપું છું."

૧૯) ત્યાર બાદ આ કામે અકસ્માત મોતના ગુનાની પ્રાથમિક તપાસ કરનાર પોલીસ સાહેદ–PSI રાજેન્દ્રભાઈ દિનેશભાઈ ચૌહાણને સાહેદ નં.૧૪ તરીકે આંક–૪૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૧/૧૨/૨૦૧૩ ના રોજ તેઓ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં કલાક ૨૦–૦૦ બાદથી ઈન્વે. ફરજ ઉપર હતા તે દરમ્યાન પોલીસ સ્ટેશન અમલદારે તેઓને એક લેખિત હુકમ આપેલો, જે વંચાણે લેતાં કોઈ અગમ્ય કારણોસર એક મહિલાએ રેશમવાડ વિસ્તારમાં આવેલ તેમના ઘરે ગળા ફાંસો ખાધેલો હોય અને મરણ ગયેલ હોવાનું હુકમ ડેપ્યુટ કરતાં તેઓએ તાત્કાલિક બનાવવાળી જગ્યાએ જઈ પ્રાથમિક હકીકત મેળવી તેમના એ.સી.પી. સાહેબને તેમજ પો.ઈ. સાહેબને બનાવની જાણ કરી આ બનાવ મૃત્યુ માટે દુષ્પ્રેરણા આપવા બાબતનો જણાતો હોઈ તેઓએ પ્રાથમિક અકસ્માત મોતનો બનાવ નોંધી, આ કામે તેમના ડી.વાય.એસ.પી. સાહેબની તથા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની રૂબરૂનું ઈન્કવેસ્ટ પંચનામું કરાવેલું. ત્યારબાદ લાશનું શબ–પરીક્ષણ કરવા માટે નવી સિવિલ હોસ્પિટલ લાશ મોકલી આપેલી અને પી.એમ. કરાવેલું. ત્યારબાદ તેઓએ મરણ જનારના પરિવારના તેમજ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લીધેલ તેમજ તેમની હાજરીમાં એફ.એસ.એલ. અધિકારી દ્વારા ગુનાવાળી જગ્યાનું પરીક્ષણ કરાવેલું તેમજ બે પંચોને બોલાવી ગુનાવાળી જગ્યાનું પંચનામું તેમની રૂબરૂનું કરેલું અને તે દરમ્યાન બનાવવાળી જગ્યાએથી દુપટ્ટો કબજે કરેલો, ત્યારબાદ

મરણ જનારના માતૃશ્રીએ ડી.વાય.એસ.પી. સાહેબ રૂબરૂની ઈ.પી.કો. કલમ–૩૦૬,૧૧૪ મુજબની ફરિયાદ આપતા જે ફરિયાદ દાખલ થવા સારૂ મોકલી આપેલી અને તે મુજબ ગુનો નોંધી આગળની તપાસ તેઓને સોંપતા તેઓએ સંભાળી લીધેલી. ત્યારબાદ પ્રાથમિક પુરાવાના આધારે તેઓએ ગુનાના આરોપીઓની અટક કરેલી તેમજ ગુનાની તપાસ ચાલુ હતી તે દરમ્યાન તેમની બદલી સલાબતપુરા પો.સ્ટે.થી સચીન જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં થતાં ગુનાની આગળની તપાસ પો.સ.ઈ. વી.કે.ગોલવેલકરનાઓને સોંપવામાં આવેલી અને તેઓએ તપાસના અંતે ચાર્જશીટ કરેલું. વધુમાં સદર સાહેદે આંક–૨૦ વાળું બનાવવાળી જગ્યાનું પંચનામું જોઈને તેમાં લખેલી હકીકત પંચોની હાજરીમાં તેમના જોયા, લખાવ્યા મુજબ લખી લીધેલી હોવાનું અને તેમાં પંચોની તથા રૂબરૂ તરીકે તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર સાહેદે આંક–૪૬ થી એફ.એસ.એલ.અધિકારી ગુનાવાળા સ્થળનું નિરીક્ષણ કરવા પધારવા માટે લખેલ યાદી, આંક–૪૭ થી એફ.એસ.એલ. અધિકારીએ આપેલ સ્થળ પરીક્ષણ અહેવાલ રજૂ કરેલ છે.

વધુમાં સદર સાહેદની આરોપીઓ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવ બાદ પ્રથમ અકસ્માત મૃત્યુ નોંધ દાખલ થયેલ તથા તેની તપાસ મેં કરેલી. એ વાત ખરી છે કે, એ.ડી. ની તપાસ દરમ્યાન ઈન્કવેસ્ટ પંચનામું તથા સ્થાનિક જગ્યાનું કરવામાં આવેલું. આંક ૧૬ નું પંચનામુ બતાવી તમે મને પૂછો છો કે તેમાં પી.એસ.ઓ. એ સમય તથા તારીખ લખેલ નથી. તેના જવાબમાં જણાવું છું કે, તે વાત ખરી છે. એ વાત ખરી છે કે, મેં આંક ૧૬ ના પંચનામા સબબ પી.એસ.ઓ. નો ખુલાસો માંગેલ નહીં. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન મારી પાસે એ.ડી. કામના તથા ગુનાની તપાસના તમામ પેપર્સ રજૂ થયેલા તથા મેં તેનો અભ્યાસ કરેલો. મારે ફરિયાદી તસલીમબેનને મળવાનો પ્રસંગ બનેલો. હું તસલીમબેનને ક્યારે મળેલો તેનો ચોક્કસ સમય કહી શકું નહીં. એ વાત ખરી છે કે, મરનારના બીજા સંબંધીઓ પણ સુરતમાં રહેતા હતા તથા તેના માતા–પિતા સુરેન્દ્રનગર મુકામે રહેતા હતા. એ વાત ખરી છે કે, બનાવ બાદ

મરનારના સુરત મુકામે રહેતા સગા–સંબંધીઓ દ્વારા બનાવની ફરિયાદ આપવામાં આવેલી નહીં. એ વાત ખરી છે કે, આરોપીઓની અટક કરેલ તે સમયે અટક પંચનામું કરવામાં આવેલું નહીં. એ વાત ખરી નથી કે, ફરિયાદી, તેના પતિ તથા મરણજનારની બહેનએ તેઓના પોતાના નિવેદનમાં આરોપીઓ ત્રાસ આપતા હોવા અંગે શંકા કે અનુમાન હોવાનું જણાવેલ. એ વાત ખરી નથી કે, મારી તપાસ દરમ્યાન એવું ખૂલવા પામેલ કે, ગુજરનારના માતા–પિતાની આર્થિક પરિસ્થિતિ કરતા આરોપીઓની આર્થિક પરિસ્થિતિ સારી હતી. મારા ધ્યાનમાં નથી કે તપાસ દરમ્યાન એવું ખૂલવા પામેલ કે, ગુજરનાર બુરખામાં કોસીયાના ફૂલ લગાડવાનું મજૂરીકામ કરતા હતા. એ વાત ખરી છે કે, તપાસ દરમ્યાન મેં ગુજરનારની તથા ફરિયાદી તથા તેના કુટુંબીજનોની કોલ ડીટેઇલ મેળવેલ નથી. એ વાત ખરી છે કે, ગુજરનારને કોઇ સંતાન ન હતુ. મારા ધ્યાનમાં નથી કે, મારી તપાસ દરમ્યાન આરોપીઓ ગુજરનારની સંતાન પ્રાપ્તિ માટે સારવાર કરાવતા હતા કે કેમ. એ વાત ખરી નથી કે, તપાસ દરમ્યાન એવું ખૂલવા પામેલ કે, ગુજરનારને સંતાન થતું ન હોય તે કારણે તેણી માનસિક હતાશામાં ધકેલાઈ ગયેલ હોવાથી તેણીએ આત્મહત્યા કરેલી. એ વાત ખરી છે કે, ગુજરનારના પિતા અબ્બાસભાઇએ મારી રૂબરૂમાં આપેલ નિવેદનમાં જણાવેલ કે, "તેને શા માટે આત્મહત્યાનું પગલુ ભરેલ તેની મને ખબર નથી.", "મારી દીકરી જૈનબનો પતિ શરમાળ અને વ્યવસ્થિત રહેતા આવેલ અને મારા જમાઈની આજદિન સુધી મારી દીકરીને ફરીયાદ ન હતી." તે વાત ખરી છે કે, સાહેદે મારી રૂબરૂના નિવેદનમાં તેવું જણાવેલ નહીં કે, મેં મારી પત્ની તસલીમબેનને આ બાબતે પૂછતા તેણીએ મને કહેલું કે, "આપણી દીકરી જૈનબના સાસરેથી કોઈ ફોન આવેલો નથી અને મને કાંઇક ખબર નથી." આથી અમોએ તેઓને ત્રણેક નંબર હતા તેની ઉપર ફોન કરી હકીકત જાણવાની કોશિશ કરેલી પરંતુ તેઓએ અમારા ફોન લીધેલા નહીં તથા આ ફોન બનાવના દિવસે રાત્રે ૮–૧૫ કલાક થી ૮–૩૦ કલાક દરમ્યાન આવેલો તેમાં મને મારા સાળુભાઇએ કહેલું કે, હું અત્યારે જૈનબના સાસરે પહોંચેલો તથા મારી દીકરી જૈનબ અમોને ફરિયાદ કરતી હતી કે, મારા સાસુ તથા નણંદ મને માનસિક

ત્રાસ આપે તેમજ મારા પતિ મને બહાર ક્યાંય જવુ હોય તો જવા દેતા નથી અને અમારા કોઈ સગાને ત્યાં પણ જવા દેતા નથી અને જઇએ તો પણ અમો સાથે જઇએ છીએ અને નાની મોટી બાબતે ઝઘડો કરી ત્રાસ આપી મેણા ટોણા મારે છે." એ વાત ખરી છે કે, સદર સાહેદે મારી રૂબરૂના નિવેદનમાં એ હકીકત પણ લખાવેલ નથી કે, "તેને શા માટે આત્મહત્યાનું પગલુ ભરેલ તેની મને ખબર નથી. બનાવના આઠ દિવસ પહેલા ઉધના ખાતે મારી બહેન જૈનબ રહે છે તેમના ઘરે મારી દીકરી જૈનબ તથા પતિ હોજેફા મળવા માટે ગયેલા અને તે વખતે ઉધના રહેતા હોજેફાના બહેન બટુલના ઘરે જવા બાબતે મારી દિકરી તથા તેના પતિ વચ્ચે મારી બહેન જૈનબના ઘરે ઝઘડો થયેલો. ત્યારબાદ મારી દિકરી જૈનબ તથા તેના પતિ હોજેફા તેમના ઘરે આવી ગયેલા અને આ આઠ દિવસ દરમ્યાન તેઓ બંને વચ્ચે ઝઘડો ચાલતો હતો અને ત્યારબાદ શનિવારના દિવસે બનાવ બનેલો." એ વાત ખરી છે કે સદર સાહેદે મારી રૂબરૂના નિવેદનમાં એ હકીકત પણ લખાવેલી નથી કે, "બનાવ બાદ મારી સાળી ફરીદાબેન મારી છોકરીના સાસરે વેવાઈ પક્ષનાઓએ બોલાવતા ગયેલા તે વખતે મારી દીકરીનું શબ જમીન ઉપર સૂતેલી હાલતમાં હતી તથા મારા સાળુભાી મારી દીકરીના સાસરે બનાવ બાદ ગયેલા, તેઓએ મને કોઈ ઈજા બાબતે કાંઈ જણાવેલું નહીં. એ વાત ખરી છે કે, મરનાર અને આરોપી નં–૧ વચ્ચેના લગ્નનો સમયગાળો ૩ વર્ષનો હતો. મે મારી તપાસ દરમ્યાન મરનારની સંતાન પ્રાપ્તી માટેની ટ્રીટમેન્ટ આરોપીઓ દ્વારે કરાવવામાં આવેલ તે મેડીકલ પેપર્સ મે આરોપીઓ પાસેથી મેળવેલા કે નહી એ હાલ મને ખ્યાલ નથી. એ વાત ખરી છે કે મે આવા મેડીકલ પેપર્સ મે મારી તપાસ દરમ્યાન આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે બનાવ સમયે આરોપીઓ મરનારને હોસ્પીટલ લઈ ગયેલા તેવી હકીકત મારી તપાસ દરમ્યાન ખુલેલી. એ વાત ખરી છે કે મે આ કામની તપાસ સંભાળેલી ત્યારે ફરિયાદ તથા અગાઉ થયેલ તપાસના પેપર્સ મે મેળવેલા. એ વાત ખરી છે કે મે મારી તપાસ દરમ્યાન મરનારના પિતા અબ્બાસ ભાઈ તથા બહેન ફાતેમાનું નિવેદન લીધેલ તેમાં મરનાર સાથે આરોપીઓનો કઈ બાબતનો ઝઘડો, તકરાર તથા મહેણાં ટોણાં મારતા હતા તે

જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામમાં એ.ડી.ની તપાસ દરમ્યાન તથા ગુનો દાખલ થયા બાદની તપાસ દરમ્યાન આરોપીઓ ક્યાંય ભાગી ગયેલ નથી. એ વાત ખરી નથી કે મારી સુચના મુજબ તેઓ સામેથી મારી સમક્ષ હાજર થઈ ગયેલા. એ વાત ખરી છે કે બનાવ અગાઉ મરનારને આરોપીઓ દ્વારા કહેવાતો ત્રાસ, હેરાન પરેશાન, મહેણાં ટોણાં મારેલ તે બાબતે મરનારે કે તેણીના સગા સંબંધીઓએ આરોપીઓ વિરુધ્ધ અમારા પોલીસ સ્ટેશનમાં મારા રૂબરૂ કોઈ ફરિયાદ આપેલી ન હતી. એ વાત ખરી છે કે આ બાબતની ફરિયાદ મારા પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુધ્ધ આપવામાં આવેલી કે કેમ તે બાબતે મે કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન આરોપી નં–૧ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા હતા. આરોપી નં–૧ના ઓ પોતાની નોકરી માટે સવારે જઈ રાત્રે પરત આવતા તે બાબત હાલ હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન આરોપી નં–૩ બતુલનાઓ પરિણિત હોઈ અને તેણી ઉધના મુકામે તેણીના સાસરે રહેતા હતા. મે મરનારનું શબ જોયેલુ. તેણીને માથાના તથા હાથના ભાગે ઈજાના નિશાન હતા તે હાલ હુ કહી શકુ નહીં. કોગ્નીઝેબલ ગુનો બનતો હોય ત્યારે અસરકર્તા પ્રાઈવેટ વ્યક્તિઓ જો ફરિયાદ ના આપે તો સરકાર તર્ફે અમો પોલીસ કર્મી પણ આપી શકે. એ વાત ખરી છે કે આ બાબતની જાણ થયા બાદ મે તાત્કાલિક મે સરકાર તર્ફે ફરિયાદ આપેલી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ત્યારે મરનારના પરિવારના કોઈ હાજર ન હોવાથી મેં ફરિયાદ લીધેલી નહીં. એ વાત ખરી છે કે સાહેદ શબ્બીરભાઈ સાદીક અલી બદાણી નાઓએ મારી રૂબરૂના નીવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે, "ત્યારબાદ મને જાણવા મળેલ કે મરનારે ગળે ફાંસો ખાઈ લીધેલ છે અને તેને મરનારના પતિ થકી તકલીફ હતી તેવુ જાણવા મળેલ." એ વાત ખરી છે કે સાહેદ ફાતેમા અબ્બાસ વહોરા ના ઓએ મારી રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે, " અમારા ઘરે અમારી નણંદ આવે છે અને મારી સાસુને ચઢાવે છે અને તેથી મારા પતિ, મારા સાસુ સાથે મારે ઝઘડો થાય છે અને મારી સાસુ ઘરકામ બાબતે મ્હેણાં ટોણાં મારે છે અને એવુ પણ ફોન પર જણાવેલ કે ગઈ રાત્રે અમારા ઘરમાં ઝઘડો થયેલો અને

મારા સસરા ખુબ જ ખરાબ બોલેલા અને લાગી આવેલુ અને દુખી છુ તે વાત મમ્મીને કહેજે. " તથા " એટલે મારા પપ્પાએ, મારી મમ્મીએ તથા મે વારા ફરતી મારી બહેન તેની સાસુ સસરા, તેના પતિ બધા ઉપર ફોન કરેલો પરંતુ કોઈએ ફોન ઉપાડેલો નહી આથી મારા પપ્પાએ સુરતમાં રહેતા અમારા બીજા સગાં મારા કાકા તથા મારા માસા શબ્બીર ભાઈને ફોન કરેલો અને તે વખતે ફોન ઉપર મારા માસા શબ્બીર ભાઈએ ફોન પર જણાવેલુ કે જૈનબે ગળે ફાંસો ખાધો છે અને તે સીરીયસ છે અને તમે લોકો સુરત આવી જાવ." તથા " મારી બહેને એવુ પણ જણાવેલુ કે મારા પતિ તુ ક્યાં ગયેલી, અને કેમ ગયેલી તે બાબતે વહેમ રાખતા હતા અને એકલી બહાર જવા દેતા નહતા અને બધે મારા બનેવી મારી બહેન સાથે જ જતા હતા." એ વાત ખરી છે કે મરનાર જૈનબનો મેં મોબાઈલ નંબર મેળવેલ નથી તથા તેણીનો મોબાઈલ કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે, ખરેખર મરનાર ને લગ્નના ૩ વર્ષના ગાળા દરમ્યાન સંતાન ન થયેલ જેથી તેણી ખૂબ જ દુઃખી હતી જેથી તેણીએ આપઘાત કરેલ તે હકીકત મારી તપાસ દરમ્યાન ખૂલેલ હોવા છતાં મે નામદાર કોર્ટમાં ખોટું કહું છું. એ વાત ખરી નથી કે, આ કામમાં સાહેદોના નિવેદનો મારા કેસને અનુરૂપ રહે તે રીતે મેં મારી આપમેળે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે, આરોપીઓ વિરુદ્ધ ખોટી જુબાની આપું છું."

**૨૦)** ત્યાર બાદ આ કામે ત.ક.અમલદાર/ચાર્જશીટ કરનાર પોલીસ સાહેદ–PSI વિશાલ ક્રિષ્ણાકાંત ગોલવેલકરને સાહેદ નં.૧૫ તરીકે આંક–૫૫ થી તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૧૪ માં તેઓ સલાબતપુરા પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે નોકરી કરતા હતા ત્યારે સલાબતપુરા ફ.ગુ.ર.નં. ૨૩૯/૨૦૧૩ ની તપાસ પી.એસ.આઈ. આર.ડી.ચૌહાણનાઓ કરતા હોય તેઓની બદલી થતાં આ ગુનાની તપાસ તેમને સોંપેલ. આ ગુનાની સમગ્ર તપાસ અગાઉના પી.એસ.આઈ. આર.ડી.ચૌહાણનાઓએ લગભગ પૂર્ણ કરેલ હતી. તેઓએ તપાસ સંભાળી આરોપીઓ વિરુદ્ધ પૂરતા પુરાવા પડતા નામદાર

કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ.

વધુમાં સદર સાહેદની આરોપીઓ તરફે ઊલટ તપાસ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, તેમણે કોઈ સાહેદના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે, તેમણે કોઈ રીકવરી કે ડીસ્કવરી પંચનામાં પણ કરેલા નથી. એ વાત ખરી છે કે, તેઓ ગુનાવાળી જગ્યાએ ગયેલ નથી. એ વાત ખરી છે કે, તેમણે ફકત ચાર્જશીટ ફાઈલ કરેલ છે, તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

## ફરિયાદ પક્ષના પુરાવાનું મૂલ્યાંકનઃ–

**૨૧)** ઇ. પી. કોડ કલમ–૪૯૮(ક) માં જોગવાઈ કરવામાં આવેલ છે કે," કોઈ સ્ત્રીનો પતિ અથવા પતિના સગા તેવી સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવે તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પણ પાત્ર બનશે. "

ઈ. પી. કોડ કલમ–૪૯૮(ક) માં ક્રુરતાની જે સમજુતી આપાવમાં આવેલી છે તે સંબંધે જોવામાં આવે તો, ' ક્રુરતા' એટલે કે,

ક. એવા પ્રકારનું ઈરાદાપૂર્વકનું વર્તન કે જે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે, અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા શારીરિક કોઈ અવયવને કે આરોગ્યને ભયમાં મુકવા પ્રેરે,

ખ. સ્ત્રીને ત્રાસ, જ્યાં આવો ત્રાસ તેણી અથવા કોઈ પણ વ્યક્તિ કે જે તેણીના સગા થતા હોય તે દબાણથી કોઈ મિલકત કે કીંમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાનૂની માંગણી પુરી કરે તે માટે હોય અથવા તે સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી સંતોષી શક્યા ન હોય તે માટે હોય,

આ રીતે ઈ. પી. કોડ કલમ–૪૯૮(ક)ની જોગવાઈ જોતા આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કોડ કલમ–૪૯૮(ક) મુજબનો ગુનો સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબના તત્વો નિઃશંકપણે સાબિત કરવા પડે.

**તત્વોઃ–**

૧. ભોગ બનનાર સ્ત્રી પરીણીત હોવી જોઈએ.

૨. તેણીને તેણીના પતિ અથવા સગાઓ દ્વારા ક્રુરતાનો ભોગ

બનાવવામાં આવી હોવી જોઈએ.

૩. તેણીની સાથે એવુ ઈરાદાપૂર્વકનું વર્તન કરવામાં આવેલુ હોવુ જોઈએ કે જેના કારણે તેણી આત્મહત્યા કરવા પ્રેરાય અથવા તે પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા શારીરિક કોઈ પણ અવયવને કે આરોગ્યને જોખમમાં મુકવા પ્રેરાય,

૪. તેણીને એવો ત્રાસ તેણીના પતિ કે તેના સગાઓ, કોઈ મિલકત કે કીંમતી જામીનગીરી આરોપીઓએ માંગણી કરેલી હોય તે માંગણી પુરી ન કરી શકવાના કારણે ત્રાસ આપવામાં આવેલો હોય,

૫. આવી ક્રુરતા અથવા ત્રાસ તે સ્ત્રીને તેના પતિ કે પતિના સગાઓ દ્વારા આપવામાં આવેલો હોય.

**૨૨)** સૌપ્રથમ ભારતીય દંડ સંહીતાની કલમ ૪૯૮–એ ને સંબંધકર્તા છે. ફરીયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે સાબીત કરવાની રહે છે કે આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારીથી, મરણ જનારને સદર ગુનાની ફરિયાદ આપ્યા તારીખ ૨૨/૧૨/૨૦૧૩ નાં છેલ્લાં બે વર્ષથી ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદરમીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત ખાતે ઘરકામ બાબતે મ્હેણાટોણાં મારી, માનસિક ત્રાસ આપી તેમજ મરણ જનારના પતિ અવારનવાર શક–વહેમ રાખતા આવેલ હોય અને ઘરની બહાર એકલી ન જવા દઈ માનસિક ત્રાસ આપેલ, જેથી મરણ જનારથી માનસિક ત્રાસ સહન ન થતાં પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હોય, આ કામના આરોપીઓએ મરણ જનારને માનસિક ત્રાસ આપી શક–વહેમ રાખી મરવા તરફ દુષ્પ્રેરિત કરી, મરવા માટે મજબૂર કરી, ગળે ફાંસો ખાઈ મરણ ગયેલ. તેથી ગુજરનાર ઉપર આરોપીઓએ શારીરિક–માનસિક ત્રાસ આપી તેણીની ઉપર "**ક્રુરતા** " આચરેલ છે કે કેમ ? તેમજ સ્ત્રીને તેના પતી કે પતીના સગા હોય તે કોઈપણ તેવી સ્ત્રી ને ક્રુરતાનો ભોગ બનાવે તો તેને ભારતીય દંડસંહીતની કલમ ૪૯૮ (ક) નીચે દોષીત ઠરાવી શકાય. આ કલમના હેતુઓ માટે " **ક્રુરતા** " એટલે એવા પ્રકારનું ઈરાદાપૂર્વકનું વર્તન કે જે સ ્ત્રીને આત્મહત્યા કરવા માટે પ્રેરે છે અથવા તો પોતાની જાતને ગંભીર ઈજા પહોં ચાડે અથવા તો જીંદગી, શરીરના કોઈ અવયવ કે (માનસીક કે શારીરીક)

આરોગ્યને ભયમાં મુકવા પ્રેરે તેમજ સ્ત્રીને ત્રાસ આપે જયાં આવો ત્રાસ તેણી અથવા કોઈપણ વ્યકિત કે જે તેણીના સગા થતા હોય તે દબાણથી કોઈ મીલ્કત કે કિંમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાનૂની માંગણી પુરી કરે તે માટે હોય અથવા તો તેવી સ્ત્રી કે તેણીના સગા આવી માંગણી સંતોષી શકે તેમ ન હોય તે માટે હોય. આ કલમ હેઠળના ગુન્હામાં સ્ત્રી પરીણીત હોય તે પ્રથમ તત્વ ગણાય છે. આ કલમમાં લગ્નજીવન કરતા વિશેષ કહી શકાય તેવું તત્વ સ્ત્રી પ્રત્યે આચરવામાં આવતી ''**ક્રુરતા**'' છે. કલમ ૪૯૮ (ક) તે પરીણીતાને આપવામાં આવતા ત્રાસ અથવા આચરવામાં આવતી ''**ક્રુરતા**'' માટે છે. કોઈપણ વ્યકિતને આત્મહત્યામાં મદદગારી કરવામાં આવે તો તે ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૬ હેઠળનો ગુનો ગણાય છે. તેથી આ કલમ પ્રત્યેક કીસ્સામાં લાગુ પડે છે, પરંતું જયારે ૭ (સાત ) વર્ષ થી અંદર લગ્ન જીવનમાં સ્ત્રીને ''**ક્રુરતા**'' નો ભોગ બનાવવામાં આવી હતી તેવું દર્શાવવામાં આવે તો ભારતીય પુરાવા અધીનીયમની કલમ–૧૧૩ (ક) હેઠળ પતી કે તેમના સગાઓએ આત્મહત્યામાં મદદગારી કરી છે તેવું અનુમાન કરવામાં આવે છે. ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૧૧૩ (ક) ના હેતુઓ માટે ''**ક્રુરતા**'' શબ્દની વ્યાખ્યા આ કલમમાં આપવામાં આવી છે તે પ્રમાણે થાય છે. પતી કે તેના સગાઓ દ્વારા ''**ક્રુરતા**'' આચરવામાં આવે અને તે કારણે અસહાય સ્ત્રીઓ આત્મહત્યા કરે કે તેનું મૃત્યુ નિપજાવવામાં આવે તેવા કિસ્સામાં તે ''**ક્રુરતા**'' નો એક ભાગ સમાન છે.

**૨૩)** ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૮ (ક) તથા કલમ ૩૦૬માં પાયાનો તફાવત ''ઈરાદા'' અંગેનો ગણી શકાય. કલમ ૩૦૬ તે આત્મહત્યામાં મદદગારી સંબંધે છે. કોઈપણ વ્યકિત વાસ્તવમાં આત્મહત્યામાં મદદગારી

કરે છે તથા ભોગ બનનાર આત્મહત્યા કરી બેસે તેવો ઈરાદો છે. આ કલમ હેઠળ ''**ક્રુરતા**'' આચરવામાં આવે છે. ત્રાસ આપવામાં આવે છે કે જે કારણે ભોગ બનનાર આત્મહત્યા કરી બેસે. ''**ક્રુરતા**'' કે ત્રાસ સિવાય પણ આત્મહત્યામાં મદદગારી કરી શકાય. દહેજ મૃત્યુ તથા પરીણીતા દ્ધારા આત્મહત્યામાં મદદગારી કરવા માટે ભારતીય પુરાવા અધીનીયમમાં '' અનુમાન '' વિષયક જોગવાઈ કરવામાં આવી છે.

સામાન્ય રીતે ''**ક્રુરતા**'' તથા ત્રાસ શબ્દ રોજબરોજના વ્યવહારમાં ઉપયોગમાં લેવામાં આવે છે. વાસ્તવમાં આ શબ્દો કાનૂની પરીભાષાના હોવા છતાં બધા સમજી શકે તેવા છે. **સમજુતીના પ્રથમ હીસ્સા પ્ર માણે** તેમાં ઈરાદાપૂર્વકના વર્તનનો સમાવેશ થાય છે. આ કલમની પ્ર થમ સમજુતી મુજબ એવા પ્રકારે પતિ કે તેના સગા ઈરાદાપૂર્વક વર્તન કરે છે કે જે વર્તન સ્ત્રી ને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગં ભીર ઈજા પહોંચાડે અથવા તો જિંદગી, શરીરના અવયવ કે આરોગ્યને ભયમાં મુકવા પ્રેરે તો તે ''**ક્રુરતા**'' ગણાય છે. વર્તનની અસર સામી વ્યકિત ઉપર શું થશે તે માટે વ્યકિત સભાન હોવી જોઈએ. સમજુતી ''**બી**'' માં ત્રાસની વ્યાખ્યા આપવામાં આવી છે. આ સમજુતી મુજબ ત્રાસ મીલ્કત અથવા કિંમતી જામીનગીરી માટે જ હોય શકે. ''**ક્રુરતા**'' તથા ત્રાસ શારીરીક પણ હોઈ શકે અને માનસીક પણ હોઈ શકે. પ્રત્યેક કેસના સંજોગો ઉપરથી જ એવું નકકી થઈ શકે કે કાર્યલોપ ક્રુરતા ગણાય કે નહી. માનસીક ત્રાસનો પ્ર શ્ન આવે ત્યારે આવી હકીકતની ચકાસણી ઝીણવટપૂર્વક કરવી જોઈએ. હવે આ કિસ્સામાં પુરાવા ઉપરથી એ નકકી કરવાનું છેકે આરોપીઓ તરફથી સ્ ત્રીને ખરેખર કોઈ શારીરિક કે માનસિક ત્રાસ અગર તો દુઃખ આપવામાં આવતા હતા કે કેમ અને આરોપીઓએ પ્રેરે અથવા મરણજનાર જૈનબ W/O હોજેફા

ઝાકીરભાઈ વોરાની સાથે કોઈ ક્રુરતા આચરીને તેણીને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણા આપી છે કે કેમ ? અને આવું કરવામાં આરોપીનો કોઈ ઈરાદો હતો કે કેમ ?

૨૯) ઈ.પી.કોડ કલમ–૩૦૬ ની જોગવાઈ જોવામાં આવે તો આ કલમ આત્મહત્યામાં મદદગારી અંગેની છે, તેમાં એવું જણાવવામાં આવેલ છે કે,

"કોઈ પણ વ્યક્તિ આત્મહત્યા કરે અને તેમ કરવામાં કોઈ વ્યક્તિએ મદદગારી કરી હોય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પણ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પણ પાત્ર થશે. "

આ રીતે ઈ. પી. કોડ કલમ–૩૦૬ ની જોગવાઈ જોતા આરોપીઓ વિરૂદ્ધ ઈ. પી. કોડ કલમ–૩૦૬ મુજબનો ગુનો સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબના તત્વો નિઃશંકપણે સાબિત કરવા પડે.

૧. કોઈ વ્યક્તિએ આત્મહત્યા કરેલ હોય

૨. આવી આત્મહત્યામાં આરોપીએ મદદગારી કરેલ હોય

૩. આ મદદગારીના અનુસંધાને આત્મહત્યા થવા પામી હોય

૩૦) આ કલમમાં 'મદદગારી' શબ્દ ઈ. પી. કોડ કલમ–૧૦૭ માં કરવામાં આવેલી વ્યાખ્યા પ્રમાણે સમજવાનો છે. અન્ય ગુના કરતા આ ગુના માટે કરવામાં આવતી મદદગારીની અસર અલગ પ્રકારની હોય છે. સામાન્ય રીતે અન્ય ગુનામાં ગુનો કરતી મુખ્ય વ્યક્તિને અન્ય વ્યક્તિ ગુનો કરવામાં મદદગારી કરતી હોય છે. જ્યારે આ ગુનામાં જેને મદદગારી કરવામાં આવે તેજ વ્યક્તિ ભોગ બનનાર હોય છે. આત્મહત્યામાં મદદગારીના મોટા ભાગના કિસ્સાઓમાં મદદગારી ચઢવણી તથા ઉશ્કેરણી દ્વારા કરવામાં આવે છે. આવી ઉશ્કેરણી કે ચઢવણી કરનાર વ્યક્તિ પ્રત્યક્ષપણે કોઈ ભાગ ભજવતી નથી. પરંતુ ભોગ બનનાર વ્યક્તિને એવા સંજોગો તથા પરિસ્થિતિમાં મુકે છે કે જે કારણે વ્યક્તિ આત્મહત્યા કરે, જીવન ટુંકાવે કે મૃત્યુની સમીપ ભોગ બનનાર

વ્યક્તિ જાય.

–'**<u>મદદગારી</u>**' કોને કહેવાય તે માટે ઈ. પી. કોડ કલમ–૧૦૭ માં જોગવાઈ કરવામાં આવેલી છે જે નીચે મુજબ છે.

કોઈ વ્યક્તિ કે જે,

૧. કોઈ બાબત કરવા માટે અન્ય વ્યક્તિને ચઢવણી કરે, અથવા
૨. કોઈ બાબત કરવા માટે અન્ય એક કે વધુ વ્યક્તિઓ સાથે કાવતરામાં સામેલ થાય અને તે કાવતરાના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનું ગેરકાનૂની રીતે ટાળવામાં આવે, અથવા
૩. કોઈ બાબત કરીને અથવા કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ બાબત કરવામાં ઈરાદાપૂર્વક સહાય કરે તો તે બાબતમાં તે મદદગારી કરે છે તેવુ કહેવાય.

**૩૧)** ભારતીય દંડ સંહિતાની કલમ –૧૧૪ ગુનો કરવામાં આવે ત્યારે મદદગારની હાજરીની જોગવાઈ સંબંધેની છે અને આ જોગવાઈને વંચાણે લેતા તેને નિઃશંકપણે સાબિત કરવા ફરિયાદ પક્ષે નીચે મુજબના તત્વો આરોપી વિરૂદ્ધ સાબિત કરવા જરૂરી છે.

૧. મુખ્ય ગુનો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુનાની મદદગારી કરવામાં આવી હોય તે ગુનો બન્યો હોવો જોઈએ.
૨. તે મુખ્ય ગુનામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.
૩. ગુનો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ, અથવા
૪. આવા મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા
૫. ગુનો બનતા પહેલા તથા ગુનો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

આ કામે ઉપર ચર્ચા કરી તેમ મરણજનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરાએ આત્મહત્યા કરેલ છે તે પુરવાર થયેલ છે, પરંતુ તેણીએ આત્મહત્યા તે માટે હાલના આરોપીઓ એ તેઓને દુષ્પ્રેરણ કરેલ છે કે કેમ ? તે બાબતને પણ ચકાસવી જરૂરી બની રહે છે. નામદાર સુપ્રીમ કોર્ટનો **<u>કિશોરીલાલ વિ. સ્ટેટ ઓફ એમ.પી.</u>** (2007(0) GLHEL–SC–39397) નો ચુકાદા

વંચાણે લેવો જરૂરી જણાય છે. આ ચુકાદામાં ઠરાવ્યા મુજબ ભારતીય દંડ સહિતાની કલમ ૩૦૬ મુજબનો ગુનો બનવા માટે ભારતીય દંડ સહિતાની કલમ ૧૦૭ માં જણાવ્યા પ્રમાણે ઈસ્ટીગેશન આરોપીઓ દ્વારા કરેલ હોવું જોઈએ તથા ઈ. પી. કોડ કલમ–૧૦૭ માં જણાવ્યા મુજબ મદદગારી કરેલ હોવી જોઈએ.

**૩૨)** આત્મહત્યામાં મદદગારીના મોટાભાગના કિસ્સાઓમાં મદદગારી ચઢવણી તથા ઉશ્કેરણી દ્વારા કરવામાં આવે છે. આવી ઉશ્કેરણી કે ચઢવણી કરનાર વ્યકિત પ્રત્યક્ષ પણે કોઈ ભાગ ભજવતી નથી પરંતું ભોગ બનનાર વ્યકિતને એવા સંજોગો તથા પરીસ્થીતીમાં મુકે કે જે કારણે વ્યકિત આત્મહત્યા કરે કે જીવન ટુંકાવે અગર તો મૃત્યુની સમીપ તેવી વ્યકિત જાય. આ કલમમાં બીજી અગત્યની બાબત માનસિક વર્તન છે. આ કલમમાં જાણીબુજીને, સ્વૈચ્છાપૂર્વક, ઈચ્છાપૂર્વક, ઈરાદાપૂર્વક સરળતા કરી આપવા, કાવત્રાના અનુસંધાને વિગેરે શબ્દો ગુનાહીત ઈરાદો કે માનસીક તત્વ દર્શાવે છે. આ કલમમાં ચઢવણી, કાવત્રામાં સંડોવણી અથવા ઈરાદાપૂર્વકની પ્રત્યક્ષ કે પરોક્ષ સહાયતાએ ત્રણેય તત્વો સમાવી લેવામાં આવ્યા છે. પ્રથમ મદદગારીમાં ચઢવણી થાય છે. પરંતું તેને ઉશ્કેરણી પણ કહી શકાય. કૃત્ય કરનારને કૃત્ય કરવામાં તે કારણે વેગ મળે છે અને કયારેય કૃત્ય કરવા વિચારતો વ્યકિત ઉશ્કેરણીના કારણે તે વિચારમાં દ્રઢ બનીને કૃત્ય કરવાનો નિર્ણય પણ કરી બેસે છે. દુષ્પ્રેરણ પુરવાર થયુ છે કે કેમ તેનો નિર્ણય કરતી વખતે આરોપીનો ઈરાદો (Mensrea) શું હતો તે પણ લક્ષમાં લેવું પડે કારણ કે ઘણી વખત ઝઘડામાં કે આવેશમાં અપશબ્દો બોલાઈ જાય છે પરંતું તે સમયે આરોપીનો ઈરાદો (Mensrea) શું હતો તે ખુબ જ મહત્વનું

છે અને આવા સંજોગોમાં આરોપી વ્યકિતનું ગુનાહીત માણસ ન પણ હોઈ શકે અને માત્ર ઝઘડા કે આવેશમાં આવી જઈને અમુક શબ્દો બોલેલ હોય તેના કારણે જો ભોગ બનનાર વ્યકિત જો આપઘાત કરી લે તો આવા સમયે આરોપી દ્વારા આવા શબ્દો બોલવા પાછળ ગુનાહીત માનસ (Mensrea) શું હતું તે ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવું પડે છે. બચાવપક્ષ તરફથી **<u>એમ. મોહન વિ. સ્ટેટ રીપ્રેઝન્ટેડ બાય ધ ડેપ્યુટી સુપ્રી. ઓફ પોલીસ વેલમુરગન તથા અન્ય</u>** (AIR 2011 Supreme Court 1238) ના ચુકાદા પર આધાર રાખવામાં આવેલ છે. આ ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપીનો ઈરાદો(Mensrea) શું હતો તે ખુબ જ મહત્વનું છે અને આવા સંજોગોમાં આરોપી વ્યકિતનું ગુનાહીત માણસ ન પણ હોઈ શકે અને માત્ર ઝઘડા કે આવેશમાં આવી જઈને અમુક શબ્દો બોલેલ હોય તેના કારણે જો ભોગ બનનાર વ્યકિત જો આપઘાત કરી લે તો આવા સમયે આરોપી દ્વારા આવા શબ્દો બોલવા પાછળ ગુનાહીત માનસ (Mensrea)શું હતું તે ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવું પડે છે, અન્યથા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

33) ભારતીય દંડ સંહીતની કલમ ૩૦૬ મુજબનો ગુનો સાબીત થવા માટેની કાયદાકીય સ્પષ્ટ સ્થીતી એવી છે કે ફરીયાદપક્ષે તેમનો કેસ મજબુત અને વિશ્વસજન્ય પુરાવાથી એ હકીકત પુરવાર કરવાની રહે છે કે આરોપીઓ દ્વારા કરવામાં આવેલ કૃત્ય અને આત્મહત્યાના કૃત્ય વચ્ચે અમુક પ્રકારનો સીધો સંબંધ હતો. ફરીયાદપક્ષે રેકર્ડના આધારે એવો પુરાવો લાવવો પડે કે ભોગ બનનાર ઉપર જે ત્રાસ અથવા ક્રુરતા આચરવામાં આવતી હતી તે એવા પ્રકાર ની હતી કે ભોગ બનનાર માટે આત્મહત્યા કરવા સીવાય અન્ય

કોઈ વિકલ્પ ન હતો અને આ ત્રાસ અથવા ક્રુરતા એવી હતી કે તેના આધારે ભોગ બનનારને આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણા આપેલ હોય.

**૩૪)** ઉપરોકત ચર્ચા મુજબ એ હકીકત પ્રસ્થાપિત થાય છે કે, ગુજરનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરાએ આત્મહત્યા કરેલ છે. પરંતુ ઈ. પી. કોડ કલમ–૩૦૬ ના તત્વોમાં સૌથી મહત્વનું તત્વ ફરીયાદપક્ષે એ પ્રસ્થાપિત કરવાનું છે કે, આવી આત્મહત્યા આરોપીની મદદગારીનાં કારણે થયેલ છે. મદદગારી કરવાના કૃત્યમાં કોઈ વ્યકિતની જવાબદારી નિશ્ચીત કરવા માટે દુષિત માનસ–ગુન્હાહિત ઈરાદો પ્રથમ આવશ્યક તત્વ છે. કોઈ બાબતમાં મદદગારી કરવી એટલે ચઢવણી દ્વારા કરવી અથવા કાવતરામાં સામેલ થવાનું અથવા કોઈ બાબત બને તે માટે કોઈ કૃત્ય યા કાર્યલોપ ઈરાદાપુર્વક કરવાથી આચરીને કરવા કે સરળતા કરી આપવા માટેના ઈરાદાથી ગુનો બનતાં પહેલા અથવા તે સમયે કાંઈક કૃત્ય કે કાર્યલોપ આચરવું કે જેથી ગુનામાં સરળતાં થવા પામે. કરવામાં આવેલ મદદગારી તથા થવા પામેલ કૃત્ય વચ્ચે આવા સંબંધ હોવો પણ આવશ્યક છે. આ બાબતે પણ ધ્યાનમાં લેવું આવશ્યક છે કે ગુનો થતા પહેલાં અથવા તે સમયે પ્રત્યેક કરેલ કૃત્ય મદદગારી ગણાય. બચાવપક્ષ તરફથી **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. મનસુખભાઈ જીવણલાલ ભટ્ટ</u>**(2015(o) AIJEL–HC–234765) ના ચુકાદા પર આધાર રાખવામાં આવેલ છે. આ ચુકાદો વંચાણે લેતા આ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા કાયદાકીય સિધ્ધાંત સાથે આ અદાલત નમ્રપણે સહમત છે. આ ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપી દ્વારા કરવામાં આવેલ કૃત્ય અને મરનાર વ્યકિત દ્વારા કરવામાં આવેલ આત્મહત્યાના કૃત્ય વચ્ચે સીધો સંબંધ (Direct Nexus between the Conduct and Suicide) હોવો જોઈએ અને મરનાર વ્યકિતને આત્મહત્યા કરવા સીવાય અન્ય કોઈ વિકલ્પ

બાકી રહેલ  ન હોય તો જ આ ગુના હેઠળ તકસીરવાન ઠરાવી  શકાય.

૩૫) ફરિયાદ પક્ષના અન્ય મહત્વના શાહેદોના પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ આક્ષેપ મુજબ આ કેસના ગુજરનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરાના લગ્ન તા. ૧૧/૪/૨૦૧૧ના રોજ થયેલા ત્યારબાદ રેશમવાડ, ઝટપટ મીઠાઈવાલાની ગલીમાં તેણીની સાસરીમાં સાસરીયાઓની સાથે રહેતી હતી. ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આરોપીઓએ છેલ્લાં બે વર્ષથી તા.૨૨/૧૨/૧૩ સુધીમાં ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદરમીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત ખાતે ભેગા મળીને મરણ જનારને છેલ્લા બે વર્ષથી ઘરકામ બાબતે મ્હેણાટોણાં મારી, માનસિક ત્રાસ આપી તેમજ મરણ જનારના પતિ અવારનવાર શક–વહેમ રાખતા આવેલ હોય અને ઘરની બહાર એકલી ન જવા દઈ માનસિક ત્રાસ આપી અને મરણ જનારથી માનસિક ત્રાસ સહન ન થતાં પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ.  આ કેસમાં આંક–૬ વાળું તહોમતનામું વંચાણે લેતાં મુખ્યત્વે આરોપીઓ વિરુદ્ધ જે આક્ષેપ કરવામાં આવેલ છે, તે જોતાં ભોગ બનનારને ઘરકામ બાબતે મહેણાટોણાં મારી ક્રૂરતા આચરવી તથા તેણી ઉપર શક કરવો તથા તેણીને ઘરની બહાર એકલી જવા દેતા ન હોવાનો આક્ષેપ છે. આ અન્વયે રેકર્ડ પરના ઉપરોક્ત વિગતેના પુરાવાઓનું મૂલ્યાંકન કરીએ તો આ કેસમાં ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.૧ અને ૨ થી મરણ જનારના પોસ્ટમોર્ટમ રિપોર્ટ થયા બાદના કપડાં કબજે કરેલ તે અંગેના પંચોનો પુરાવો નોંધાયેલ છે, પરંતુ આ પંચોએ ફરિયાદ પક્ષના કેસની કોઈ પણ હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. આ સંજોગોમાં આ પંચોનો પુરાવો માની શકાય નહીં. વધુમાં, આ કેસમાં બનાવવાળી જગ્યાના પંચ–મુસ્તુફા મોઈજાભાઈને સાહેદ નં.૩ થી તપાસેલા પરંતુ તેઓએ પણ ફરિયાદ પક્ષના કેસની કોઈ જ હકીકતને સમર્થન આપતો પુરાવો આપેલ નથી, જ્યારે પંચ નં.૨–યુનુસભાઈ ફીદાહુસેનનો આંક–૨૧ વાળો ઉપરોક્ત વિગતેનો

પુરાવો વંચાણે લેતાં તેમના પુરાવાથી મરણ જનારની લાશ જે જગ્યાએ પડેલ હતી તે અંગેનું પંચનામું થયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. તેઓએ મુદ્દામાલનો દુપટ્ટો પોલીસે જાતે લીધેલ હોવાનું જણાવેલ છે તેમજ આ દુપટ્ટાનો કલર કયા પ્રકારનો હતો તે અંગે અજ્ઞાનતા દર્શાવેલ છે.

**૩૬)** આ કેસમાં ફરિયાદી તસ્મીનબેન અંબાલાલ વોરાના આંક–૨૬ વાળા ઉપરોક્ત વિગતેના પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો તેઓએ સરતપાસમાં તેના પતિ મરણ જનાર ઉપર શક રાખતા હતા અને તેણીના સાસુ અને નણંદ કામકાજ બાબતે હેરાન કરતા હતા અને મહેણાટોણાં મારતા હતા તેવી હકીકત આવેલ છે. આ ઉપરાંત, સરતપાસ પેરા–૬ મુજબ તેઓએ તેમની દીકરી તથા સાસુની વિરુદ્ધમાં ત્રાસ આપવાના કારણે મરણ જનારનું મૃત્યુ થયેલ હોય તેવી ફરિયાદ આપેલાનું જણાવે છે. તેણીએ આરોપી નં.૧ વિરુદ્ધ ફરિયાદ આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. વધુમાં, સુરત મુકામે તેમના પરિવારમાં ઘણા સભ્યો રહેતા હોવાની હકીકત ઊલટ તપાસ પેરા–૭ માંથી રેકર્ડ ઉપર આવેલ છે તેમજ તેઓએ આરોપી અને તેમનું પરિવાર યોગ્ય લાગતાં આરોપી નં.૧ સાથે સગાઈ કરેલાનું જણાવેલ છે. તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલો કે, તેઓએ આરોપી સાથે લગ્ન રાજીખુશીથી કરેલા હતા. વધુમાં, તેણીનો પુરાવો વંચાણે લેતાં જે ફરિયાદ તથા તકરાર હોવાનું તેણીએ જણાવેલ છે તે સામાન્ય પ્રકારની હોય તેવું જણાય છે.

આ કેસના ફરીયાદીના આંક ૨૬વાળા ઉપરોકત વિગતેના પુરાવામાં થી એવી હકીકત રેકર્ડ પર આવેલ છે કે, મરણજનારની સગાઈ અને લગ્ન વચ્ચે મરણજનારે ફરીયાદ કરેલ તેવી હકીકત ફરીયાદી જણાવે છે, પરંતું આવી કોઈ હકીકત ફરીયાદમાં જણાવવામાં આવેલ નથી એટલું જ નહી પરં તું જો ખરેખર મરણજનારે આરોપીઓ વિશે કોઈ ફરીયાદ કરેલ હોય તો શા માટે ત્યારબાદ મરણજનારના આરોપી નં.૧ની સાથે લગ્ન કરે. મરણજનારના લગ્ન રાજીખુશીથી તથા સમાજની હાજરીમાં અને રીતરીવાજ

મુજબ લગ્ન કરેલા છે. વધુમાં, આ ફરિયાદીના પુરાવા મુજબ તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલી છે કે, મરણ જનાર તેના પતિ સાથે ચૌટાબજાર વિસ્તારમાં ખરીદી કરવા જતી અને ખરીદીને તે માલ તેઓને મોકલતા હતા. વધુમાં, તેઓ જે માલ તૈયાર કરતાં તે તૈયાર માલ પરત મરણ જનારને સુરત મુકામે મોકલતા હતા અને ફરિયાદીની સૂચના મુજબ આ માલ જે તે દુકાનદારને આપવા જતા હતા અને દુકાનદાર પાસેથી જે રકમ મળતી તે મરણ જનાર પોતાની પાસે રાખતી અને ફરિયાદીને રૂબરૂમાં આપતી હતી. વધુમાં, ફરિયાદીના પુરાવામાંથી તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, મરણ જનારને તેમના અન્ય કુટુંબીજનો જે સુરત મુકામે રહેતા હતા તેઓના ઘરે પણ આવવા–જવાનો સંબંધ હતો. વધુમાં, મરણ જનારને વાત–વાતમાં ખોટું લાગી જતું હતું કારણ કે, મરણ જનારથી ખોટું સહન થતું ન હતું, તેવું પણ આ ફરિયાદીએ સ્વીકારેલ છે. એટલું જ નહીં પરંતુ બનાવના ૧૫ દિવસ પહેલાં મરણ જનાર તથા ફરિયાદીની બહેનની દીકરી મલેકા તથા મરણ જનારની બહેન ફાતેમા અને અન્ય વ્યક્તિઓ ૬ દિવસ માટે બુરહાનપુર, મધ્યપ્રદેશ ખાતે દરગાહે ગયેલા હતા. વધુમાં, ફરિયાદીના પુરાવામાંથી તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, મરણ જનારે ગળે ફાંસો ખાધેલ તે દિવસે તેણીના પતિ હાજર હતા અને ડૉકટરને બોલાવવા તેઓએ કાર્યવાહી કરેલી એટલું જ નહીં પરંતુ મરણ જનારને હોસ્પિટલે લઈ ગયેલ તે સમયે આરોપી નં.૧ તથા તેના પિતા ત્યાં હાજર હતા. વધુમાં, ફરિયાદીએ તે હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, મરણ જનારના આરોપી નં.૧ સાથે લગ્ન થયેલ તે તથા જે બનાવ બનેલ તે સમયગાળા દરમ્યાન મરણ જનારે આરોપીઓ દ્વારા હેરાન–પરેશાન તથા મહેણાટોણાં મારવામાં આવતા હોય તે બાબતેની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં અથવા તો તેમના સમાજમાં કરેલ નથી. વધુમાં, ફરિયાદીના પુરાવામાંથી તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, મરણ જનારના લગ્ન તા.૧૧/૦૪/૨૦૧૧ ના રોજ થયેલા અને મરણ જનારે આત્મહત્યા તા.૨૨/૧૨/૨૦૧૩ ના રોજ કરેલ. આમ, તેણીના લગભગ અઢી વર્ષ ઉપરાંતના સમયગાળા દરમ્યાન મરણ જનારને કોઈ સંતાનની પ્રાપ્તિ થયેલ ન

હતી અને સંતાનપ્રાપ્તિ બાબતે ડૉક્ટરને બતાવવા ગયેલા હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં, આ કેસના ફરિયાદીના પુરાવા દરમ્યાન આંક–૨૮ થી આંક–૩૧ સુધીના જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ થયેલા છે, જે વંચાણે લેતાં મરણ જનાર અને તેણીના પતિ વચ્ચે પતિ–પત્ની તરીકેનો ખૂબ જ સારો સંબંધ હતો અને મરણ જનારે તેના પતિને ઉદ્ધેશીને આ દસ્તાવેજો લખેલા હોવાનું જણાય છે. આમ મરણજનાર પોતાના માતા–પિતાના ઘરે નિયમીત આવતી જતી હતી તથા તેણી ચૌટાબજાર વિસ્તારમાં ખરીદી કરવા જતી અને ખરીદીને તે માલ તેઓને મોકલતા હતા. વધુમાં, તેઓ જે માલ તૈયાર કરતાં તે તૈયાર માલ પરત મરણ જનારને સુરત મુકામે મોકલતા હતા અને ફરિયાદીની સૂચના મુજબ આ માલ જે તે દુકાનદારને આપવા જતા હતા અને દુકાનદાર પાસેથી જે રકમ મળતી તે મરણ જનાર પોતાની પાસે રાખતી અને ફરિયાદીને રૂબરૂમાં આપતી હતી. વધુમાં મરણજનાર ઉપર તેણીના પતિ શક/વહેમ કરતા હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે, પરંતું કઈ બાબતે અને શા માટે શક/ વહેમ રાખવામાં આવતો હતો તથા શા માટે એકલી બહાર જવા દેતા ન હતા તેવી કોઈ જ સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવતી નથી. ઉલટાનું ઉપર જણાવ્યા મુજબ તેણી ચૌટાબજારમાં માલ ખરીદવા ખાવતી હોય તથા તૈયાર માલ જે તે વેપારીને આપવા જતા તથા તેની પાસેથી રકમ મેળવી પોતાની પાસે રાખતા અને તે રકમ તેના માતા/પિતા આવતા ત્યારે તેઓને આપતા હતા. આમ ફરીયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેતા મરણજનારને ઘરની બહાર એકલી જવા દેતા ન હોય તે હકીકત પણ માની શકાય તેમ જણાતી નથી. વધુમાં **ફરીયાદીના આંક ૨૬વાળા પુરાવાના પેરા ૨જની છેલ્લી લાઈન મુજબ, '' એ વાત ખરી છે કે, લગ્નબાદ હોજેફા તથા મારી દિકરી જૈનબ એકબીજાને પ્રેમ કરતા હતા''** આમ આ ફરીયાદીનો પુરાવો વિશ્સજન્ય કે માનવાલાયક જણાઈ આવતો નથી.

૩૭) આ કેસમાં ફરિયાદીના બનેવી શબ્બીરભાઈ સાકીદઅલી બદાણીનો આંક–૩૩ વાળો ઉપરોક્ત પુરાવો ધ્યાનમાં લેતાં એવી હકીકત તેમના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવેલ છે કે, તા.૨૧/૧૨/૨૦૧૩ ના રોજ તેના પત્ની ફરીદાનો ફોન આવેલ, જેથી તેઓ તુરંત જ મરણ જનારના ઘરે ગયેલા અને તે સમયે મરણ જનાર ગુજરી ગયેલ હતી અને તેને તેના પતિથી તકલીફ હતી, તેટલો પુરાવો આપે છે. આ સાહેદ એ ફરિયાદીના બનેવી છે અને સુરત મુકામે રહે છે. પરંતુ તેઓના પુરાવામાંથી મરણ જનારને આરોપીઓ તરફથી ઘરકામકાજ બાબતે કોઈ મહેણાટોણાં અથવા કોઈ પણ પ્રકારેનો શક અથવા ઘરની બહાર એકલી જવા ન દેતા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં, મરણ જનારના લગ્ન રાજીખુશીથી તથા સમાજના રીત–રિવાજ મુજબ થયેલા હોવાની હકીકત તેમજ મરણ જનારની અંતિમક્રિયા સમયે તમામ આરોપીઓ હાજર હોવાની હકીકત તેમના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવેલ છે. એટલું જ નહીં પરંતુ તેઓએ એવું પણ સ્વીકારેલ કે, બનાવ બનેલો ત્યારથી તેઓએ નામદાર કોર્ટ સમક્ષ જુબાની આપેલ તે સમયગાળા દરમ્યાન પોલીસે તેઓને ક્યારેય બોલાવેલા ન હોવાનું સ્વીકારેલ છે તેમજ પોલીસવાળા તેમની પાસે ક્યારેય આવેલા હોય તેવું બનેલાનું પણ ઈન્કાર કરેલ છે. આમ, આ સાહેદનો પુરાવો વિશ્વસજન્ય જણાતો નથી. આમ આ આ સાહેદનો પુરાવો લ ેશમાત્રપણ માનવાલાયક જણાઈ આવતો નથી. રેકર્ડ ઉપર હસીનાબાનુની આવી કોઈ ફરીયાદ નથી. ફરીયાદપક્ષ ના કેસ મુજબ હસીનાબાનુએ જાતેથી શરીર પર કેરોસીન છાંટી સળગી ગયા બાદ તા. ૦૯/૦૫/૨૦૧૦ના રોજ રાત્રીના ૨૨.૩૦ કલાકે ગુજરી ગયેલ. આમ ફરીયાદ કર્યા બાદ ગુજરનાર હસીનાબાનુ તેના પિતાના ઘરે રહેતી હતી તે રેકર્ડ પરની હકીકતથી તદ્દન અલગ હકીકત છે. વધુમાં ગુજરનાર પાસે તેણીનો પતિ શકીલ ૧ ૫,૦૦૦/– રૂપીયા લાવવા માટે દબાણ કરતો હોય તેવો ફરીયાદપક્ષનો કેસ પણ નથી. આમ આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોથી અલગ તથા

તદ્દન અલગ પ્રકારનો નવી હકીકતો જણાવી નવો પુરાવો આપેલ હોય, આ પુરાવો લેશમાત્ર પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

૩૮) આ કેસમાં મરણ જનારના પિતા–અબ્બાસભાઈ હુસેનભાઈ વોરાનો આંક–૩૫ થી ઉપરોક્ત વિગતેનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. આ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો આ સાહેદની સરતપાસ પેરા–૩ મુજબ મરણ જનાર ચુડા ગામ ખાતે ૫ થી ૬ વખત પિયરમાં આવેલાનું જણાવે છે, જ્યારે આ કેસના ફરિયાદી ૨ વખત પિયરમાં આવેલ હોવાનું જણાવે છે. વધુમાં, આ સાહેદના પુરાવા મુજબ મરણ જનારના લગ્ન જીવન દરમ્યાન મરણ જનારના સાસરે તેઓ મળવા જતા હોવાની હકીકત તેમજ મરણ જનારના સાસરે રોકાતા હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. એટલું જ નહીં પરંતુ તેઓ મરણ જનાર સાથે તથા તેમના વેવાઈ સાથે ફોન પર વાતચીત કરતાં અને એકબીજાના ખબર–અંતર પૂછતા હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ મરણ જનાર તેઓને અવાર–નવાર ફોન કરી આરોપી ત્રાસ આપતા હોય તેવી રજૂઆત કરેલ છે, પરંતુ આ કેસમાં કોઈ મોબાઈલ ફોનના સી.ડી.આર. રજૂ થયેલ નથી. વધુમાં, આ સાહેદના પુરાવામાં રેકર્ડ ઉપર આ સાહેદના નિવેદનથી વિરુદ્ધની હકીકતના મહત્વના વિરોધાભાસ પણ રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં, આ સાહેદના જણાવ્યા મુજબ મરણ જનારના માથાના ભાગે, હાથના ભાગે વાગેલાના ઈજાના નિશાનો હતા. પરંતુ આ કેસમાં પોસ્ટમોર્ટમ કરનાર ડૉ.ઉમેશભાઈ બળદેવભાઈ ચૌધરીનો આંક–૨૨ વાળો પુરાવો ધ્યાને લેતાં મરણ જનારને લીગેચર માર્ક સિવાયની અન્ય કોઈ ઈજા જણાયેલ ન હતી. એટલું જ નહીં પરંતુ આ સાહેદના પુરાવામાંથી તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, તેઓ જ્યારે હોસ્પિટલ પહોંચેલ ત્યારે આરોપીઓ તથા તેમના સગાસંબંધીઓ ત્યાં હાજર હતા. એટલું જ નહીં પરંતુ આરોપી હોજેફાએ ૧૦૮ ને ફોન કરી બોલાવેલ હોવાની હકીકત પણ તેમના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવેલ છે તેમજ મરણ જનારની દફનવિધિ સમયે પણ આરોપીઓ તથા તેમના પરિવારના સભ્યો હાજર હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

વધુમાં, આ સાહેદના પુરાવામાંથી તેવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે કે, મરણ જનાર માળા બનાવવાનો કાચો માલ ચૌટાબજારમાંથી વેપારી પાસેથી ખરીદીને તેમને મોકલતા હતા. એટલું જ નહીં પરંતુ માળા તૈયાર થયા બાદ આ સાહેદના પત્ની અર્થાત ફરિયાદી મરણ જનારને તૈયાર માળાઓ સુરત મુકામે મોકલવા જતા હતી અને મરણ જનાર આ માલનું પાર્સલ છોડાવી વેપારીઓને જાતે આપવા જતી હતી. એટલું જ નહીં પરંતુ વેપારીઓ પાસેથી માલના પૈસા લેતી અને પોતાની પાસે રાખતી અને આ સાહેદ તથા તેના પત્ની જ્યારે સુરત મુકામે આવતા ત્યારે તેઓને આપતા. વધુમાં, આ માળાઓના માલ બાબતે આ સાહેદે તથા તેની પત્નીએ વારંવાર સુરત મુકામે આવવું–જવું પડતું હોવાનું પણ આ સાહેદે સ્વીકારેલ છે તેમજ સુરત આવ્યા બાદ મરણ જનારના સાસરે જઈ માલના પૈસાનો હિસાબ કરી, મરણ જનાર તેઓના પૈસા આપતા હતા તેમજ મરણ જનારના સાસરે તેઓ જતા ત્યારે કોઈ વખત જમવા માટે રોકાતા પણ હતા. આમ, મરણ જનાર ઘરની બહાર નીકળતી હોવાની હકીકત સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર જણાય આવે છે. વધુમાં, બનાવના ૧૫ દિવસ પહેલાં મરણ જનાર તથા ફરિયાદીની બહેનની દીકરી મલેકા તથા મરણ જનારની બહેન ફાતેમા અને અન્ય વ્યક્તિઓ ૬ દિવસ માટે બુરહાનપુર, મધ્યપ્રદેશ ખાતે દરગાહે ગયેલા હતા. વધુમાં, આરોપી નં.૧ પાર્લે કંપનીમાં નોકરી કરતા હોવાનું અને સવારે નોકરીએ જઈ સાંજે ઘરે પરત આવતા હોવાની હકીકત પણ તેમના પુરાવામાંથી રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં, આ સાહેદે ઊલટ તપાસ પેરા–૨૩ માં તેવો પણ સ્વીકાર કરેલો કે, તેમના સમાજના રીત–રિવાજ મુજબ બંને વેવાઈ એકબીજા સાથે સારા–નરસાં પ્રસંગની વાતચીતો કરતા હતા તેમજ મરણ જનાર તથા આરોપી નં.૧ તેમના ઘરે ત્રણેક વખત આવેલા અને તે સમયે તેઓ બંને રાજી–ખુશીથી ઘરે આવેલા અને રાજી–ખુશીથી જ પરત ગયેલા અને કયારેક રાતના પણ રોકાયેલા હતા. વધુમાં, તેઓએ પોલીસ સમક્ષના નિવેદનથી વિરુદ્ધની હકીકત અર્થાત તેમના પુરાવા દરમ્યાન જે વિરોધાભાસ હતા તે આ સાહેદના પુરાવામાં રેકર્ડ ઉપર આવેલા છે. આ સાહેદના પુરાવામાં જે ત્રાસ આપ્યા ની હકીકત જણાવે છે, તેના સર્મથનમાં કોઈ જ પુરાવો રજુ

થયેલ નથી એટલું જ નહી પરંતું ઉપર જણાવ્યા મુજબ તેણી ચૌટાબજારમાં માલ ખરીદવા ખાવતી હોય તથા તૈયાર માલ જે તે વેપારીને આપવા જતા તથા તેની પાસેથી રકમ મેળવી પોતાની પાસ ે રાખતા અને તે રકમ તેના માતા/પિતા આવતા ત્યારે તેઓને આપતા હતા. આમ આ સાહેદનો સમગ્ર પુરાવો વંચાણે લેતા મરણજનારને ઘરની બહાર એકલી જવા દેતા ન હોય તે હકીકત પણ માની શકાય તેમ જણાતી નથી. આમ આ સાહેદનો પુરાવો વિશ્સજન્ય કે માનવાલાયક જણાઈ આવતો નથી.

૩૯) આ કેસમાં મરણ જનારની બહેન–ફાતેમા અબ્બાસ વોરાએ આંક–૩૭ થી ઉપરોક્ત વિગતેનો પુરાવો આપેલ છે. જેનું મૂલ્યાંકન કરીએ તો તેણીએ પોલીસ નિવેદનથી અલગ પ્રકારની હકીકતો જણાવેલી છે. આ સાહેદના પુરાવામાં જે જે વિરોધાભાસ હતા તે રેકર્ડ ઉપર આવેલા છે તેમજ મરણ જનાર લગ્નના અઢી વર્ષ ઉપરાંતનો સમય થવા છતાં પ્રેગ્નન્ટ થયેલ ન હતા તે હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં, આ સાહેદના પુરાવા તેમના પુરાવા મુજબ મરણજનારની આ બહેન, મરણજનાર જૈનબ તથા અન્ય લોકો બુરહાનપુર ખાતે ગયેલા હોવાની હકીકત પણ રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં, મરણ જનારના લગ્ન જીવન દરમ્યાન કોઈ ઝઘડો થતો હોય તેવી ફરિયાદ તેણીએ કે તેના પિતાએ તેમના સમાજ કે પોલીસ સ્ટેશનમાં કરેલ ન હોવાનું પણ સ્વીકારેલ છે. આ સાહેદના પુરાવામાં જે ત્રાસ આપ્યા ની હકીકત જણાવે છે, તેના સર્મથનમાં કોઈ જ પુરાવો રજુ થયેલ નથી તથા મરણજનાર તેણીની સાથે બહાર ફરવા માટે ગયેલ હોવાની હકીકત પણ રેકર્ડ પર આવેલ છે. આમ આ સાહેદે રેકર્ડ પરની હકીકતોથી તદ્દન અલગ પ્રકારનો પુરાવો આપેલ હોય, આ પુરાવો લેશમાત્ર પણ માનવાલાયક જણાઈ આવતો નથી.

૪૦) આ કેસમાં ફરિયાદ લેનાર–નરેશકુમાર મનસુખભાઈ કણઝારીયાએ આંક–૪૦ થી ઉપરોક્ત વિગતેનો પુરાવો આપેલ છે. આ સાહેદના પુરાવામાં અકસ્માત મોતની જાહેરાત ફરિયાદ નોંધાયેલ તે પહેલાં દાખલ કરવામાં આવેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે, પરંતુ ફરિયાદ સમયે આ કેસના કોઈ પેપર્સ સાથે ન હોવાનું સ્વીકારેલ છે. વધુમાં, આંક–૨૭ વાળી ફરિયાદ વંચાણે લેતાં તેમાં ગુનાનો કોઈ સમયગાળો જણાવવામાં આવેલ નથી તેમજ ફરિયાદ તા.૨૨/૧૨/૨૦૧૩ ના રોજ લીધેલ અને આંક–૨૭ વાળી ફરિયાદમાં આ ફરિયાદ તા.૨૩/૧૨/૨૦૧૩ ના રોજ નોંધાયેલ હોવાનું લખવામાં આવેલ છે. આ ઉપરાંત, આ સાહેદના પુરાવામાં ફરિયાદીની જુબાની દરમ્યાન જે વિરોધાભાસ થયેલા તે રેકર્ડ ઉપર આવેલા છે.

૪૧) આ કેસમાં તપાસ કરનાર પોલીસ અધિકારી રાજેન્દ્રભાઈ દિનેશભાઈ ચૌહાણે આંક ૪૫થીઉપરોકત વિગતેનો પુરાવો આપેલ છે.આ સાહેદના પુરાવામાં તેઓએ કરેલ તપાસની હકીકત રેકર્ડ પર આવેલ છે તથા આ સાહેદના પુરાવામાં ગુજરનારના પિતા તથા બહેન ફાતીમાના વિરોધાભાષ રેકર્ડ પર લેવામાં આવેલ છે. આ તપાસ કરનાર પોલીસ સાહેદે તે હકીકતનો સ્પષ્ટ રીતે સ્વીકાર કરેલ છે કે, મરનારના પિતા અબ્બાસભાઈ તથા બહેન ફાતેમાનું નિવેદન તેઓએ લીધેલ તેમાં મરનાર સાથે આરોપીઓનો કઈ બાબતનો ઝઘડો, તકરાર તથા મહેણાટોણા મારતા હતા તે જણાવેલ નથી તથા આરોપીઓ એડીની તપાસ દરમ્યાન તથા ગુનો દાખલ થયા બાદ તપાસ દરમ્યાન ભાગી ગયેલા ન હોવાનું સ્વીકારેલ છે. વધુમાં તેમના પુરાવામાંથી એવી હકીકત પણ રેકર્ડ પર આવેલ છે કે, બનાવ અગાઉ મરનારે આરોપીઓ દ્વારા કહેવાતો ત્રાસ, હેરાન પરેશાન, મેણાટોણા મારેલ તે બાબતે મરનારે કે તેણીના સગા સંબં

ધીઓએ આરોપીઓ વિરૂધ્ધ તેમના પોલીસ સ્ટેશનમાં કોઈ ફરીયાદ આપેલ ન હતી.

**૭૨)** આ કેસમાં ચાર્જશીટ કરનાર પોલીસ અધિકારી વિશાલ ક્રિષ્ણકાંત ગોલવેલરે આંક ૫૫ થીઉપરોકત વિગતેનો પુરાવો આપેલ છે. આ સાહેદના પુરાવામાં તેઓએ તપાસ સંભાળી ચાર્જશીટ કરેલાની હકીકત જણાવેલ છે. તેઓએ કોઈ સાહેદોના નિવેદન લીધેલ નથી તથા ગુનાવાળી જગ્યાની મુલાકાત કરેલ નથી. આમ ચાર્જશીટ કર્યા સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ ન હતી. આમ આ સાહેદના પુરાવાને ફોર્મલ પ્રકારનો ગણી શકાય.

**૭૩)** આ કેસમાં મરણજનાર રહેતા હતા ત્યાંના આસપાસના પાડોશીઓ અથવા તો અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સર્મથન આપતો પુરાવો આપેલ નથી.

**૭૪)** આ કેસમાં ફરીયાદપક્ષના ઉપર જણાવ્યા મુજબના સાહેદોના પુરાવાઓમાં અનેક મહત્વના વિરોધાભાષ તથા ઈમ્પ્રુવમેન્ટ રેકર્ડ પર આવેલા છે. આ સાહેદોએ રેકર્ડ પરથી હકીકતથી તદ્દન અલગ તથા નવી હકીકતો કોર્ટ સમક્ષના પુરાવામાં જણાવેલ હોય તે આ સાહેદોના પુરાવાઓને અવિશ્વસજન્ય બનાવે છે. આ વિરોધાભાષ તથા ઈમ્પ્રુવમેન્ટ બચાવપક્ષ તરફથી રેકર્ડ ઉપર સાબીત પણ કરવામાં આવેલા છે. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>સ્ટેટ ઓફ ગુજરાત વિ. વિજયભાઈ દેવશભીભાઈ પરમાર</u>** (2016(0) AIJEL–HC–236104)ના ચુકાદો વં ચાણે લેતા આ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા કાયદાકીય સિધ્ધાંત મુજબ મરણજનારના નજીકના સગાઓ દ્વારા તેમના

પુરાવામાં સુધારા–વધારા કરેલા હોય, આવા સાહેદનો પુરાવો માની શકાય નહી. આ સંજોગોમાં ફરીયાદપક્ષના ઉપરોકત જણાવેલા સાહેદોના પુરાવાઓ માની શકાય તેમ નથી. બચાવપક્ષે નામદાર સુપ્રીમકોર્ટના <u>લલીતા વિ. વિશ્વનાથ તથા અન્ય</u>(<u>૨૦૨૫(૦) એજેએલ–એસસી– ૭૪૭૦૫</u>)ના ચુકાદા પર આધાર રાખેલ છે. આ ચુકાદો વંચાણે લેતા આ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા કાયદાકીય સિધ્ધાંત સાથે આ અદાલત નમ્ર પણે સહમત છે. નામદાર સુપ્રિમ કોર્ટે આ ચુકાદામાં એવું ઠરાવેલ કે માત્ર હેરેસમેન્ટ કે ક્રુરતાએ મરનાર વ્યકિતને આત્મહત્યા કરવા માટે પ્રેરે તે પુરતું નથી, પરંતું તે માટે રેકર્ડ પર માનવાલાયક પુરાવો હોવો જોઈએ. આ કેસની હકીકત તથા સંજોગો જોતા રેકર્ડ પર એવો કોઈ પુરાવો આવેલ નથી કે મરનાર વ્યકિત ને આત્મહત્યા કરવા સીવાય અન્ય કોઈ વિકલ્પ બાકી રહેલ ન હોય.

**૪૫)** આ કેસમાં ફરીયાદપક્ષના ઉપર જણાવેલા સાહેદોના પુરાવાઓમાં થી એવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી કે, ગુજરનાર જૈનમને એવો કયા પ્રકારનો ત્રાસ આપવામાં આવતો હતો કે જેના કારણે તેણીને આત્મહત્યા કરવા સીવાય અન્ય કોઈ વિકલ્પ બાકી રહેતો ન હતો.

વધુમાં જે આક્ષેપ કરવામાં આવેલ છે તે અંગેનો પણ કોઈ જ માનવાલાયક કે સંતોષકારક પુરાવો રેકર્ડ પર આવેલ નથી. આ સમગ્ર કેસ સં પૂર્ણ પણે સત્ય માની લેવામાં આવે તો પણ આ કૃત્ય એવા નથી કે ભોગ બનનાર વ્યકિતને આ કારણોસર આત્મહત્યા કરવી પડે અથવા તો પોતાની જીવન ટુંકાવે અગર તો મૃત્યુની સમીપ તેવી વ્યકિત જાય. આ તબકકે જુદાજુદા ચુકાદાઓમાં જણાવેલા માર્ગદર્શક સિધ્ધાંતો જોઈએ તો નામદાર ગુજરાત

હાઈકોર્ટે <u>**ગુજરાત રાજય વિ. નરશીભાઈ સોમાભાઈ બોરીચા (૨૦૨૬ (૦) એઆઈજેઈએલ–એચસી– ૨૫૩૧૯૭**</u> નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો આ ચુકાદામાં નામદાર હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, જો પુરૂષે કયારેય ગુસ્સામાં અથવા લાગણીના જોરે કોઈ શબ્દો ઉચ્ચારેલા હોય, જેના પરીણામો ખરેખર આવવાના છે તેનો કોઈ ઈરાદો ન હોય તો તેને ઉશ્કેરણી ગણી શકાય નહી. ઉશ્કેરણી સાબીત કરવા માટે ફરીયાદપક્ષે તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવી પડે કે, ઉશ્કેરણી, કાવત્રુ અથવા ઈરાદાપૂર્વક મદદગારી કરેલ હતી. ફરીયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવી પડે કે, આરોપીએ મરણજનારને મરવા માટે ઉશ્કેરણી કરેલ હતી અને તે કૃત્ય માટે તેણે સક્રિય રીતે ભાગ ભજવેલ હતો. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે <u>**સ્ટેટ ઑફ ગુજરાત વિરૂદ્ધ સુનીલકુમાર કે. જાની (૧૯૯૬(૨), જી. એલ. એચ., પાના નં.૫)**</u> નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો આ ચુકાદામાં નામદાર હાઈકોર્ટે એવું ઠરાવેલ છે કે, પતિ પત્નિ ક્યારેક એક અથવા બીજા કારણસર ઝઘડતા હોય તો તે લગ્નજીવનની સામાન્ય બાબત છે અને તે મુજબનો પુરાવો હોય તો તેના કારણે મરણજનારને આપઘાત માટે દુષ્પ્રેરણ કરવામાં આવેલ હોવાનું કહી શકાય નહીં. તેમજ, <u>**ઈન્દ્રસિંહ એમ. રાઓલ વિરૂદ્ધ સ્ટેટ ઑફ ગુજરાત**</u> (<u>**૧૯૯૯(૨), જી. એલ. એચ., પાના નં.૫૯૬**</u>)નો નામદાર ગુજરાત વડી અદાલતનો ચુકાદો જોવામાં આવે તો, તેમાં એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ત્રાસ અથવા કનડગતના તમામ કૃત્ય ઈ. પી. કોડની કલમ–૪૯૮(ક) મુજબનો ગુનો બનતું નથી. ફરિયાદ પક્ષે આવા પ્રકારનો ત્રાસ અથવા કનડગત પુરજોશમાં, અવિરત અને સતત પ્રકારનો હોવો જોઈએ અને તે ગંભીર પ્રકારનો તથા પરણીત સ્ત્રી આત્મહત્યા કરે તેવા ઈરાદા સાથેનો હોવો જોઈએ. નામદાર ગુજરાત હાઈકોર્ટે <u>**અભય હરીનંદ ઓઝા વિ. સ્ટેટ ઓફ ગુજરાત**</u> (<u>**૨૦૦૮(૨) જી એલઆર ૧૧૭૮)**</u>ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાં

તની ચર્ચા કરીએ તો આત્મહત્યામાં મદદગારી એટલે ક્રુરતા જ નહી પરંતું તેણી ઘણું બધુ વિશેષ હોય છે. કલમ ૩૦૬નું તહોમત પુરવાર કરતાં સમયે ફરીયાદપક્ષે ભારતીય દંડ સંહીતાની કલમ ૧૦૭માં જણાવેલા તત્વો પુરવાર કરવા જ પડે અને માત્ર ક્રુરતા કે ત્રાસ વિગેરેના કારણે આઈપીસી કલમ ૩૦૬ માટે દોષીત ઠરાવી શકાય નહી., માત્ર અનુમાન કે સંભાવનાનાં આધારે કલમ ૩૦૬ અન્વયે તકસીરવાન ઠરાવી ન શકાય. નામદાર સુપ્રીમ કોર્ટે **એસ.એસ.છીના વિ. વિજયકુમાર મહાજન** વિગેરે (**૨૦૧૦(૪) ક્રાઈમ્સ (સુ.કો.) પાના ૧૦૧**)ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતની ચર્ચા કરીએ તો ભારતીય દંડસંહીતાની કલમ ૩૦૬ અન્વયે આરોપીએ ભોગ બનનારને આત્મહત્યા કરવા પ્રેરવા કે મદદ કરવામાં સક્રિય ભાગ ભજવ્યો હોવો જ જોઈએ અન્યથા સજા કરી શકાય નહી. નામદાર સુપ્રીમ કોર્ટે **જગ્ગાસીંહ વિરુધ્ધ સ્ટેટ ઓફ પંજાબ** (**એ.આઈ.આર.૧૯૯૫ સુપ્રીમ કોર્ટ પાનાનં.૧૩૫**)ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે, શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. નામદાર ગુજરાત હાઈકોર્ટે **સ્ટેટ ઓફ ગુજરાત વિ. પ્રધુમન રમણલાલ મહેતા એન્ડ અધર્સ** (**૧૯૯૮(૨) જી એલએચ પાના ૯૦૪**)ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતની ચર્ચા કરીએ તો આ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે સમક્ષના કેસની હકીકત એવી હતી કે, ગુજ. વ્યકિત એ આત્મહત્યા એ કારણસર કરેલ કે તેમના વિરૂદ્ધ ન્યુઝ પેપરમાં બદનક્ષીકારક લખાણનો લેખ પ્રસિધ્ધ થયેલો હતો. આ કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે બદનક્ષી વાળા લેખનો પ્રતિભાવ કે જેનું અનુમાન થઈ ન શકે તેમ હોય ત્યારે આપઘાતમાં જાણી જોઈને મદદ થઈ છે તેમ ન કહી શકાય. વધારે સક્રિય ભાગ જેને અમુક કૃત્ય કરવા પ્રેરેલ હોય કે તે કરવામાં મદદ કરી હોય તે કલમ ૩૦૬ માટે આપઘાતમાં મદદ કરવા માટે જરૂરી તત્વ છે.

**૪૬) ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૩(એ) મુજબ પરિણીત સ્ત્રી દ્વારા આપઘાત કરવાના કેસમાં માની લેવા અંગે:–**

સ્ત્રી દ્વારા આપઘાત કરવામાં આવે ત્યારે તેણીના પતિએ અથવા પતિના કોઈ સગાએ મદદગારી કરી હતી અને એવું દર્શાવવામાં આવે કે, તેણીના લગ્નની તારીખથી ૦૭ વર્ષની મુદતની અંદર તેણીએ આપઘાત કર્યો હતો અને તેણીના પતિ અથવા તેણીના પતિના સગાએ આવું ઘાતકી કૃત્ય કરવા તેને ફરજ પાડી હતી, તો કોર્ટે કેસના બીજા સંજોગોને ધ્યાને લઈને એવું અનુમાન કરી શકશે કે આવો આપઘાત કરવામાં તેણીના પતિ અથવા તેણીના પતિના આવા સગાએ મદદગારી કરી હતી.

**સ્પષ્ટીકરણ**:– આ કલમના હેતુઓ માટે '' ઘાતકી કૃત્ય'' અથવા ' ' ક્રુરતા''નો ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮(એ)માં જે અર્થ આપ્યો છે તે જ થશે.

**<u>અનુમાન (Presumption)</u> :-**

કલમ ૧૧૩–એ નો અમલ તા. ૨૫/૧૨/૧૯૮૩ના રોજથી અમલ શરૂ થયેલ છે પરંતું તેની અસર ભવિષ્યવર્તી (Prospecticve)આપવામાં આવેલ નથી, પરં તું પશ્ચાતવર્તી (Retrospective)અસર આપવામાં આવેલ છે, અર્થાત આ તારીખની અગાઉની ઘટના ને પણ આવરી લેવામાં આવેલ છે. આ કલમમાં લગ્નનો ૦૭ વર્ષનો સમયએ મહત્વનો સમય છે. આ કલમમાં દર્શાવેલ નિયમએ કોઈ વિષયાત્મક કાયદો નથી, પરંતું માત્ર પ્રક્રિયાત્મક (Procedural) જોગવાઈ છે, તેથી તેની અસર પશ્ચાતવર્તી (Retrospective) આપવામાં આવેલ છે. **<u>ગુરૂચરનસિંઘ વિ. સતપાલસીંઘ</u>** (**<u>એઆઈઆર ૧૯૯૦ સુ.કો. ૨૦૯</u>**)ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે એવો

અભીગમ અપનાવેલ કે કાયદામાં એ મુજબનો સુધારો થયો તે અગાઉના ઉભેલા કેસોને પણ આ નવી જોગવાઈ લાગુ પડે છે. આ જોગવાઈથી નવો ગુનો અસ્તીત્વમાં આવતો નથી અથવા તો કોઈ મુળભુત અધીકાર પર એનાથી ઉત્પન્ન થતો નથી. આ માત્ર કાર્યવાહીનો એક નિયમ છે અને એ રીતે પશ્ચાતવર્તી (Retrospective)અસરથી એ લાગુ પડે છે એટલું જ નહી, કાયદા તરીકે એ જોગવાઈ અમલમાં આવી તે વખતે અનિર્ણીત કેસોમાં પણ આ નિયમ લાગુ પડે છે. કલમ ૧૧૩ –એ મુજબ કોર્ટ દ્વારા અનુમાન કરવું ફરજીયાત નથી, "**પરંતું કેસ અંગેના તમામ સંજોગોને ધ્યાનમાં લેતા** " શબ્દો પ્ર માણે સ્ત્રી સાથે થયેલા ક્રુર વર્તાવ અને સ્ત્રીની આત્મહત્યા વચ્ચે કાર્ય અને કારણનો સંબંધ જોડી શકાય ત્યારે જ કોર્ટ અનુમાન કરશે. કલમ ૧૧૩ –એ પ્રમાણેનું અનુમાન થઈ શકે તે માટે એ જરૂરી છે કે ફરીયાદી પ્રથમએ પ્ર કારનો ક્રુર વર્તાવ સાબીત કરે. ફરીયાદપક્ષ એવું સાબીત કરવામાં નિષ્ફળ જાય કે, ગુજરનારને આરોપી દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો, તો ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૧૩ (એ) હેઠળ ત્રાસ અંગે અનુમાન થઈ શકે નહી. આરોપીપક્ષે **નરેશકુમાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ હરીયાણા**(2024 **Cri.L.J.** 1561)તથા **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ ભરતભાઈ બાબુભાઈ લાડ તથા અન્ય** (2006(1) **GLH** 718)ના ચુકાદાઓ પર આધાર રાખેલ છે. આ ચુકાદાઓ વંચાણે લેતા આ ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલા કાયદાકીય સિધ્ધાંતો સાથે આ અદાલત નમ્રપણે સહમત છે. આ ચુકાદાઓમાં ઠરાવ્યા મુજબ માત્ર પજવણી અથવા ક્રુરતાના કોઈ મજબુત પુરાવાના અભાવે, પુરાવા અધિનિયમની કલમ ૧૧૩ –એ હેઠળ અનુમાન કરી આરોપી ને આઈપીસી કલમ ૪૯૮(એ) તથા ૩૦૬ના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી. આ ચુકાદામાં ઠરાવ્યા મુજબ માત્ર

પજવણીએ આત્મહત્યાના ગુના માટે તકસીરવાન ઠરાવવા પુરતું નથી,તેના માટે મૃતકને આત્મહત્યા કરવા માટે આરોપીનો ઈરાદો (Mensrea) અથવા પ્રત્યક્ષ કૃત્યની પણ જરૂરત પડે છે. આ ચુકાદામાં વધુમાં એવું પણ ઠરાવેલ છે કે, કોઈ પરણીતાએ લગ્નના ૦૭ વર્ષની અંદર આત્મહત્યા કરેલ હોય, તેથી ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૧૧૩ –એ આપોઆપ લાગુ પડી શકે નહી. કાયદાકીય આદેશ એવો છે કે ફરીયાદપક્ષે રેકર્ડ પરથી તે હકીકત પ્રસ્થાપીત કરવી પડે કે, સ્ત્રી એ તેણીના લગ્નના ૦૭ વર્ષની અંદર આત્મહત્યા કરેલ છે, આવી આત્મહત્યા તેણીએ તેના પતિ કે પતિના સગાઓ દ્વારા ક્રુરતા આચરવામાં આવેલ હોય તેના કારણોસર કરેલ હતી. **લલીતા વિ. વિશ્વનાથ તથા અન્ય (2025 Live Law (SC) 179)**આ કેસમાં નામ.સુપ્રીમ કોર્ટે એવું ઠરાવેલ કે માત્ર હેરાનગતી–પજવણી કે ક્રુરતાએ મરનાર વ્યકિતને આત્મહત્યા કરવા માટે પ્રેરે તે પુરતું નથી, મરનાર વ્યકિત ને આત્મહત્યા કરવા સીવાય અન્ય કોઈ વિકલ્પ બાકી રહેલ ન હોય, તેવી હકીકત ફરીયાદપક્ષે રેકર્ડ પરના પુરાવાઓના આધારે પુરવાર કરવી જોઈએ પરંતું આ કેસની હકીકત તથા સંજોગો જોતા રેકર્ડ પર એવો કોઈ પુરાવો આવેલ નથી.

**૪૭)** હાલના કેસમાં સાહેદોના પુરાવામાંથી એવી કોઈ હકીકત કે એવા કોઈ ત્રાસની હકીકત રેકર્ડ પર આવતી નથી કે, જેના કારણે મરણજનાર જૈનમને આત્મહત્યા કરવાનો વિકલ્પ નાછુટકે પસંદ કરવો પડેલ હોય. મરણજનાર ગમે તે કારણોસર હતાશામાં આવી ગયેલ હોય, જેથી તેણીએ આત્મહત્યા કરેલ હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. આ કેસની

હકીકત મુજબ મરણજનારના લગ્ન તા.૧૧/૪/૨૦૧૧ના રોજ થયેલ અને મરણજનારે આત્મહત્યા તા. ૨૨/૧૨/૨૦૧૩ના રોજ કરેલ, ફરીયાદીના આંક ૨૬વાળા પુરાવાના પેરા ૨૪ મુજબ મરણજનારને કોઈ સંતાન થયેલ ન હતુ તથા સાહેદ અબ્બાસ હુશેનભાઈ વોરાના આંક ૩૫વાળા પુરાવાના પેરા ૩ મુજબ તેમની મરણજનાર દિકરી જૈનબને લગ્નગાળા દરમ્યાન કોઈ સંતાન પ્રાપ્ત થયેલ ન હતુ. આમ લગભગ અઢી વર્ષ ઉપરાંતના સમગગાળા બાદ પણ સંતાન ન થયુ તે પણ આત્મહત્યા કરવાનું કારણ હોવાની શકયતા નકારી શકાય તેમ જણાતી નથી. આમ મરણજનારને આત્મહત્યા કરવા માટેનું આક્ષેપમાં જણાવ્યા મુજબનું કારણ હોય તેવું ફરીયાદપક્ષના પુરાવા પરથી જણાઈ આવતું નથી. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટના **<u>એસ.જી. મુનીયા એન્ડ અધર્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u> (<u>૨૦૦૨(૩) જી એલએચ પાના નં. ૪૧૭</u>)**ના ચુકાદાની ચર્ચા કરીએ તો આ ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે સમક્ષના કેસની હકીકત એવી હતી કે, ગુજરનાર પોલીસ હેડકવાર્ટરમાં મેસ મેનેજર તથા હેડ રાઈટર તરીકે નોકરી કરતા હતા અને તેઓએ કરેલ આપઘાતના કેસમાં આરોપીઓએ આત્મહત્યા માટે દુષ્પ્રેરણા આપવા બદલનો ચાર્જ હતો અને આ કેસમાં એવો આક્ષેપ હતો કે આરોપીઓ દ્વારા કરવામાં આવેલ અત્યાચારના કારણે ગુજરનાર હતાશા ભોગવતા હતા અને તે કારણે તેઓએ આત્મહત્યા કરેલ હતી. આ કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ કે Allegations of trivial nature like constant reprimanding as regards irregularities and mismanagement concerning the mess - no depedable evidence with regard to actual abetement . Not an iota of evidence to even remotely suggest that the accused persons intended the consequence of the act, i.e. death of the person. Judicial process should not be an

instrument of oppressions or needless harassment. Court should be circumspect and judicious in exercising discretion before issuing process. હાથ પરના કેસની હકીકત તથા રેકર્ડ ધ્યાને લેતા આ કેસના ભોગ બનનારના આરોપી નં.૧ સાથે લગ્ન થયા બાદ લગભગ અઢી વર્ષ ઉપરાંતના સમગગાળા બાદ પણ સંતાનનો જન્મ થયેલ ન હતો, આમ આ કારણે પણ મરણજનારે આત્મહત્યા કરેલ હોવાની શકયતા નકારી શકાય તેમ જણાતી નથી.

૪૮) પ્રસ્તુત કેસમાં મરણજનારનાં અંગત સગાંઓની જુબાનીઓ વંચાણે લેવામાં આવે તો, મરણજનાર તથા આરોપીઓ વચ્ચે સામાન્ય પ્રકારની બોલચાલ કે ઝઘડા થતા હતા પરંતુ,આ ક્ષુલ્લક/સામાન્ય (Trivial Nature)ની બાબત છે, અને આવા કારણોસર કોઈ વ્યકિત આત્મહત્યા કરવા સુધી પહોંચી જાય તે હકીકત માની શકાય નહી. વધુમાં રેકર્ડ મુજબ જે આક્ષેપ કરવામાં આવેલા છે તેને કાયદાની પરીભાષામાં ત્રાસ પણ ગણી શકાય નહી, તેથી આવી ક્ષુલ્લક બાબતો એવી કોઈ ગંભીર નથી કે જેના કારણોસર મરણજનાર કુસુમબેનને આત્મહત્યા કરવા સુધીનું પગલું ભરવાની નાછુટકે ફરજ પડેલ હોય. એટલે કે, **ફરિયાદ પક્ષના જણાવ્યા મુજબનો ત્રાસ તે સામાન્ય બાબત જણાય છે. કાયદા મુજબ આરોપીઓ દ્વારા આવો ત્રાસ પુરજોશમાં, અવિરત, સતત પ્રકારનો અથવા તો મરણજનાર આત્મહત્યા કરે તેવા ઈરાદા સાથેનો હોવાનું જણાઈ આવવું જોઈએ. તે સંજોગોમાં ઉપરોક્ત ચુકાદાઓ ની સાપેક્ષમાં ફરિયાદ પક્ષના પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો પણ ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબના ત્રાસના કારણે મરણજનારને આપઘાત માટે દુષ્પ્રેરણ કરવામાં આવેલાનું, એટલે કે, ઈ. પી. કોડ કલમ–૧૦૭ મુજબની મદદગારી કરેલ હોવાનું મળી આવતું નથી.**

૪૯) ઘણી વખત એવું પણ જોવા મળેલ છે કે, સતત અને એકધારી, ચોકકસ સંજોગોની સ્થીતીનો શિકાર બનેલ હોવા છતાં જીંદગી જીવવાની અગમ્ય ઈચ્છાના કારણસર કોઈ વ્યકિત તેવા સંજોગોનો સામનો કરી રહેલો હોય અને પોતાની જાતને ટકાવી રાખેલી હોય, પરંતુ પાછળથી કોઈ અંગત કારણોસર તેણે આત્મહત્યા કરી પોતાની જીંદગી ટૂંકાવી નાંખેલી હોય અને તે કારણ તે ભોગ બનનાર વ્યકિત એકલી જ જાણતી હોય અને તેના મૃત્યુ સાથે તેવા કારણનું રહસ્ય પણ કામય માટે દબાઈ જતું હોય છે. તેથી જ જયારે કોઈ વ્યકિતએ આત્મહત્યા કરેલી હોય અને બીજી વ્યકિતએ તેને આત્મહત્યા કરવામાં મદદગારી કરેલી છે તેવો આક્ષેપ મુકવામાં આવે ત્યારે તે વ્યકિત એ ભોગ બનનાર વ્યકિતને મદદગારી કરેલી હોવાનું સાબિત કરવું જોઈએ તથા મદદગારી અને આત્મહત્યાને સીધુ જોડાણ હોવાનું પણ સાબિત જવું જોઈએ. ગુન્હેગાર ભોગ બનનાર વ્યકિતને સીધી કે આડકતરી રીતે મદદ કરતો હોય છે. ભોગ બનનારને જીંદગી ટૂંકાવવા માટે થઈને સ્ફોટક પદાર્થ, ઝેર કે બીજા કોઈ સાધનો પુરા પાડેલા હોય છે. જે કૃત્ય તેમને સીધી રીતે આત્મહત્યામાં મદદ કરે છે. જયારે આ જ તત્વના બીજા ભાગમાં કાઈક કૃત્ય કરવું જોઈએ તે નહી કરીને મદદગારી કર્યા અંગેનો છે. આ તત્વ દરેક વ્યકિતની કાયદાકીય જવાબદારી સાથેનું છે. જયારે કોઈ વ્યકિત કોગ્નીઝેબલ ગુન્હો કરતી હોય ત્યારે તે ગુન્હો થતો જોનાર દરેક વ્યકિતની તે ગુન્હો થતો અટકાવવાની જવાબદારી થઈ પડે છે. જો આવો ગુન્હો થતો માત્ર જોવામાં જ આવે અને તેને અટકાવવામાં ન આવે તો તે વ્યકિત પોતાની કાનૂની ફરજ ચુકેલા છે અને ગુન્હો કરવામાં મદદગારી કરેલી છે તેવું કહેવાશે.

**૫૦)** આમ, આ કામે ઉપરોકત તમામ પુરાવાની ચર્ચા કરી તે સાથે એ હકીકતની નોંધ લેવી જરૂરી જણાઈ છે કે, આત્મહત્યાના બનાવો સમાજમાં દિન પ્રતિદિન વધતા જાય છે અને આજે આ સમાજનો એક સળગતો પ્રશ્ન થઈ ગયેલો છે અને સમગ્ર સમાજ વિરોધી બનાવો બની ગયેલા છે તેમ કહી શકાય. અદાલત આવા બનાવનો કયારેય હળવાશથી લઈ શકે નહી તેમજ ઈ.પી.કોડ કલમ ૩૦૬ અને તેમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ જો કોઈ વ્યકિત આત્મહત્યા કરે તો તેવી વ્યકિતને આત્મહત્યા કરવામાં જો કોઈ વ્યકિતએ મદદગારી કરેલી હોય તે વ્યકિતએ સદરહુ તહોમત નીચેનો ગુન્હો કરેલો છે તેવું કહેવાશે. એ વિશે કોઈ શંકા નથી કે મનુષ્યને જી ં દગીમાં સૌથી વધુ પ્રેમ પોતાના ખુદના જીવ સાથે હોય છે. મૃત્યુની કલ્પના પણ માણસને ધ્રુજાવી દેતી હોય છે. આથી કોઈ વ્યકિત વ્યાજબી કારણ કે સંજોગો સિવાય આત્મહત્યા કરી પોતાની મુલ્યવાન જિંદગી નષ્ટ કરવાનું પસંદ કરી શકે નહી. આમ છતાંય સમાજમાં આત્મહત્યાના બનાવો વારંવાર બનતા જોવા મળે છે. તેની પાછળ દરેક વખતે કોઈને કોઈ કારણ જવાબદાર હોય છે. ઘણી વખત માણસને માનસીક હતાશા, શારિરીક અક્ષમતા, ઈચ્છાઓ, આકાંક્ષાઓ અથવા તો મહત્વાકાંક્ષા પૂર્ણ ન થવી વિગેરે આત્મહત્યા કરવા તરફ દોરી જાય છે તો નિષ્ફળતા પણ આવા જ કિસ્સાની જન્મદાતા છે. આ ઉપરાંત ગરીબી, બેરોજગારી, પંગુતાપણુ, ગંભીર બિમારી, સંજોગો સામે ટકી નહી શકવાની નબળાઈ વિગેરે અનેક પ્રકારના કારણો આત્મહત્યા માટે જવાબદાર હોવાનું અનુભવવામાં આવેલ છે.

**૫૧)** આમ, ઉપરોકત કાયદાની જોગવાઈઓ સાથે અગાઉ ચર્ચા કરેલી છે તેનું પુનરાવર્તન ન કરતાં, હાલના કામે પડેલ પુરાવાઓને સમગ્ર

રીતે મુલવીએ તો, આ કામે મરણજનાર જૈનબને આરોપીઓએ એકબીજાની મદદગારીથી દુષ્પ્રેરણ કરેલ હોય જેથી મરણજનાર જૈનબને આ કામના આરોપીઓએ એકબીજાની મદદથી મરણજનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરાની ઉપર સતત પ્રકારનો ત્રાસ પુરજોશમાં, અવિરત અથવા તો મરણજનાર આત્મહત્યા કરે તેવા ઈરાદા સાથેનો હોવાનું જણાઈ આવતું નથી કે જેના કારણે મરણજનારે મજબૂર થઈ પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ તેવા ફરીયાદપક્ષના તહોમતનામાની હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. વધુમાં મરણજનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરા પર જે ત્રાસ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે તે ત્રાસ માટેના કેવા સંજોગો આરોપીઓ દ્વારા ઉભા કરી, ક્રુરતાનો ભોગ બનાવવામાં આવેલ તે બાબતે કોઈ હકીકત કે કોઈ ઘટના વર્ણવેલી નથી, પરંતું ફરીયાદપક્ષ તરફથી જે આક્ષેપો કરવામાં આવેલ છે તેમાં કોઈ ચોકકસ તારીખ જણાવવામાં આવેલ નથી તથા આક્ષેપોનો પ્રકાર ક્ષુલ્લક/ સામાન્ય (Trivial Nature)ની બાબત છે, મરણજનાર હસીનાબાનુ ને આરોપીઓ દ્વારા જે કહેવાતો ત્રાસ આપવામાં આવતો હતો તે જાણવા ગુજરનારના પરીવારના સભ્યોએ તેવી હકીકત જાણવા માટેની તસ્દી સુધ્ધા લીધેલ નહિ હોવાની હકીકત રેકર્ડ પરથી જણાઈ છે. આમ, ક્રુરતા બાબતના જે આક્ષેપો છે તેની હકીકતો ફરિયાદ પક્ષ દ્વારા પુરાવાથી સંતોષવાના રહેતા હોય છે, પરંતુ પડેલ પુરાવામાં સાહેદોની જુબાની પૃથક પૃથક પણે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે તેનું પુનરાવર્તન ન કરતાં, તે પુરાવો ધ્યાને લઈએ તો, આ કામે આ કામના આરોપીઓ દ્વારા એકબીજાની મદદગારીથી મરણજનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરાને શારીરિક–માનસિક ત્રાસ ગુજારી આરોપીઓના અતિશય ત્રાસના લીધે મરવા સુધીના ત્રાસના કારણે મજબૂર થઈ

તેણીને આત્મહત્યા કરવા સીવાય અન્ય કોઈ વિકલ્પ બાકી ન રહેતા મરણજનારે મજબૂર થઈ પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ તે અંગેનો પણ કોઈ જ માનવાલાયક કે સંતોષકારક પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં રેકર્ડ પર એવો કોઈ જ સંતોષકારક કે માનવાલાયક પુરાવો રેકર્ડ પર આવેલ નથી કે આ કેસના આરોપીઓએ એકબીજાની મદદગારી કરેલી હોય અને આરોપીઓના તેવા ત્રાસના કારણે કે આરોપીઓના આવા ઈરાદાપુર્વક કરવામાં આવતાં વર્તનને કારણે આ વર્તનને કારણે મરણજનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરા આપઘાત કરવા કરવા પ્રેરાયા હોય અને ગુજરનાર જૈનબ દ્વારા પોતાના જીવનનો અંત લાવવાનું પગલું ભરવામાં આવેલ હોય તેવી હકીકત નિ:શંકપણે સાબીત થવા પામેલ નથી.

**પર)** આમ, ફરિયાદ પક્ષનો ઉપરોકત રજૂ થયેલ પુરાવો અને તેનું મૂલ્યાંકન જોતાં તેમજ બંને પક્ષોના વિ.વ.શ્રીઓની દલીલો ધ્યાને લેતાં આ કામના મરણજનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરાને આરોપીઓએ ભોગ બનનારને મેણાટોણા મારી માનસીક ત્રાસ આપી તથા તેણીના પતિ તેણીની ઉપર શક–વહેમ કરી તેણીને એકલી ઘરની બહાર જવા દેતા ન હતા અને આરોપીઓએ એકબીજાને મદદગારીથી દુષ્પ્રેરણ કરેલ હોય જેથી મરણજનાર જૈનબ W/O હોજેફા ઝાકીરભાઈ વોરાએ તા. ૨૨/૧૨/૨૦૧૩ના રોજ પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી મરણ ગયેલ અને તે રીતે **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુના કરેલા છે, તે હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**૫૩)** ઉપરોકત મુદ્દાઓમાં ચર્ચા કરી તેને ધ્યાનમાં લેતાં ફરિયાદ પક્ષ આરોપીઓ વિરુદ્ધ આંક–૬ ના તહોમતનામામાં જણાવ્યા મુજબના **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના ગુનાઓ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નંબર–૨ નો નિર્ણય "**નકારાત્મક**" ઠરાવવામાં આવે છે અને મુદ્દા નંબર–૩ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

**૧)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે **આરોપી નં. (૧) હોજેફા ઝાકીરભાઈ વોરા,** ઉં. ૩૧ વર્ષ, ધંધોઃ નોકરી, રહેવાસીઃ ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદર મીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત.તથા **આરોપી નં.(૨) શકીનાબેન તે ઝાકીરભાઈ વોરાની પત્ની,** ઉં. ૫૫ વર્ષ, ધંધોઃ ઘરકામ, રહેવાસીઃ ઘર નં.૧૦૪, બદર પેલેસ, બદર મીંયા સ્ટ્રીટ, રેશમવાડ, સલાબતપુરા, સુરત. તથા **આરોપી નં.(૩) બતુલ તે સૈફુદ્દીન કાસીદની પત્ની,**ઉં. ૨૭ વર્ષ, ધંધોઃ ઘરકામ, રહેવાસીઃ ઘર નં.૭, પ્લોટ નં.૫૩, દાઉદનગર, ઉધના, સુરત. સુરતનાને [સલાબતપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજિ.નં. ૨૩૯/૨૦૧૩] **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૬ સાથે વાંચતા કલમ–૧૧૪** મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પૂરતા અને સંતોષકારક પુરાવાઓના અભાવે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** આ કામના આરોપીઓએ રજૂ કરેલા જામીન તથા જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩)** આ કામના પ્રત્યેક આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે, તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના **રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)** ના

જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

**૪)** સદર કામે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ અને કબજે કરવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય પૂરો થયા બાદ, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૫૨ મુજબ તેનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ તારીખઃ **૦૬**[મી] માહે **જુન** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૦૬/૦૬/૨૦૨૬**
સ્થળઃ સુરત.

**(વિનોદ વી.પરમાર)**
અધિક સત્ર ન્યાયાધીશ,
સુરત
(Unique I.D.Code No.GJ01514)

TMP